

નિર્માણ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે.સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**

સમગ્ર શિક્ષા,

સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક

સંશોધન અને તાલીમ પરિષદ

ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા

પાઠ્યપુસ્તક મંડળ

ગાંધીનગર

# ગણિત

## ધોરણ-૪

# સ્વઅધ્યયનપોથી

(લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)




**વિદ્યાર્થીનું નામ** ______________________

**શાળાનું નામ** ______________________

## ખાલી ખાનામાં ખૂટતા અંકો ભરો :

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ÷ | | = | ૩ | × | | = | ૬ |
| × | | + | | × | | × | | × |
| ૨ | + | | = | | − | | = | |
| = | | = | | = | | = | | = |
| | − | ૧૨ | = | | + | | = | ૩૦ |
| − | | − | | − | | ÷ | | + |
| ૧૬ | − | | = | | − | | = | |
| = | | = | | = | | = | | = |
| | − | | = | ૧૩ | × | | = | ૩૯ |

# ઑનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

સમગ્ર શિક્ષા વેબસાઈટ : **ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N www.vande.gujarat.gov.in VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA https://diksha.gov.in/

YouTube Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

# ગણિત

## ધોરણ ૪

## સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ**
**ગાંધીનગર**

મુદ્રણ

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**ગાંધીનગર**

## માર્ગદર્શન
શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)
શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)
શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, જીસીઇઆરટી)
શ્રી અશોકભાઈ ચૌધરી
(રીડર - જીસીઇઆરટી)

## નિર્માણ-સંયોજન
ડૉ. અખિલ ડી. ઠાકર
શ્રી નરેન્દ્ર એન. રાવલ
ડૉ. ભાર્ગવ ઠક્કર

## કન્વીનર
ડૉ. વિજયભાઈ પટેલ

## સહ-કન્વીનર
ડૉ. કોમલ વ્યાસ

## સંપાદન-સંકલન
અનિલભાઈ ઉપાધ્યાય
શ્રી સુચિતકુમાર પ્રજાપતિ
ધર્મેશ રામાનુજ

## લેખન
શ્રી દિનેશકુમાર આર. પટેલ
શ્રી નરેશકુમાર સી. પટેલ
શ્રી સુકેતુભાઈ જયેશકુમાર યાજ્ઞિક
શ્રી સંજયકુમાર બળદેવભાઈ પટેલ
શ્રી ચાર્મીબહેન મોહિતભાઈ સંઘવી
શ્રી યોગેશકુમાર દશરથલાલ પટેલ
શ્રી ભરતકુમાર ભેમાભાઈ પ્રજાપતિ
શ્રી હિતેશકુમાર અમૃતલાલ પ્રજાપતિ
શ્રી મનહરકુમાર જયંતિલાલ સોલંકી
શ્રી હરેશભાઈ મગનલાલ અંદરપા
શ્રી નટવરસિંહ ડી. પરમાર

## સમીક્ષા
શ્રી ધારિણી મજમુદાર
શ્રી ચંદ્રકલાબહેન જખમોલા
શ્રી દીપમાલાબહેન રાવલ
શ્રી તેજસભાઈ રાવલ
શ્રી જીનલબહેન પટેલ
શ્રી મનિષાબહેન મોઢપટેલ
શ્રી નરેન્દ્ર એ. પેટલ
શ્રી અતુલ એ. પેટલ
શ્રી વિપુલ એ. પેટલ
શ્રી કેતનકુમાર ડી. પ્રજાપતિ
શ્રી ગોવિંદભાઈ એચ. પટેલ
શ્રી અતુલકુમાર એન. પંચાલ
શ્રી કલ્પેશ પટેલ

## મુદ્રણ-આયોજન
શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)

# પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, છેલ્લાં બે વર્ષોમાં આપના શાળા શિક્ષણમાં તૂટક-તૂટક અંતરાય ઊભો થયેલો અને ક્યારેક વર્ગશિક્ષણ મેળવવામાં થોડી મુશ્કેલી ઊભી થયેલી અનુભવી હશે. જો કે, અભ્યાસક્રમની સમજ શિક્ષક સાથે અને તેના વિના પણ મેળવીને આગળના ધોરણમાં અભ્યાસ માટે સજ્જ થયા છો. આપે ડીડી ગિરનાર ચેનલ, માઇક્રોસોફ્ટ ટીમ્સ, બાઇસેગની વંદે ગુજરાત ચેનલ, ગુજરાત ઈ-કલાસ, સમગ્ર શિક્ષા યુ-ટ્યૂબ ચેનલ, દીક્ષા પ્લેટફોર્મ અને અન્ય માધ્યમથી મેળવેલા શિક્ષણને ધ્યાને લઈ આગામી નવા શૈક્ષણિક સત્રમાં આપનું શિક્ષણ ગુણવત્તાયુક્ત બની રહે તે માટે વિશેષ પ્રયાસ કરવાનું આયોજન કરેલ છે.

મોટાભાગે જે તે ધોરણના વિષયવસ્તુની સમજ મેળવતા સમયે આપે કોઈ સમસ્યા અનુભવી હોય, કોઈ સંકલ્પનાની સમજમાં અધૂરપ અનુભવી હોય, શીખ્યા બાદ પણ કેટલીક બાબતોને ભૂલી જવાય તેવું પણ જણાયું હશે. આને શીખવાની ખોટ એટલે કે ‘લર્નિંગ લૉસ’ કહેવાય છે. આ લર્નિંગ લૉસને પહોંચી વળવા માટે અહીં શરૂઆતમાં ‘ચાલો યાદ કરીએ’ અંતર્ગત અગાઉનાં વર્ષોમાં શીખેલી બાબતોનું પુનરાવર્તન કરવાની સામગ્રી આપીને આગળના **ધોરણ ૪**માં નવું શીખવા માટે સજ્જ કરવાનો પ્રયાસ કરાયો છે.

ગણિત એ મુખ્યત્વે વ્યવહારમાં ઉતારવાનો વિષય એટલે કે રોજિંદા જીવનમાં ઉપયોગી બનતી બાબત છે, ગણિતના વિષય માધ્યમે વ્યવહાર સાથે કેટલીક ગાણિતિક સંકલ્પનાઓ શીખવાનું બનતું હોય છે. પ્રાથમિક બાદ માધ્યમિક શિક્ષણમાં ગણિતની બાબત ગણન ઉપરાંત વ્યવહારિક સંકલ્પના, તાર્કિક સજ્જતા, અવલોકન અને સર્જન માટે અતિ અગત્યની હોવાથી અહીં તેવી સંકલ્પનાસભર પ્રવૃત્તિઓને સમાવિષ્ટ કરેલી છે.

સ્વઅધ્યયનપોથી સાથે અપાયેલી લર્નિંગ લૉસને દૂર કરવાની આ પ્રવૃત્તિઓમાં અગાઉનાં વર્ષના અભ્યાસક્રમનાં એવાં અધ્યયન બિંદુઓને ધ્યાને લેવામાં આવ્યાં છે, જેનો આધાર **ધોરણ-૪**ના અભ્યાસક્રમ સાથે જોડાણ ધરાવતાં હોય અને ગણિતની નવી સંકલ્પનાઓ શીખવા માટે આધારરૂપ હોય. અહીં અપાયેલી તમામ પ્રવૃત્તિઓ આપને આગળના અભ્યાસક્રમની ગણિતની પ્રવૃત્તિઓ સમજવા માટે સહાયક બનશે તેવી શ્રદ્ધા છે.

અહીં અપાયેલી ગણિત વિષયની પ્રવૃત્તિઓને સમજી, રસપૂર્વક કરવાથી તેની સંકલ્પના સરળ બનશે અને **ધોરણ-૪**ના અભ્યાસક્રમની પ્રવૃત્તિઓમાં આપ શીખવાની બાબતો સારી રીતે સમજી શકશો તેવી આશા સેવું છું.

**ડૉ. પી. એ. જલુ**
નિયામક,
જીસીઇઆરટી,
ગાંધીનગર

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે : *

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ / કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું**, અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ-૪ માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું**, અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.

- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઇચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ ૪ના અભ્યાસક્રમની સંકલ્પનાઓ સમજવી સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે વર્ગમાં બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ ૪ના વિષયવસ્તુની સંકલ્પના સમજવાનું સરળ બને છે, તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઇચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથી વર્ગમાં અન્ય LO આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.

- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઈ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ ૪ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LOમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

⇛ M ૩૦૧ : ત્રણ અંકની સંખ્યા સાથે કામ કરે છે.

⇛ M ૩૦૯ : કેલેન્ડર પર ચોક્કસ દિવસ અને તારીખ બતાવે છે.

⇛ M ૩૦૯.૧ : માહિતીને સમજે છે અને તેનું અર્થઘટન કરે છે.

⇛ M ૩૧૦ : ઘડિયાળનો ઉપયોગ કરી ચોક્કસ સમય કલાકમાં જણાવે છે.

⇛ M ૩૧૦.૧ : સમયરેખા મુજબ માહિતીને ગોઠવે છે.

⇛ M ૩૧૩ : રોજિંદા જીવનની પરિસ્થિતિમાં ૨, ૩,૪,૫ અને ૧૦ના ગુણાકારનાં તથ્યો(ઘડિયા)નું નિર્માણ કરે છે અને ઉપયોગ કરે છે.

⇛ M ૩૧૩.૧ : સમાન જૂથ કે સમાન વહેંચણી દ્વારા પુનરાવર્તિત સરવાળાને ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે.

⇛ M ૩૧૩.૨ : બે સંખ્યાઓના ગુણાકાર કરે છે.

⇛ M ૩૧૩.૩ : કોઈ સંખ્યાને બે સંખ્યાઓના ગુણાકાર સ્વરૂપે દર્શાવે છે.

⇛ M ૩૧૩.૪ : ગુણાકારનાં તથ્યો(ઘડિયા)ના આધારે રોજિંદા જીવનની સમસ્યાને ઉકેલે છે.

⇛ M ૩૧૩.૫ : ગુણાકાર આધારિત પેટર્ન પૂર્ણ કરે છે.

⇛ M ૩૧૪ : ભાગાકારનાં તથ્યો સમાન જૂથ, સમાન વહેંચણી અને પુનરાવર્તિત બાદબાકીના સંદર્ભમાં સમજે છે.

⇛ M ૩૧૪.૧ : મૂર્ત વસ્તુઓની સમાન વહેંચણી અને સમાન જૂથ દ્વારા ભાગાકાર કરે છે.

⇛ M ૩૧૪.૨ : પુનરાવર્તિત બાદબાકી દ્વારા ભાગાકાર કરે છે.

⇛ M ૩૧૪.૩ : વ્યાવહારિક કોયડાઓના ઉકેલ માટે ભાગાકારનો ઉપયોગ કરે છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ● | ચાલો યાદ કરીએ | ૦૧ |
| પ્રકરણ - ૧ | ઈંટોની ઇમારત | ૩૩ |
| પ્રકરણ - ૨ | લાંબું અને ટૂંકું | ૪૫ |
| પ્રકરણ - ૩ | ભોપાલનો પ્રવાસ | ૫૩ |
| પ્રકરણ - ૪ | ટીક - ટીક - ટીક | ૬૦ |
| પ્રકરણ - ૫ | દુનિયા જોવાનો રસ્તો | ૭૨ |
| પ્રકરણ - ૬ | ભંગાર વેચનાર | ૮૨ |
| પ્રકરણ - ૭ | જગ અને મગ | ૯૪ |
| પ્રકરણ - ૮ | ગાડું અને પૈડાં | ૧૦૩ |
| પ્રકરણ - ૯ | અડધું અને પા | ૧૧૩ |
| પ્રકરણ - ૧૦ | પેટર્નની રમત | ૧૨૦ |
| પ્રકરણ - ૧૧ | ઘડિયા અને ભાગાકાર | ૧૩૩ |
| પ્રકરણ - ૧૨ | કેટલું ભારે ? કેટલું હલકું ? | ૧૪૮ |
| પ્રકરણ - ૧૩ | ખેતર અને તેની ફરતે વાડ | ૧૫૯ |
| પ્રકરણ - ૧૪ | સ્માર્ટ ચાર્ટ | ૧૬૬ |

# ચાલો યાદ કરીએ

**અધ્યયન નિષ્પત્તિ :**

⇛ M ૩૦૧ : ત્રણ અંકની સંખ્યા સાથે કામ કરે છે.

⇛ M ૩૦૧.૧: સ્થાનકિંમતનો ઉપયોગ કરીને ૯૯૯ સુધીની સંખ્યાઓ વાંચે છે અને લખે છે.

**સમજ :**

⇛ સંખ્યા : ૧૧૧



૧૦૦ ૧૦ ૧

૧ → સો, ૧ → દશક, ૧ → એકમ

| સો | દશક | એકમ |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| એક-સો | અગિયાર | |

વંચાય: એકસો અગિયાર

⇛ સંખ્યા : ૨૩૬

૨ → સો, ૩ → દશક, ૬ → એકમ

| સો | દશક | એકમ |
|---|---|---|
| ૨ | ૩ | ૬ |
| બે સો | છત્રીસ | |

વંચાય: બસો છત્રીસ

⇛ સંખ્યા : ૮૦૫

૮ → સો, ૦ → દશક, ૫ → એકમ

| સો | દશક | એકમ |
|---|---|---|
| ૮ | ૦ | ૫ |
| આઠ સો | પાંચ | |

વંચાય: આઠસો પાંચ

**મહાવરો :**

(૧) સંખ્યા : ૪૦૫

| ૪ | ૦ | ૫ |
|---|---|---|
| સો | દશક | એકમ |

| સો | દશક | એકમ |
|---|---|---|
| | | |
| | | |

વંચાય

(૨) સંખ્યા : ૭૫૬

| ૭ | ૫ | ૬ |
|---|---|---|
| સો | દશક | એકમ |

| સો | દશક | એકમ |
|---|---|---|
| | | |
| | | |

વંચાય

(૩) સંખ્યા : ૮૯૩

| ૮ | ૯ | ૩ |
|---|---|---|
| સો | દશક | એકમ |

| સો | દશક | એકમ |
|---|---|---|
| | | |
| | | |

વંચાય

(૪) સંખ્યા : ૩૨૭

| ૩ | ૨ | ૭ |
|---|---|---|
| સો | દશક | એકમ |

| સો | દશક | એકમ |
|---|---|---|
| | | |
| | | |

વંચાય

(૫) સંખ્યા : ૯૬૦

| ૯ | ૬ | ૦ |
|---|---|---|
| સો | દશક | એકમ |

| સો | દશક | એકમ |
|---|---|---|
| | | |
| | | |

વંચાય

## ● સ્થાનકિંમતના આધારે સંખ્યાનો વિસ્તાર કરો.

⇛ સંખ્યા : ૫૫૪



| સો | દશક | એકમ |
|---|---|---|
| ૫ | ૫ | ૪ |

૫૫૪ = ૫૦૦ + ૫૦ + ૪

⇛ સંખ્યા : ૭૦૬



| સો | દશક | એકમ |
|---|---|---|
| ૭ | ૦ | ૬ |

૭૦૬ = ૭૦૦ + ૦૦ + ૬

⇛ સંખ્યા : ૮૩૦

(૧)



| સો | દશક | એકમ |
|---|---|---|
| ૮ | ૩ | ૦ |

૮૩૦ = ૮૦૦ + ૩૦ + ૦

**મહાવરો :**

| | |
|---|---|
| ૫૫૧ = ૫૦૦ + ૫૦ + ૧ | ૯૦૦ + ૮૦ + ૫ = ૯૮૫ |
| ૬૩૨ = .......... + .......... + .......... | ૮૦૦ + ૬૦ + ૪ = |
| ૭૪૧ = .......... + .......... + .......... | ૩૦૦ + ૬૦ + ૦ = |
| ૩૦૮ = .......... + .......... + .......... | ૨૦૦ + ૯૦ + ૫ = |
| ૪૯૯ = .......... + .......... + .......... | ૭૦૦ + ૦૦ + ૧ = |

● નીચેની સંખ્યાને અંકમાં લખો.

| | |
|---|---|
| ઓગણત્રીસ | ૨૯ |
| અઠ્ઠાણું | |
| બસો | |
| બસો નેવું | |
| છસો | |
| નવસો ઓગણીસ | |
| સાતસો સિત્યાશી | |
| આઠસો બે | |
| પાંચસો આઠ | |
| ત્રણસો તેત્રીસ | |
| સાતસો પાંસઠ | |
| ત્રણસો ચાળીસ | |
| નવસો નવ | |
| સત્તાણું | |
| પાંચસો ત્રીસ | |

| | |
|---|---|
| છસો પંચાણું | |
| ચારસો ઓગણસિત્તેર | |
| આઠસો સિત્તેર | |
| એકસો છ | |
| એકસો નવ્વાણું | |
| પાંચસો અડસઠ | |
| ચારસો છોત્તેર | |
| એકસો ત્રેવીસ | |
| બસો પાંત્રીસ | |
| આઠસો | |
| બસો તેર | |
| પાંચસો ઓગણસાઠ | |
| નવસો નેવ્યાશી | |
| આઠસો પંચાવન | |
| છસો ત્રેસઠ | |

● નીચેની સંખ્યાઓને શબ્દોમાં લખો :

| | |
|---|---|
| ૩૯ | |
| ૭૪ | |
| ૩૦૮ | |
| ૨૮૯ | |
| ૯૦૯ | |
| ૨૬૬ | |
| ૭૧૯ | |
| ૮૩૬ | |
| ૯૬૭ | |
| ૫૦૩ | |
| ૮૨૧ | |
| ૭૮૯ | |
| ૧૯૬ | |
| ૪૯૯ | |
| ૨૦૯ | |

| | |
|---|---|
| ૨૦૦ | |
| ૨૭૫ | |
| ૭૭૦ | |
| ૬૮૯ | |
| ૯૯૯ | |
| ૪૭૯ | |
| ૩૮૦ | |
| ૫૫૦ | |
| ૩૦૦ | |
| ૬૩૩ | |
| ૩૫૪ | |
| ૬૯૩ | |
| ૮૮૮ | |
| ૪૨૯ | |
| ૫૫૫ | |

## ● જુઓ અને સમજો.

⇛ સંખ્યા : ૬૩




| સ્થાનકિંમત | | |
|---|---|---|
| અંક સ્થાન | દશક | એકમ |
| સ્થાનમાં રહેલ અંક | ૬ | ૩ |
| સ્થાનકિંમત | ૬૦ | ૩ |

શબ્દોમાં: ______

⇛ સંખ્યા ૬૩માં ૩ એકમના સ્થાને છે જેથી તેની સ્થાનકિંમત ૩ છે. જ્યારે ૬ દશકના સ્થાને છે. એટલે કે ૬ દશ થાય. જેથી તેની સ્થાનકિંમત ૬૦ થાય.

⇛ સંખ્યા : ૪૨૩




| સ્થાનકિંમત | | | |
|---|---|---|---|
| અંક સ્થાન | સો | દશક | એકમ |
| સ્થાનમાં રહેલ અંક | ૪ | ૨ | ૩ |
| સ્થાનકિંમત | ૪૦૦ | ૨૦ | ૩ |

શબ્દોમાં: ચારસો તેવીસ

⇛ સંખ્યા ૪૨૩માં ૩ એકમના સ્થાને હોવાથી તેની સ્થાનકિંમત ૩ થાય. જ્યારે ૨ દશકના સ્થાને છે. તેથી તેની સ્થાનકિંમત ૨૦ થાય અને ૪ સોના સ્થાનમાં છે. એટલે તેની સ્થાનકિંમત ૪૦૦ થાય.

**મહાવરો :**

(૧) સંખ્યા : ૫૪




| સ્થાનકિંમત | | |
|---|---|---|
| અંક સ્થાન | દશક | એકમ |
| સ્થાનમાં રહેલ અંક | | |
| સ્થાનકિંમત | | |

શબ્દોમાં: ______

(૨) સંખ્યા : ૮૫




| સ્થાનકિંમત | | |
|---|---|---|
| અંક સ્થાન | દશક | એકમ |
| સ્થાનમાં રહેલો અંક | | |
| સ્થાનકિંમત | | |

શબ્દોમાં: ______

(૩) સંખ્યા : ૫૬૧




સ્થાનકિંમત

| અંક સ્થાન | સો | દશક | એકમ |
|---|---|---|---|
| સ્થાનમાં રહેલો અંક | | | |
| સ્થાનકિંમત | | | |

શબ્દોમાં

(૪) સંખ્યા : ૯૫૭




સ્થાનકિંમત

| અંક સ્થાન | સો | દશક | એકમ |
|---|---|---|---|
| સ્થાનમાં રહેલો અંક | | | |
| સ્થાનકિંમત | | | |

શબ્દોમાં

(૫) સંખ્યા : ૪૮૨




સ્થાનકિંમત

| અંક સ્થાન | સો | દશક | એકમ |
|---|---|---|---|
| સ્થાનમાં રહેલો અંક | | | |
| સ્થાનકિંમત | | | |

શબ્દોમાં

- **નીચે ☐ માં જે તે અંકની સ્થાનકિંમત લખો.**

⇛ સમજ : સંખ્યા : ૫૨૯

૫૦૦ ← ૫૨૯ → ૯

↓

૨૦

**મહાવરો :**

(૧) સંખ્યા : ૯૨૮

☐ ← ૯૨૮ → ☐

↓

☐

(૨) સંખ્યા : ૪૦૬

☐ ← ૪૦૬ → ☐

↓

☐

(૩) સંખ્યા : ૫૪૬

☐ ← ૫૪૬ → ☐

↓

☐

(૪) સંખ્યા : ૬૬૬

☐ ← ૬૬૬ → ☐
↓
☐

(૫) સંખ્યા : ૮૯૫

☐ ← ૮૯૫ → ☐
↓
☐

(૬) સંખ્યા : ૭૩૨

☐ ← ૭૩૨ → ☐
↓
☐

(૭) સંખ્યા : ૮૯૦

☐ ← ૮૯૦ → ☐
↓
☐

(૮) સંખ્યા : ૭૭૦

☐ ← ૭૭૦ → ☐
↓
☐

(૯) સંખ્યા : ૯૦૩

☐ ← ૯૦૩ → ☐
↓
☐

⇛ **તરત પહેલાંની અને તરત પછીની સંખ્યા લખો :**

(૧) .........., ૨૨૮, ..........
(૨) .........., ૩૪૦, ..........
(૩) .........., ૯૯૧, ..........
(૪) .........., ૭૦૦, ..........
(૫) .........., ૫૫૨, ..........
(૬) .........., ૪૯૨, ..........
(૭) .........., ૮૮૮, ..........
(૮) .........., ૭૭૭, ..........
(૯) .........., ૬૬૯, ..........
(૧૦) .........., ૫૭૯, ..........

⇛ **વચ્ચેની સંખ્યા લખો :**

(૧) ૩૩૯, .........., ૩૪૧
(૨) ૫૬૦, .........., ૫૬૨
(૩) ૭૭૯, .........., ૭૮૧
(૪) ૯૯૭, .........., ૯૯૯
(૫) ૨૨૧, .........., ૨૨૩
(૬) ૫૭૦, .........., ૫૭૨
(૭) ૮૮૮, .........., ૮૯૦
(૮) ૪૬૩, .........., ૪૬૫
(૯) ૨૮૯, .........., ૨૯૧
(૧૦) ૧૧૦, .........., ૧૧૨

⇛ **મોટી સંખ્યા અને નાની સંખ્યાની સમજ**

(૧) ૨૧૮ અને ૨૧૫માં નાની-મોટી સંખ્યા નક્કી કરીએ.

| | |
|---|---|
| ૨૧૮માં ૨ સો = ૨૦૦ | ૨૧૫માં ૨ સો = ૨૦૦ |
| ૧ દશક = ૧૦ | ૧ દશક = ૧૦ |
| ૮ એકમ = ૮ | ૫ એકમ = ૫ |

⇛ સો અને દશકના સ્થાનમાં રહેલ અંકો સરખા છે. જ્યારે એકમના અંક જુદા-જુદા છે અને ૮ એ ૫ કરતાં મોટી સંખ્યા છે. તેથી ૨૧૮ એ ૨૧૫ કરતાં મોટી સંખ્યા છે અને ૨૧૫ એ ૨૧૮ કરતાં નાની સંખ્યા છે.

(૨) ૨૫૬, ૨૫૮ અને ૨૬૧માં સૌથી મોટી અને સૌથી નાની સંખ્યા નક્કી કરીએ.

| ૨૫૬માં | ૨૫૮માં | ૨૬૧માં |
|---|---|---|
| ૨ સો = ૨૦૦ | ૨ સો = ૨૦૦ | ૨ સો = ૨૦૦ |
| ૫ દશક = ૫૦ | ૫ દશક = ૫૦ | ૬ દશક = ૬૦ |
| ૬ એકમ = ૬ | ૮ એકમ = ૮ | ૧ એકમ = ૧ |

● **યાદ રાખો :** ત્રણ અંકની સંખ્યાઓ માટે...

⇛ સોનું સ્થાન અને દશકનું સ્થાન સરખું હોય તો એકમના સ્થાનના આધારે સંખ્યા નાની છે કે મોટી એ નક્કી થશે.

⇛ સોનું સ્થાન સરખું હોય પણ દશક અને એકમનું સ્થાન સરખું ના હોય તો દશકના સ્થાનના આધારે નાની સંખ્યા કે મોટી સંખ્યા નક્કી થશે.

⇛ સોનું સ્થાન સરખું ના હોય તો સોના સ્થાનથી જ નાની સંખ્યા કે મોટી સંખ્યા નક્કી થશે.

⇛ આમ, આપેલી ત્રણ સંખ્યામાં સૌથી મોટી સંખ્યા : ૨૬૧ છે અને સૌથી નાની સંખ્યા : ૨૫૬ છે.

**મહાવરો :**

⇛ **મોટી સંખ્યા ઉપર ☐ કરો.**

(૧) ૨૩૦, ૨૩૫ (૨) ૬૧૪, ૬૮૪
(૩) ૯૪૫, ૯૯૦ (૪) ૫૩૦, ૮૯૦
(૫) ૭૮૨, ૪૩૨ (૬) ૪૪૫, ૨૦૧

⇛ **સૌથી મોટી સંખ્યા ઉપર ☐ અને સૌથી નાની સંખ્યા ઉપર ◯ કરો.**

(૧) ૫૧૬, ૫૨૯, ૫૯૯ (૨) ૨૩૫, ૧૮૦, ૭૨૮
(૩) ૯૦૦, ૯૦, ૯૯ (૪) ૨૬૯, ૨૩૯, ૩૩૯
(૫) ૧૫૬, ૧૭૮, ૧૬૮ (૬) ૧૯૮, ૭૪૯, ૬૪૩
(૭) ૯૦૩, ૯૩૦, ૯૧૯ (૮) ૫૪૩, ૭૩૪, ૭૪૩
(૯) ૬૬૪, ૬૪૬, ૬૮૭ (૧૦) ૧૨૫, ૧૧૫, ૧૫૨

● **સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવવી :**

⇛ **સમજ :** સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવતી વખતે સૌથી પહેલાં સૌથી નાની સંખ્યા અને પછી તેનાથી મોટી સંખ્યા આવે. તે રીતે આપેલી સંખ્યાઓને ક્રમશઃ ગોઠવવી.

દા.ત. ૬૦૧, ૮૮૫, ૮૫૮, ૯૨૫, ૯૫૨

ચડતા ક્રમમાં ગોઠવતાં,

૬૦૧, ૮૫૮, ૮૮૫, ૯૨૫, ૯૫૨ થાય.

● **આપેલી સંખ્યાઓને ચડતા ક્રમમાં ગોઠવો :**

| સંખ્યાઓ | ચડતા ક્રમમાં ગોઠવેલી સંખ્યાઓ |
|---|---|
| ૫૦૧, ૫૦૪, ૫૦૩, ૫૦૨, ૫૦૫ | |
| ૬૯૯, ૬૯૮, ૭૦૦, ૭૦૨, ૭૦૧ | |
| ૨૩૧, ૩૩૧, ૧૩૧, ૫૩૧, ૪૩૧ | |
| ૧૬૯, ૨૭૯, ૫૮૯, ૬૫૯, ૩૪૯ | |
| ૫૫૨, ૪૨૫, ૬૬૩, ૭૩૬, ૯૨૯ | |

● **સંખ્યાઓને ઊતરતા ક્રમમાં ગોઠવવી :**

⇛ **સમજ :** સંખ્યાઓને ઊતરતા ક્રમમાં ગોઠવતી વખતે સૌથી પહેલાં સૌથી મોટી સંખ્યા પછી તેનાથી નાની અને સૌથી છેલ્લે સૌથી નાની સંખ્યા આવે. તે રીતે આપેલી સંખ્યાઓને ક્રમશઃ ગોઠવવી.

દા.ત. ૮૮૫, ૫૧૨, ૬૦૦, ૯૮૫, ૭૫૫ને ઊતરતા ક્રમમાં ગોઠવતાં,

૯૮૫, ૮૮૫, ૭૫૫, ૬૦૦, ૫૧૨ થાય.

● **આપેલી સંખ્યાઓને ઊતરતા ક્રમમાં ગોઠવો :**

| સંખ્યાઓ | ઊતરતા ક્રમમાં ગોઠવેલી સંખ્યાઓ |
|---|---|
| ૨૦૦, ૪૦૦, ૩૦૦, ૫૦૦, ૬૦૦ | |
| ૧૧૯, ૧૩૯, ૧૬૯, ૧૬૫, ૧૩૦ | |
| ૪૩૯, ૪૦૪, ૪૪૬, ૪૮૬, ૪૨૨ | |
| ૫૬૭, ૬૭૮, ૭૮૯, ૫૪૩, ૮૫૨ | |
| ૮૦૯, ૮૯૦, ૯૮૦, ૭૦૮, ૯૯૪ | |

⇛ **પેટર્ન પૂર્ણ કરો :**

(૧) ૨૧૧, ૨૧૨, ૨૧૩, .........., .........., ..........

(૨) ૨૦૧, ૨૦૩, ૨૦૫, .........., .........., ..........

(૩) ૬૦૦, .........., ૬૦૨, .........., ૬૦૪, ..........

(૪) ૩૦૦, ૩૦૫, ૩૧૦, .........., .........., ..........

(૫) ૫૧૭, ૫૧૯, ૫૨૧, .........., .........., ..........

(૬) ૨૫૧, ૨૫૦, ૨૪૯ .........., .........., ..........

(૭) ૩૨૧, ૩૧૯, .........., .........., ૩૧૩, ..........

(૮) ૫૦૦, .........., .........., ૪૯૭, .........., ..........

(૯) .........., .........., .........., ૮૦૩, ૮૦૨, ૮૦૧

(૧૦) .........., ૭૫૬ .........., ૭૫૪, .........., ..........

**અધ્યયન નિષ્પત્તિ :**

⇛ M ૩૦૧.૭ : ૯૯૯થી વધે નહિ તેવા વદી વગરના તથા વદીવાળા સરવાળા કરે છે.

**ઉદાહરણ :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૨ | ૩ | ૫ |
| + | ૧ | ૪ | ૨ |
| | ૩ | ૭ | ૭ |

- અહીં એકમના અંકનો સરવાળો એકમના અંક સાથે, દશકના અંકનો સરવાળો દશકના અંક સાથે અને સોના અંકનો સરવાળો સોના અંક સાથે કરીશું.
- સૌ પ્રથમ એકમના સ્થાનમાં રહેલ અંક ૫ અને ૨નો સરવાળો કરીશું. ૫ + ૨ = ૭ એકમના સ્થાનના જવાબમાં ૭ લખીશું.
- ત્યારબાદ દશકના સ્થાનમાં રહેલ અંક ૩ અને ૪નો સરવાળો કરીશું ૩ + ૪ = ૭ દશકના સ્થાનના જવાબમાં ૭ લખીશું.
- ત્યાર બાદ સોના સ્થાનમાં રહેલ સંખ્યા ૨ + ૧ = ૩ લખીશું.

**મહાવરા :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૩ | ૮ | ૪ |
| + | ૪ | ૧ | ૫ |
| | | | |

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૫ | ૪ | ૪ |
| + | ૨ | ૫ | ૩ |
| | | | |

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૯ | ૨ | ૭ |
| + | | ૭ | ૧ |
| | | | |

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૮ | ૭ |
| + | ૨ | ૦ | ૧ |
| | | | |

● **સરવાળો કરો :**

(૧)
```
  ૩ ૪ ૫
+ ૬ ૩ ૨
-------
```

(૨)
```
  ૬ ૪ ૨
+ ૨ ૫ ૭
-------
```

(૩)
```
  ૫ ૪ ૬
+ ૨ ૫ ૩
-------
```

(૪)
```
  ૧ ૯ ૮
+ ૬ ૦ ૧
-------
```

(૫)
```
  ૪ ૪ ૧
+   ૪ ૬
-------
```

(૬)
```
  ૭ ૪ ૦
+ ૧ ૨ ૮
-------
```

● **ત્રણ અંકના વદીવાળા સરવાળા :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૧ | ૧ | |
| | ૨ | ૩ | ૫ |
| + | ૩ | ૯ | ૬ |
| | ૬ | ૩ | ૧ |

- અહીં આપણે સરવાળા કરવા માટે એકમના અંકથી શરૂઆત કરીશું. જેમાં સૌપ્રથમ એકમના સ્થાનમાં રહેલ અંક ૫ અને ૬નો સરવાળો કરીશું.
- જેમાં ૫ + ૬ = ૧૧. અહીં એકમનો સરવાળો ૧૧ આવે છે. એટલે ૧૧ = ૧૦ + ૧ એટલે ૧ દસ અને ૧ એકમ.
- આથી એકમના સ્થાનમાં ૧ આવે અને ૧ દસ એટલે દશકના સ્થાનમાં વદી તરીકે ૧ આવે.
- હવે દશકના સ્થાનમાં ત્રણ સંખ્યાઓનો સરવાળો થશે. દશકના સ્થાનમાં વદી ૧ અને ૩ અને ૯. આ ત્રણ સંખ્યાનો સરવાળો કરતાં જવાબ ૧૩ મળે.
- અહીં ૧૩ = ૧૦ + ૩ તેથી દશકના સ્થાનમાં ૩ અને ૧૦ દશક એટલે સોના સ્થાનમાં વદી તરીકે ૧ આવશે.
- આ રીતે સોના સ્થાનમાં ત્રણ સંખ્યાઓનો સરવાળો થશે. વદી તરીકે ૧ અને સંખ્યા ૨ અને ૩નો સરવાળો ૧ + ૨ + ૩ = ૬ થાય.

  આમ સોના સ્થાનમાં ૬ આવશે.
- આમ જવાબ ૬૩૧ થશે.

**મહાવરો :**

(૧)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૭ | ૮ | ૭ |
| + | ૨ | ૦ | ૬ |
| | | | |

(૨)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૦ | ૫ |
| + | ૨ | ૮ | ૭ |
| | | | |

(૩)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૫ | ૫ | ૫ |
| + | ૧ | ૮ | ૬ |
| | | | |

(૪)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૩ | ૮ | ૬ |
| + | ૫ | ૨ | ૯ |
| | | | |

(૫)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૪ | ૭ | ૪ |
| + | ૫ | ૧ | ૮ |
| | | | |

(૬)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૭ | ૦ | ૯ |
| + | ૨ | ૦ | ૯ |
| | | | |

(૭)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૩ | ૮ |
| + | ૨ | ૩ | ૬ |
| | | | |

(૮)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૫ | ૯ | ૪ |
| + | ૩ | ૩ | ૮ |
| | | | |

(૯)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૩ | ૫ | ૯ |
| + | ૫ | ૫ | ૭ |
| | | | |

(૧૦)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૪ | ૫ | ૫ |
| + | ૩ | ૧ | ૬ |
| | | | |

(૧૧)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૪ | ૫ | ૭ |
| + | ૩ | ૯ | ૮ |
| | | | |

(૧૨)

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૭ | ૫ | ૬ |
| + | ૧ | ૪ | ૪ |
| | | | |

## ● કોયડા ઉકેલ :

**ઉદાહરણ :**

સવિતા પાસે ૧૦૯ લખોટીઓ છે અને કવિતા પાસે ૧૨૩ લખોટીઓ છે. તો બંને પાસે થઈને કુલ કેટલી લખોટીઓ થાય ?

**સમજ :** અહીં સવિતા પાસે ૧૦૯ લખોટીઓ છે.

કવિતા પાસે ૧૨૩ લખોટીઓ છે.

બંને પાસે થઈને કુલ કેટલી લખોટીઓ છે તે શોધવા માટે આપણે આપેલી સંખ્યાઓનો સરવાળો કરવો પડશે.

```
   ૧
  ૧ ૦ ૯   સવિતા પાસે લખોટીઓ છે.
+ ૧ ૨ ૩   કવિતા પાસે લખોટીઓ છે.
  ─────
  ૨ ૩ ૨   કુલ લખોટીઓ થાય.
```

**મહાવરો :** (જવાબ નોટબુકમાં લખવા)

(૧) મારિયા પાસે ૨૨૫ રૂપિયા છે અને યોગિતા તેને ૩૩૬ રૂપિયા આપે તો મારિયા પાસે કુલ કેટલા રૂપિયા થશે ?

(૨) જમશેદના ખાતામાં ૪૮૫ રૂપિયા છે અને તે ૨૫૦ રૂપિયા ખાતામાં જમા કરાવે છે, તો તેના ખાતામાં કુલ કેટલા રૂપિયા થશે ?

(૩) કોહલીએ એક મૅચમાં ૧૪૬ રન કર્યા અને ધોનીએ ૧૨૫ રન કર્યા. તો બંનેએ મળીને કુલ કેટલા રન કર્યા ?

(૪) મોહને ૫૫૦ ગ્રામ બટાકા અને ૨૫૦ ગ્રામ ડુંગળી ખરીદી, તો ખરીદેલ શાકભાજીનું કુલ વજન કેટલું થાય ?

⇛ M ૩૦૧.૮ : દશકા વગરની અને દશકાવાળી બાદબાકી કરે છે.

⇛ M ૩૦૧.૯ : જવાબ ૯૯૯થી વધતો ન હોય તેવી ત્રણ અંકની સંખ્યાઓના રોજિંદા જીવનને સ્પર્શના સરવાળા-બાદબાકીના કોયડા ઉકેલે છે.

## ● ત્રણ અંકની સંખ્યાઓની દશકા વગરની બાદબાકી :

વિદ્યાર્થીમિત્રો, અગાઉ આપણે એક અંકની સંખ્યાની એક અંકની સંખ્યા સાથેની બાદબાકી તેમજ બે અંકની સંખ્યાની દશકા વગરની બાદબાકી શીખી ગયા છીએ. હવે અહીં આપણે ત્રણ અંકની સંખ્યાઓની દશકા વગરની બાદબાકી કરીશું.

**ઉદાહરણ :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૭ | ૬ |
| − | ૫ | ૪ | ૨ |
| | ૧ | ૩ | ૪ |

- અહીં એકમના સ્થાનમાં ૬ એકમમાંથી ૨ એકમ બાદ કરતાં ૪ એકમ મળે.
- દશકના સ્થાનમાં ૭ દશકમાંથી ૪ દશક બાદ કરતાં ૩ દશક મળે.
- સોના સ્થાનમાં ૬ સોમાંથી ૫ સો બાદ કરતા ૧ સો મળે.
- આમ ૬૭૬માંથી ૫૪૨ બાદ કરતાં ૧૩૪ જવાબ મળે.

## ● બાદબાકી :

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૪ | ૬ |
| − | ૩ | ૨ | ૪ |
| | | | |

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૮ | ૧ | ૯ |
| − | ૪ | ૧ | ૮ |
| | | | |

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૭ | ૫ | ૭ |
| − | ૬ | ૩ | ૧ |
| | | | |

```
  ૭ ૮ ૮
− ૪ ૫ ૬
  ─────
```

```
  ૩ ૪ ૪
− ૧ ૪ ૧
  ─────
```

```
  ૧ ૧ ૯
− ૧ ૧ ૯
  ─────
```

| | | | |
|---|---|---|---|
| | ૮ | ૪ | ૯ |
| − | ૧ | ૨ | ૩ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૯ | ૪ | ૮ |
| − | ૨ | ૦ | ૩ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૪ | ૦ | ૯ |
| − | ૩ | ૦ | ૫ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૫ | ૦ | ૫ |
| − | ૨ | ૦ | ૧ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૬ | ૭ | ૮ |
| − | ૩ | ૧ | ૨ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૯ | ૬ | ૫ |
| − | ૨ | ૩ | ૧ |
| | | | |

- **ત્રણ અંકની સંખ્યાઓની દશકાવાળી બાદબાકી/કોયડા :**

**ઉદાહરણ :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૮ | ૧૦ ૨ | ૧૧ |
| | ~~૯~~ | ~~૩~~ | ~~૧~~ |
| − | ૬ | ૪ | ૨ |
| | ૨ | ૮ | ૯ |

**સમજ :**

અહીં એકમના સ્થાન ૧માંથી ૨ બાદ નહિ થાય. તેથી દશકના સ્થાનેથી દશકો લેવાનો થશે. તે માટે ૩ દશકમાંથી ૧ દશક એકમના સ્થાને ઉમેરતાં ૧૦ + ૧ =૧૧ એકમ થશે. તેથી દશકના સ્થાનમાં ૩ દશકમાંથી ૨ દશક થશે. હવે ૧૧ એકમમાંથી ૨ એકમ બાદ કરતાં ૯ એકમ મળશે.

- હવે દશકના સ્થાનમાં ૨ દશકમાંથી ૪ દશક બાદ કરવાના. જે થશે નહિ. તેથી સોના સ્થાનમાં ૯ સોમાંથી ૧સો (૧૦ દશક) દશકના સ્થાન પર લેતાં કુલ ૧૨ દશક થશે. જ્યારે સોના સ્થાનમાં ૮ સો થશે.
- આમ, હવે દશકના સ્થાનમાં ૧૨ દશકમાંથી ૪ દશક બાદ કરતાં ૮ દશક મળે.
- હવે સોના સ્થાનમાં ૮ સોમાંથી ૬ સો બાદ કરતાં ૨ સો રહેશે.
- આમ જવાબ ૨૮૯ મળશે.
- **જુઓ અને સમજો :**

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૬ | ૯ ~~૧૦~~ | ૧૫ |
| | ~~૭~~ | ૦ | ~~૫~~ |
| − | ૧ | ૩ | ૬ |
| | ૫ | ૬ | ૯ |

- **નીચેની બાદબાકી કરો :**

| | | | |
|---|---|---|---|
| | ૪ | ૮ | ૨ |
| − | ૨ | ૧ | ૭ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૮ | ૬ | ૫ |
| − | ૪ | ૩ | ૮ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૨ | ૯ | ૪ |
| − | ૧ | ૨ | ૬ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૬ | ૨ | ૩ |
| − | ૩ | ૫ | ૭ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૫ | ૦ | ૨ |
| − | ૧ | ૧ | ૯ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૬ | ૦ | ૫ |
| − | ૨ | ૧ | ૬ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૩ | ૦ | ૦ |
| − | ૧ | ૧ | ૭ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૮ | ૯ | ૬ |
| − | | ૬ | ૮ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૯ | ૦ | ૪ |
| − | ૫ | ૬ | ૫ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૬ | ૧ | ૧ |
| − | ૩ | ૭ | ૭ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૮ | ૪ | ૦ |
| − | ૫ | ૫ | ૫ |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | ૬ | ૦ | ૦ |
| − | ૩ | ૪ | ૪ |
| | | | |

- **કોયડા ઉકેલ :**

**ઉદાહરણ :** કુલદીપ પાસે ૫૦૭ લખોટી છે. તેમાંથી દીપિકાને ૧૧૮ લખોટી રમવા આપી. તો કુલદીપ પાસે કેટલી લખોટી બાકી રહી હશે ?

**સમજ :** અહીં કુલદીપ પાસે ૫૦૭ લખોટી છે.તેમાંથી દીપિકાને ૧૧૮ લખોટી રમવા માટે આપે છે.

- કુલદીપ પોતાની લખોટી દીપિકાને આપે છે. માટે તેની પાસે રહેલી લખોટી ઓછી થાય છે. અહીં બાદ કરવાની એટલે કે બાદબાકીની પ્રક્રિયા કરવી પડશે.

- અગાઉ આપણે બાદબાકી શીખી ગયા. એ મુજબ બાદબાકી કરીશું.

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | ૪ | ૯<br>~~૧૦~~ | ૧૭ |
| | ~~૫~~ | ~~૦~~ | ~~૭~~ |
| − | ૧ | ૧ | ૮ |
| | ૩ | ૮ | ૯ |

- **નીચેના કોયડા ઉકેલો :** (જવાબ નોટબુકમાં લખવા)

(૧) એક બગીચામાં ૩૪૫ વૃક્ષો છે. તેમાં ૭૭ લીમડાનાં વૃક્ષો છે. તો બાકીનાં વૃક્ષો કેટલાં હશે ?

(૨) એક પુસ્તકાલયમાં ૪૦૫ પુસ્તકો છે. તેમાંથી ૨૭૧ પુસ્તકો વિદ્યાર્થીઓને વાંચવા આપ્યાં. તો પુસ્તકાલયમાં કેટલાં પુસ્તકો વધ્યાં ?

(૩) એક વેપારી પાસે ૬૦૩ નંગ નોટબુક હતી. તેમાંથી ૨૯૨ નંગ નોટબુક વેચાઈ ગઈ. હવે તેની પાસે કેટલા નંગ નોટબુક વધી હશે ?

(૪) એન્સીના ખાતામાં ૬૯૨ રૂપિયા હતા. તેમાંથી તેણે ૧૫૭ રૂપિયા ઉપાડ્યા. તો તેના ખાતામાં કેટલા રૂપિયા બાકી રહ્યા ?

**અધ્યયન નિષ્પત્તિ :**

M ૩૦૯ : કૅલેન્ડર પર ચોક્કસ દિવસ અને તારીખ બતાવે છે.

M ૩૧૦ : ઘડિયાળનો ઉપયોગ કરી ચોક્કસ સમય કલાકમાં જણાવે છે.

⇛ વિદ્યાર્થીમિત્રો, અગાઉના ધોરણમાં આપણે અઠવાડિયાના દિવસો, ગુજરાતી માસનાં નામ, અંગ્રેજી માસનાં નામ વિશે શીખી ગયા છીએ. હવે આપણે કૅલેન્ડર વિશેની કેટલીક બાબતોનું પુનરાવર્તન કરીએ.

- **યાદ કરીએ :**

| માસનો ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાતી માસનું નામ | કારતક | માગશર | પોષ | મહા | ફાગણ | ચૈત્ર | વૈશાખ | જેઠ | અષાઢ | શ્રાવણ | ભાદરવો | આસો |

| માસનો ક્રમ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અંગ્રેજી માસનું નામ | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | ઑક્ટોબર | નવેમ્બર | ડિસેમ્બર |
| માસના દિવસોની સંખ્યા | ૩૧ | ૨૮ કે ૨૯ | ૩૧ | ૩૦ | ૩૧ | ૩૦ | ૩૧ | ૩૧ | ૩૦ | ૩૧ | ૩૦ | ૩૧ |

● **અહીં માર્ચ ૨૦૨૨નું કૅલેન્ડર આપવામાં આવેલું છે. તેના આધારે આપેલા પ્રશ્નોના જવાબ આપો :**

| માર્ચ : ૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |

(૧) આ મહિનાના દિવસોની સંખ્યા લખો. ____________________

(૨) ૮મી માર્ચે કયો વાર આવે છે ? ____________________

(૩) બીજા શુક્રવારે કઈ તારીખ છે ? ____________________

(૪) આ મહિનામાં કુલ કેટલા બુધવાર છે ? ____________________

(૫) આ મહિનો કયા વારે પૂરો થાય છે ? ____________________

## કૅલેન્ડર ૨૦૨૨ :

- વર્ષ ૨૦૨૨નું કૅલેન્ડર જોઈ આપેલા પ્રશ્નોના જવાબ લખો.

| જાન્યુઆરી ૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | ૩૧ | | | | | |

| ફેબ્રુઆરી ૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | | | | | |
| | | | | | | |

| માર્ચ ૨૦૨૨ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | |
| | | | | | | |

**એપ્રિલ ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| | | | | | | |

**મે ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | |
| | | | | | | |

**જૂન ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | | |
| | | | | | | |

**જુલાઈ ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ | ૨ |
| ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | |

**ઑગસ્ટ ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ |
| ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | | | |
| | | | | | | |

**સપ્ટેમ્બર ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | |
| | | | | | | |

**ઑક્ટોબર ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ |
| ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ |
| ૩૦ | ૩૧ | | | | | |

**નવેમ્બર ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | | | |
| | | | | | | |

**ડિસેમ્બર ૨૦૨૨**

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
| | | | | | | |

(૧) એક વર્ષમાં કેટલા મહિના હોય છે ?

______________________________

(૨) જે મહિનામાં ૩૦ દિવસ આવતા હોય તે મહિનાની યાદી બનાવો.

______________________________

(૩) જે મહિનામાં ૩૧ દિવસ આવતા હોય તે મહિનાની યાદી બનાવો.

(૪) ફેબ્રુઆરી ૨૦૨૨માં કેટલા દિવસ છે ?

(૫) સપ્ટેમ્બર મહિનામાં કેટલાં અઠવાડિયાં છે ?

(૬) ડિસેમ્બર મહિનામાં કેટલા શનિવાર છે ?

(૭) કયા મહિનામાં માત્ર રવિવાર અને સોમવાર ૫ વખત આવે છે ?

(૮) નવેમ્બર પછી કયો મહિનો આવે છે ?

(૯) જાન્યુઆરી માસના પહેલા સોમવારના બે દિવસ પછી કઈ તારીખ આવશે ?

(૧૦) તમારો જન્મ દિવસ કયા માસમાં આવે છે ?

## ● ઘડિયાળ અને સમય :

⇛ સમજો અને યાદ રાખો :

- ૧ દિવસ : ૨૪ કલાક
- ૧ મિનિટ : ૬૦ સેકન્ડ
- ૧ કલાક : ૬૦ મિનિટ
- ઘડિયાળમાં કલાક કાંટો નાનો હોય છે, જ્યારે મિનિટ કાંટો મોટો હોય છે.
- જ્યારે મિનિટ કાંટો ૧૨ ઉપર હોય, ત્યારે કલાક કાંટો જે અંક પર હોય તે અંક જેટલા વાગ્યા કહેવાય.

## ● આ અંકોને ઓળખી લઈએ :

| ગુજરાતી અંકો | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અંગ્રેજી અંકો | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |

- **સામાન્ય વાતચીતમાં સમય નીચે મુજબ બોલાય છે :**

| સમય | ટૂંકમાં લખાય | બોલવાની રીત |
|---|---|---|
| ૨ કલાક ૧૫ મિનિટ | ૨ : ૧૫ | બે ને પંદર/સવા બે |
| ૧ કલાક ૩૦ મિનિટ | ૧ : ૩૦ | એક ને ત્રીસ/દોઢ |
| ૧ કલાક ૪૫ મિનિટ | ૧ : ૪૫ | એક ને પિસ્તાળીસ/પોણા બે<br>બે માં પંદર મિનિટ ઓછી |
| ૫ કલાક ૩૦ મિનિટ | ૫ : ૩૦ | પાંચ ને ત્રીસ/સાડા પાંચ |
| ૨ કલાક ૩૦ મિનિટ | ૨ : ૩૦ | બે ને ત્રીસ/અઢી |

- **સમય જણાવો :**




૨ : ૪૫
- બે ને પિસ્તાળીસ
- પોણા ત્રણ
- ત્રણમાં પંદર ઓછી




૮ : ૩૦
- આઠ ને ત્રીસ
- સાડા આઠ













● નીચે આપેલ સમય મુજબ ઘડિયાળમાં યોગ્ય રીતે કાંટા જોડો :





(૧) ૩ : ૦૦ (૨) ૪ : ૩૦ (૩) ૫ : ૪૫





(૪) ૮ : ૨૫ (૫) ૧૦ : ૫૫ (૬) ૧ : ૩૦

- **તમારો રોજનો ક્રમ બતાવતો ચાર્ટ તૈયાર કરો. :**

દિવસનો સમય

| શબ્દોમાં | ઘડિયાળમાં | આ સમયે તમે શું કરો છો ? |
|---|---|---|
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |
| |  | |

**અધ્યયન નિષ્પત્તિ :**

⇛ M ૩૧૩ : રોજિંદા જીવનની પરિસ્થિતિમાં ૨, ૩, ૪, ૫ અને ૧૦ના ગુણાકારનાં તથ્યો(ઘડિયા)નું નિર્માણ કરે છે અને ઉપયોગ કરે છે.

● યાદ કરીએ.

| | | |
|---|---|---|
| ૨ × ૧ = ૨ | ૩ × ૧ = ૩ | ૪ × ૧ = ૪ |
| ૨ × ૨ = ૪ | ૩ × ૨ = ૬ | ૪ × ૨ = ૮ |
| ૨ × ૩ = ૬ | ૩ × ૩ = ૯ | ૪ × ૩ = ૧૨ |
| ૨ × ૪ = ૮ | ૩ × ૪ = ૧૨ | ૪ × ૪ = ૧૬ |
| ૨ × ૫ = ૧૦ | ૩ × ૫ = ૧૫ | ૪ × ૫ = ૨૦ |
| ૨ × ૬ = ૧૨ | ૩ × ૬ = ૧૮ | ૪ × ૬ = ૨૪ |
| ૨ × ૭ = ૧૪ | ૩ × ૭ = ૨૧ | ૪ × ૭ = ૨૮ |
| ૨ × ૮ = ૧૬ | ૩ × ૮ = ૨૪ | ૪ × ૮ = ૩૨ |
| ૨ × ૯ = ૧૮ | ૩ × ૯ = ૨૭ | ૪ × ૯ = ૩૬ |
| ૨ × ૧૦ = ૨૦ | ૩ × ૧૦ = ૩૦ | ૪ × ૧૦ = ૪૦ |

| | |
|---|---|
| ૧૦ × ૧ = ૧૦ | ૫ × ૧ = ૫ |
| ૧૦ × ૨ = ૨૦ | ૫ × ૨ = ૧૦ |
| ૧૦ × ૩ = ૩૦ | ૫ × ૩ = ૧૫ |
| ૧૦ × ૪ = ૪૦ | ૫ × ૪ = ૨૦ |
| ૧૦ × ૫ = ૫૦ | ૫ × ૫ = ૨૫ |
| ૧૦ × ૬ = ૬૦ | ૫ × ૬ = ૩૦ |
| ૧૦ × ૭ = ૭૦ | ૫ × ૭ = ૩૫ |
| ૧૦ × ૮ = ૮૦ | ૫ × ૮ = ૪૦ |
| ૧૦ × ૯ = ૯૦ | ૫ × ૯ = ૪૫ |
| ૧૦ × ૧૦ = ૧૦૦ | ૫ × ૧૦ = ૫૦ |

● સૂચના મુજબ કરો :

(૧) નીચેની સંખ્યાઓમાંથી ૨ના ઘડિયામાં બનતી સંખ્યાના ફરતે ◯ ની નિશાની કરો.

⇛ ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦

- **નીચેની સંખ્યાઓમાંથી ૩ ના ઘડિયામાં આવતી સંખ્યાની ફરતે ◯ની નિશાની કરો :**

⇛ ૩, ૫, ૬, ૭, ૧૧, ૧૨, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦

- **નીચેની સંખ્યાઓમાંથી ૪ના ઘડિયામાં આવતી સંખ્યાની ફરતે ◯ની નિશાની કરો.**

⇛ ૨, ૪, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૪

- **નીચેની સંખ્યાઓમાંથી ૫ના ઘડિયામાં આવતી સંખ્યાની ફરતે ◯ની નિશાની કરો.**

⇛ ૨, ૪, ૫, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮

- બે અંકની સંખ્યાના એક અંકની સંખ્યા સાથે વદ્દી વગરના ગુણાકાર

⇛ **ગુણાકાર કરો :**

(૧) ૩૪ × ૨

ખાનાં પાડીને

| દશક | એકમ |
|---|---|
| ૩ | ૪ |
| × | ૨ |
| ૬ | ૮ |

ખાનાં વગર

| |
|---|
| ૩ ૪ |
| × ૨ |
| ૬ ૮ |

⇛ ગુણાકારનો જવાબ : ૬૮ મળે

**સમજૂતી :** વિદ્યાર્થીમિત્રો આપણે ૩૪ને ૨ વડે ગુણવા છે.

એટલે ૩૪ × ૨ કરવું પડે. આમાં ૩૪ને ૩ દશક અને ૪ એકમ સ્વરૂપે લખીને તેનો ૨ વડે ગુણાકાર કરીએ. ખાનાં પાડીને અને ખાના પાડ્યાં વગર ૩૪ને ૨ વડે ગુણી શકાય છે.

- **ઝડપથી ગુણાકાર કરવાની મૌખિક રીતમાં નીચે મુજબ ગુણાકાર કરી શકાય છે.**

```
  ૩ ૪            ૩૦  + ૪
  × ૨             ×    ૨
 -----          ---------
                  ૬ ૦  ──→ (૩૦ × ૨)
                + ૦ ૮  ──→ (૪ × ૨)
                ---------
                  ૬ ૮
```

**ગુણાકાર :**

- વિદ્યાર્થીમિત્રો તમને સરળ પડે તે રીતે તમે ગુણાકાર કરી શકો છો.

⇛ **ગુણાકાર કરો :**

(૧) ૨૫ × ૧ (૨) ૩૨ × ૨ (૩) ૩૩ × ૩ (૪) ૨૪ × ૨

(૫) ૨૩ × ૩ ______ (૬) ૪૩ × ૨ ______ (૭) ૨૧ × ૪ ______ (૮) ૩૧ × ૫ ______

⇛ બે અંકની સંખ્યાના એક અંકની સંખ્યા સાથે વદીવાળા ગુણાકાર :

| | સો | દશક | એકમ |
|---|---|---|---|
| | | ૨ | |
| | | ૩ | ૫ |
| × | | | ૫ |
| | ૧ | ૭ | ૫ |

**સમજ :** અહીં ૩૫માં એકમ ૫નો ૫ વડે ગુણાકાર કરતાં ૫×૫=૨૫ એકમ થાય.

- ૨૫ એકમમાં ૨ દશક અને ૫ એકમ હોવાથી એકમના ખાનામાં ૫ લખી ૨ દશક વધ્યા એ વદી છે. જેને દશકની સંખ્યા પર મૂકવી.
- હવે દશક ૩ને ૫ સાથે ગુણતાં ૩×૫=૧૫ જવાબ મળે. જેમાં વદી ૨ ઉમેરતાં ૧૫+૨=૧૭ દશક થાય. આમ, દશકના ખાનામાં ૭ અને સોના ખાનામાં ૧ આવશે.

આમ, જવાબ ૧૭૫ આવે.

⇛ **ગુણાકાર કરો :**

(૧) ૨૫ × ૨ ______ (૨) ૨૪ × ૩ ______ (૩) ૨૭ × ૩ ______ (૪) ૨૯ × ૪ ______

(૫) ૩૬ × ૪ ______ (૬) ૨૬ × ૫ ______ (૭) ૨૮ × ૫ ______ (૮) ૨૦ × ૫ ______

- **બે અંકની સંખ્યાના બે અંકની સંખ્યા સાથે વદી વગરના ગુણાકાર.**

⇛ જુઓ અને સમજો : ૨૩ = ૨૦ + ૩

**ઉદાહરણ :** ૨૩ × ૧૨

૧૨ = ૧૦ + ૨

| | ૨૦ | ૩ |
|---|---|---|
| ૧૦ | ૨૦ × ૧૦ = ૨૦૦ | ૩ × ૧૦ = ૩૦ |
| ૨ | ૨૦ × ૨ = ૪૦ | ૩ × ૨ = ૬ |

- બૉક્સની સંખ્યાનો સરવાળો કરતાં :

```
  ૨૦૦
+  ૪૦
+  ૩૦
+   ૬
-----
  ૨૭૬
```

આમ જવાબ ૨૭૬ મળે.

- **બીજી રીતે જોઈએ તો ૨૩ × ૧૨ એટલે** (૨૩ × ૧૦) + (૨૩×૨) થાય કારણ કે ૧૨ = ૧૦ + ૨

| | સો | દશક | એકમ | |
|---|---|---|---|---|
| | | ૨ | ૩ | |
| × | | ૧ | ૨ | (૧૨ = ૧૦ + ૨) |
| | ૨ | ૩ | ૦ | (૨૩×૧૦ કરતાં આવે) |
| + | | ૪ | ૬ | (૨૩×૨ કરતાં આવે) |
| | ૨ | ૭ | ૬ | |

- **મહાવરો :**

(૧) ૧૩ × ૧૨

(૨) ૨૪ × ૨૨

(૩) ૩૧ × ૨૩

(૪) ૪૨ × ૨૧

(૫) ૧૫ × ૧૦

(૬) ૨૧ × ૩૨

- **બે અંકની સંખ્યાના બે અંકની સંખ્યા સાથે વદીવાળા ગુણાકાર :**

**ઉદાહરણ : ૧૫×૨૭**

૧૫ = ૧૦ + ૫

૨૭ = ૨૦ + ૭

| | ૧૦ | ૫ |
|---|---|---|
| ૨૦ | ૨૦ × ૧૦ = ૨૦૦ | ૨૦ × ૫ = ૧૦૦ |
| ૭ | ૭ × ૧૦ = ૭૦ | ૭ × ૫ = ૩૫ |

- **બૉક્સની સંખ્યાનો સરવાળો કરતાં :**

```
   ૨૦૦
+   ૭૦
+ ૧૦૦
+   ૩૫
──────
```

આમ, ૪૦૫ જવાબ મળે.

- **બીજી રીતે જોઈએ તો ૧૫×૨૭** એટલે (૧૫×૨૦) + (૧૫×૭) **થાય. કારણે કે** ૨૭ = ૨૦ + ૭

| | સો | દશક | એકમ | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | | ૧ | ૫ | |
| × | | ૨ | ૭ | (૨૭ = ૨૦ + ૭) |
| | ૩ | ૦ | ૦ | (૧૫×૨૦ કરતાં આવે) |
| + | ૧ | ૦ | ૫ | (૧૫×૭ કરતાં આવે) |
| | ૪ | ૦ | ૫ | |

- **મહાવરો :**

(૧) ૪૨ × ૨૩

(૨) ૨૫ × ૩૬

(૩) ૫૪ × ૧૨

(૪) ૫૧ × ૧૩

(૫) ૨૪ × ૨૫

(૬) ૩૪ × ૪૦

- **નીચેના કોયડા ઉકેલો :** (જવાબ નોટબુકમાં લખવા)

(૧) એક બેન્ચ પર ૩ વિદ્યાર્થીઓ બેસે છે. તો વર્ગમાં આવી ૩૨ બેન્ચ પર કેટલા વિદ્યાર્થી બેસી શકે ?

(૨) એક બસમાં ૩૭ મુસાફરો બેસી શકે છે ? તો આવી ૯ બસમાં કેટલા મુસાફરો બેસી શકે ?

(૩) પ્રાર્થનાસભામાં એક હરોળમાં ૧૩ વિદ્યાર્થીઓ છે. તો આવી ૧૫ હરોળમાં કેટલા વિદ્યાર્થીઓ થાય ?

(૪) એક ખોખામાં ૩૨ કેરીઓ છે, તો આવાં ૩૫ ખોખામાં કેટલી કેરીઓ હોય ?

**અધ્યયન નિષ્પત્તિ :**

⇛ M ૩૧૪ : ભાગાકારનાં તથ્યો સમાન જૂથ, સમાન વહેંચણી અને પુનરાવર્તિત બાદબાકીના સંદર્ભમાં સમજે છે.

સમજ : વિદ્યાર્થીમિત્રો, અહીં નીચે પતંગનાં ચિત્રો આપેલાં છે. તેનાં બે-બેનાં જૂથ પાડીએ.



- બે-બેના જૂથમાં વહેંચણી કરતાં ૪ જૂથ બને.
- એટલે કે ૮ ÷ ૨ = ૪ થાય.
- નીચે આપેલી લખોટીઓનાં ત્રણ-ત્રણનાં જૂથ પાડીએ.



- અહીં કુલ ૯ લખોટીઓને ત્રણ-ત્રણનાં જૂથમાં વહેચતાં કુલ ૩ જૂથ બને.
- એટલે કે ૯ ÷ ૩ = ૩ થાય.
- હવે ૧૫ ફૂલને ત્રણ-ત્રણનાં જૂથમાં વહેંચીએ.

⇛ ૧૫
− ૩ (પ્રથમ જૂથ બનાવતાં)
૧૨ (બાકી રહેતાં ફૂલ)
− ૩ (બીજું જૂથ બનાવતાં)
૯ (બાકી રહેતાં ફૂલ)
− ૩ (ત્રીજું જૂથ બનાવતાં)
૬ (બાકી રહેતાં ફૂલ)
− ૩ (ચોથું જૂથ બનાવતાં)
૩ (બાકી રહેતાં ફૂલ)
− ૩ (પાંચમું જૂથ બનાવતાં)
૦ (બાકી રહેતાં ફૂલ)

- આમ, ૧૫ ફૂલનાં ત્રણ-ત્રણ ફૂલનાં જૂથ બનાવતાં ૫ જૂથ બને છે.

  એટલે કે ૧૫ ÷ ૩ = ૫ થાય.

**યાદ રાખો :** ભાગાકાર એટલે પુનરાવર્તિત બાદબાકી

**મહાવરો :**

⇛ **નીચેના ભાગાકાર કરો :**

| | |
|---|---|
| (૧) ૮ ÷ ૪ = ......... | (૬) ૧૬ ÷ ૪ = ......... |
| (૨) ૬ ÷ ૩ = ......... | (૭) ૨૦ ÷ ૫ = ......... |
| (૩) ૧૦ ÷ ૫ = ......... | (૮) ૧૫ ÷ ૩ = ......... |
| (૪) ૧૨ ÷ ૪ = ......... | (૯) ૧૫ ÷ ૫ = ......... |
| (૫) ૧૬ ÷ ૨ = ......... | (૧૦) ૪ ÷ ૨ = ......... |

- **સમજો અને ઉકેલો : (જવાબ નોટબુકમાં લખવા)**

(૧) ૧૦ રૂપિયાની ૧૮ નોટને ૩ મિત્રોમાં વહેંચીએ તો દરેક મિત્રને કેટલા રૂપિયા મળે ?

(૨) એક ચોપડીમાં ૬૪ પાનાં છે. દક્ષ દરરોજ ૮ પાનાં વાંચે છે. તો દક્ષ કેટલા દિવસમાં આ ચોપડી વાંચી લેશે ?

(૩) ૬૦ લિટર પાણી સમાઈ શકે તેવા એક પીપમાંથી ૩ લિટર પાણીના કેટલા જગ ભરી શકાય ?

(૪) ૯૦ મોતીમાંથી ૬ હાર બનાવેલ હોય તો ૧ હારમાં કેટલાં મોતી હશે ?

(૫) ૫૪ બટનને ૯ શર્ટ પર લગાવવા હોય તો દરેક શર્ટ પર કેટલાં બટન લગાવવાં પડે ?

**અધ્યયન નિષ્પત્તિ :**

⇛ M ૩૦૨ : જૂથમાં વિભાજિત કરીને કે કર્યા વિના નાણાંની નાની રકમના સરવાળા-બાદબાકી કરે છે.

- જુઓ, સમજો અને લખો :

 +  +  =  ₹ ૫



₹ ૧૦



= ₹ ૨૭



= ₹ ૮૨



= ₹ ૮૬

- **જુઓ, સમજો અને લખો :**



₹ ૨૨



₹ ૧૮



₹ ૩૫



₹ ૫



₹ ૬૨

(૧) અંકિત એક નોટબુક અને એક રબર લે તો તેણે કેટલા રૂપિયા આપવા પડે ?

(૨) અનેરી એક બોલપેન અને એક પેન્સિલ બૉક્સ લે તો તેણે કેટલા રૂપિયા આપવા પડે ? ..........

(૩) એક રબર અને એક કંપાસબૉક્સ લે તો તેણે કેટલા રૂપિયા આપવા પડે ? ..........

(૪) મોના એક નોટબુક, બે બોલપેન અને એક કંપાસબૉક્સ લે તો તેણે કેટલા રૂપિયા આપવા પડે ? ..........

(૫) જસમીન બે રબર, બે પેન્સિલ બૉક્સ, એક બોલપેન અને બે નોટબુક લે તો તેણે કેટલા રૂપિયા આપવા પડે ? ..........

- **જુઓ, સમજો અને લખો :**

|  |  |  |  |  |
|---|---|---|---|---|
| ₹ ૫ | ₹ ૮૦ | ₹ ૩૭ | ₹ ૧૬૫ | ₹ ૭ |

(૧) આરીફ એક વોટરબૅગ લઈ ₹ ૧૦૦ મૂકે તો તેણે કેટલા રૂપિયા પાછા લેવા પડશે ? ________

(૨) રાકેશ એક સ્કેચપેન બૉક્સ લઈ ₹ ૫૦ મૂકે તો તેણે કેટલા રૂપિયા પાછા લેવા પડશે ? ________

(૩) સમીરા એક સ્કૂલબૅગ લઈ ₹ ૨૦૦ મૂકે તો તેણે કેટલા રૂપિયા પાછા લેવા પડશે ? ________

(૪) જેન્સી એક પેન્સિલ, એક માપપટ્ટી અને એક સ્કેચપેન બૉક્સ લઈ ₹ ૨૦૦ મૂકે તો તેણે કેટલા રૂપિયા પાછા લેવા પડશે ? ________

(૫) મેથ્યૂસ બે માપપટ્ટી, બે પેન્સિલ અને એક સ્કૂલબૅગ લઈ ₹ ૫૦૦ મૂકે તો તેણે કેટલા રૂપિયા પાછા લેવા પડશે ? ________

## ⇛ રૂપિયા અને પૈસાના સરવાળા-બાદબાકી :

- વિદ્યાર્થીમિત્રો, આપણે ખરીદી કરતી વખતે નાણાંની લેવડ-દેવડ કરવાની થતી હોય છે. આ માટે નાણાંના સરવાળા અને બાદબાકીનો મહાવરો જરૂરી છે.

- **જુઓ અને સમજો :**

**ઉદાહરણ ૧ :**

(૧)

```
    ૧
  ₹ ૩૫. ૫૦
+ ₹ ૨૭. ૦૦
-----------
  ₹ ૬૨. ૫૦
```

(૨)

```
  ₹ ૪૭.૫૦
− ₹ ૧૪.૦૦
----------
  ₹ ૩૩.૫૦
```

**ઉદાહરણ ૨ :** મીતાએ ₹ ૧૫૦ની નોટબુક અને ₹ ૩૫.૫૦ની પેન્સિલ ખરીદી, તો મીતાએ કુલ કેટલા રૂપિયા ખર્ચ કર્યો ?

**ઉકેલ :** અહીં, બે વસ્તુની ખરીદીના રૂપિયા ચૂકવ્યા છે. તેથી અહીં બે વસ્તુની કિંમતનો સરવાળો થશે.

```
  ₹ ૧૫૦.૦૦
+ ₹  ૩૫.૫૦
-----------
  ₹ ૧૮૫.૫૦
```

મીતાએ ₹ ૧૮૫.૫૦નો ખર્ચ કર્યો.

- **મહાવરો :**
- **સરવાળા કરો :**

(૧) ₹ ૩૩.૫૦ + ₹ ૪૩.૦૦ = ______

(૨) ₹ ૧૦૪.૦૦ + ₹ ૭૨.૫૦ = ______

(૩) ₹ ૧૫.૭૦ + ₹ ૧૪.૩૦ = ______

(૪) ₹ ૧૩૬.૬૦ + ₹ ૧૩.૪૦ = ______

- **બાદબાકી કરો :**

(૧) ₹ ૨૫.૫૦ − ₹ ૧૩.૫૦ = ______

(૨) ₹ ૫૦.૦૦ − ₹ ૨૯.૫૦ = ______

(૩) ₹ ૭૫.૦૦ − ₹ ૪૬.૫૦ = ______

(૪) ₹ ૧૬૦.૫૦ − ₹ ૫૮.૦૦ = ______

(૫) ₹ ૩૫૧.૯૦ − ₹ ૨૬૯.૬૫ = ______

(૬) ₹ ૮૭૦.૭૦ − ₹ ૬૮૫.૯૫ = ______

- **નીચેના કોયડા ઉકેલો :** (જવાબ નોટબુકમાં લખવા)

(૧) કૃપા પાસે ₹ ૭૫.૫૦ છે અને પાયલ પાસે ₹ ૨૦૦.૫૦ છે, તો બંને પાસે કુલ કેટલા રૂપિયા છે ?

(૨) કેતને ₹ ૧૮૦.૦૦નો એક થેલો, ₹ ૬૫.૦૦નો એક કંપાસબૉક્સ ખરીદ્યો, તો તેણે કુલ કેટલો ખર્ચ કર્યો ?

(૩) અબ્દુલ પાસે ₹ ૫૦૦.૦૦ હતા. તેમાંથી તેણે ₹ ૨૯૦.૫૦ની નોટબુક્સ ખરીદી, તો હવે તેની પાસે કેટલા રૂપિયા બાકી રહેશે ?

(૪) મારિયા પાસે ₹ ૪૦૫.૦૦ હતા. તેમાંથી તેણે ₹ ૧૧૯.૫૦નો નાસ્તાનો ડબ્બો ખરીદ્યો, તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા હશે ?

(૫) પરમીત પાસે ₹ ૧૦૦૦.૦૦ હતા. તેમાંથી તેણે ₹ ૭૫૦.૫૦નું પેન્ટ-શર્ટ ખરીદ્યું, તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચ્યા હશે ?

# ૧ ઈંટોની ઈમારત

**અધ્યયન નિષ્પત્તિ**

M 401 સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતાં આકારોની સમજ કેળવે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

1.1 ઈંટોના આકાર અને તેની ગોઠવણીની પેટર્ન જાણે.

1.2 ૧૦,૦૦૦ સુધીની સંખ્યાઓને સ્થાન કિંમતના આધારે સમજે, વાંચે અને લખે.

1.3 સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરે.

**પૂર્વજ્ઞાન**

- પેટર્ન, સંખ્યાજ્ઞાન

(૧) મનગમતાં રંગ પૂરી પેટર્ન ઉપસાવો.



(૨) નીચે આપેલાં ચિત્રો જેવી પેટર્ન તમે ક્યાં-ક્યાં જોયેલી છે?







(૩) નીચે આપેલી ઈંટોની પેટર્ન જુઓ અને આપેલ પ્રશ્નોના જવાબ લખો.




૧. કઈ કઈ પેટર્નમાં ચોરસ બને છે? ____________

૨. કઈ કઈ પેટર્નમાં લંબચોરસ બને છે? ____________

૩. કઈ કઈ પેટર્નમાં ત્રિકોણ આકાર જોવા મળે છે? ____________

૪. કઈ પેટર્નમાં વર્તુળાકાર ભાગ દેખાય છે? ____________

૫. કઈ બે પેટર્ન સરખી દેખાય છે? ____________

(૪) અહીં તેલના ડબ્બાનું ચિત્ર આપેલું છે. ચિત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.



૧. ડબ્બાને કુલ કેટલી બાજુઓ છે? ______________

૨. ડબ્બાને કુલ કેટલી ચોરસ બાજુઓ છે? ______________

૩. ડબ્બાને કુલ કેટલી લંબચોરસ બાજુઓ છે? ______________

૪. ડબ્બાને કુલ કેટલી કિનારી (ધાર) છે? ______________

(૫) અહીં રમવાના પાસાનો આકાર દોરીને બતાવેલ છે. તે જ પ્રમાણે તેલના ડબ્બાનો આકાર તબક્કાવાર ચાર આકૃતિમાં પૂર્ણ કરો.

૧. ૨. ૩. ૪.



| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| | | | |

(૬) ઈંટના આકારનાં કોઈપણ બે ચિત્રો દોરી તેમાં મનગમતાં રંગ પૂરો.



(૭) ઈંટો બનાવવાની પ્રક્રિયાનાં ચિત્રો જોઈને તેમને યોગ્ય ક્રમ ☐ માં આપો.

(A)



☐

(B)



☐

(C)



☐

(D)



☐

(E)



(F)



(G)



(H)



(૮) રામજીભાઈ અને સવજીભાઈએ એક મકાનના બાંધકામ માટે ઈંટો લઈ જવાની છે. રામજીભાઈ તેમની ઊંટલારીમાં એક ફેરામાં ૯૭૫ ઈંટો લઈ જાય છે. જ્યારે સવજીભાઈ તેમની ઊંટલારીમાં એક ફેરામાં ૮૬૭ ઈંટો લઈ જાય છે. રામજીભાઈ દિવસના ૪ ફેરા અને સવજીભાઈ દિવસના ૫ ફેરા કરે છે. ઈંટવાડામાં કુલ ૯૫૦૦ ઈંટો છે. તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.



૧. રામજીભાઈની ઊંટલારી એક દિવસમાં કુલ કેટલી ઈંટો લઈ જાય છે? ____________

૨. સવજીભાઈની ઊંટલારી એક દિવસમાં કુલ કેટલી ઈંટો લઈ જાય છે? ____________

૩. બંને ઊંટલારી એક દિવસમાં કુલ કેટલી ઈંટો લઈ જાય છે? ____________

૪. દિવસના અંતે ઈંટવાડામાં કેટલી ઈંટો વધે છે? ____________

(૯) બચુભાઈ એક ફેક્ટરીનો વરંડો બનાવવા માટે પોતાની ઘોડાગાડીમાં બે દિવસમાં ૯૦૦૦ ઈંટો લઈ જાય છે. બે દિવસમાં કુલ ૯ ફેરા કરે છે. પ્રથમ દિવસે ૫ ફેરા કરે છે. બીજા દિવસે ૪ ફેરા કરે છે. પ્રત્યેક ફેરા દીઠ તેઓ ૫૦૦ રૂપિયા ભાડું લે છે. ઈંટવાડામાં કુલ ૧૦,૦૦૦ ઈંટો છે. તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.



૧. બચુભાઈની ઘોડાગાડી પ્રત્યેક ફેરામાં કુલ કેટલી ઈંટો લઈ જતી હશે? ____________

૨. ઘોડાગાડી પ્રથમ દિવસે કેટલી ઈંટો લઈ જતી હશે? ____________

૩. ઘોડાગાડી બીજા દિવસે કેટલી ઈંટો લઈ જતી હશે? ____________

૪. બચુભાઈને પ્રથમ દિવસે ઈંટો લઈ જવાના ભાડા પેટે કેટલા રૂપિયા મળતા હશે? ____________

૫. બચુભાઈને બીજા દિવસે ઈંટો લઈ જવાના ભાડા પેટે કેટલા રૂપિયા મળતા હશે? ____________

૬. બચુભાઈને બે દિવસના ભાડા પેટે કુલ કેટલા રૂપિયા મળે? ____________

૭. બે દિવસના અંતે ઈંટવાડામાં કેટલી ઈંટો બાકી વધી હશે? ____________

(૧૦) પંકજભાઈ પોતાના ટ્રેક્ટરમાં એક ફેરામાં ૨૫૦૦ ઈંટો લઈ જાય છે. પ્રત્યેક ફેરાના ૧૪૫૦ રૂપિયા લે છે. ઈંટવાડામાં કુલ ૧૦,૦૦૦ ઈંટો છે, તો નીચેના પ્રશ્નોના જવાબ આપો.



૧. પંકજભાઈ ટ્રેક્ટરના બે ફેરામાં કુલ કેટલી ઈંટો લઈ જાય છે? ____________

૨. પંકજભાઈ ટ્રેક્ટરના ત્રણ ફેરામાં કુલ કેટલી ઈંટો લઈ જાય છે? ____________

૩. ૧૦,૦૦૦ ઈંટો લઈ જવા માટે કુલ કેટલા ફેરા કરવા પડે? ____________

૪. ટ્રેક્ટરના બે ફેરા માટે પંકજભાઈને ભાડા પેટે કેટલા રૂપિયા મળે? ____________

૫. ટ્રેક્ટરના ચાર ફેરા માટે પંકજભાઈને ભાડા પેટે કેટલા રૂપિયા મળે? ____________

(૧૧) <, >, = પૈકી યોગ્ય ચિહ્ન મૂકો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩૪૭ | | ૨૩૪૯ | | ૫૬૨૦ | | ૫૬૦૨ | |
| | ૩૨૯૯ | | ૩૨૯૯ | | ૧૩૯૭ | | ૧૯૩૭ |
| ૫૦૦૪ | | ૫૦૪૦ | | ૧૧૫૬ | | ૧૦૫૬ | |
| | ૭૮૫૬ | | ૭૮૫૬ | | ૯૦૪૫ | | ૯૮૪૫ |
| ૯૯૯૮ | | ૯૯૯૯ | | ૮૫૭૯ | | ૮૫૬૯ | |
| | ૧૦૦૦ | | ૧૦૦૦૦ | | ૧૩૩૧ | | ૩૧૩૧ |

(૧૨) ખાલી ખાનામાં આગળની સંખ્યા લખો.

| | | | | |
|---|---|---|---|---|
| | ૮૦૭૦ | | | ૫૩૬૭ |
| | | | | |
| | ૭૯૭૪ | | | ૩૦૩૭ |
| | | | | |
| | ૬૦૦૦ | | | ૧૦૦૦૦ |
| | | | | |

(૧૩) ખાલી ખાનામાં વચ્ચેની સંખ્યા લખો.

| | | | |
|---|---|---|---|
| | ૬૯૯૯ | | ૭૦૦૧ |
| ૮૯૯૮ | | ૯૦૦૦ | |
| | ૨૯૫૯ | | ૨૯૬૧ |
| ૨૭૨૮ | | ૨૭૩૦ | |
| | ૬૫૦૦ | | ૬૫૦૨ |
| ૫૮૭૨ | | ૫૮૭૪ | |
| | ૪૪૪૯ | | ૪૪૫૧ |
| ૩૫૬૮ | | ૩૫૭૦ | |

(૧૪) ખાલી ખાનામાં પાછળની સંખ્યા લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૧૦૦ | | | ૭૩૧૯ | | |
| | | ૮૯૮૯ | | | |
| | | ૨૦૦૦ | | | |
| | | ૩૪૫૮ | | | |
| | | ૬૯૯૦ | | | |
| | | | ૧૩૭૦ | | |
| | ૯૧૯૯ | | | | |
| ૫૪૦૯ | | | ૯૭૯૭ | | |

(૧૫) નીચેની સંખ્યાઓને શબ્દોમાં લખો.

૧. ૨૩૪૯ = ____________________

૨. ૫૦૭૨ = ____________________

૩. ૧૪૫૮ = ____________________

૪. ૭૯૯૮ = ____________________

૫. ૧૦૦૦૦ = ____________________

(૧૬) નીચેની સંખ્યાઓને અંકોમાં લખો.

૧. બે હજાર ચારસો ઓગણસાઠ = __________

૨. આઠ હજાર છવ્વીસ = __________

૩. ચાર હજાર છસો બત્રીસ = __________

૪. છ હજાર ઓગણ સિત્તેર = __________

૫. નવ હજાર પાંચસો અડતાલીસ = __________

(૧૭) લીટી કરેલા અંકની સ્થાનકિંમત લખો.

૧. ૮૫૯૪ = ______

૨. ૫૦૦૬ = ______

૩. ૩૪૫૭ = ______

૪. ૬૨૩૯ = ______

૫. ૭૯૨૫ = ______

(૧૮) ૩, ૪, ૯, ૮, ૦થી બનતી પાંચ અંકની સૌથી મોટી અને સૌથી નાની સંખ્યાનો તફાવત શોધો.

(૧૯) એક પુસ્તકમાં ૧ થી ૮૦ સુધી પાનાં નંબર લખેલ છે. તેમાં કુલ કેટલાં પાનાં નંબર પર ૦ હશે?

(૨૦) એક વિદ્યાર્થી દુકાનમાંથી ૬૦૦ રૂપિયાની બૅગ, ૪૮૦ રૂપિયાની નોટબુક તથા ૩૮૭ રૂપિયાની ચોપડીઓ ખરીદે છે, તેની કુલ કિંમતમાં સોના સ્થાનના અંકની સ્થાનકિંમત કેટલી થાય?

(૨૧) પાંચ અંકની સૌથી નાની સંખ્યા અને ચાર અંકની સૌથી મોટી સંખ્યાનો તફાવત કેટલો થાય?

(૨૨) ૫૪૩૯૧ માં ૪ અને ૩ની સ્થાનકિંમતનો તફાવત શોધો.

(૨૩) A, B, C, D એ પાંચ અંકની ચાર સંખ્યાઓ છે. દરેક સંખ્યામાં ૯ એક અંક છે. જે એક જ વખત ઉપયોગમાં લેવાનો છે. તો નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A)

| | | | | |
|---|---|---|---|---|
| | ૯ | | | |

(B)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૯ | | |

(C)

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | | | | |

(D)

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૯ | |

વિધાન : ૧ A એ B કરતાં મોટી છે.

વિધાન : ૨ D એ ચાર સંખ્યામાં સૌથી નાની છે.

વિધાન : ૩ C એ ચાર સંખ્યામાં સૌથી મોટી છે.

વિધાન : ૪ B એ ચાર સંખ્યામાં સૌથી નાની છે.

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

(૧) એક ઈંટને ______ કિનારી હોય છે. [ ]

(A) ૪ (B) ૧૨ (C) ૧૦ (D) ૮

(૨) ઈંટનો આકાર ______ હોય છે. [ ]

(A) સમઘન (B) લંબઘન (C) ચોરસ (D) લંબચોરસ

(૩) આપેલી સ્વઅધ્યયનપોથી ને ચોરસ સપાટીઓ કેટલી છે? [ ]

(A) ચાર (B) ત્રણ (C) બે (D) શૂન્ય

(૪) નીચેના પૈકી કયો આકાર ઈંટની સપાટી જેવો છે?

(A)  (B)  (C)  (D) 

(૫) ઈંટને કુલ કેટલી સપાટીઓ હોય છે?

(A) ચાર (B) બે (C) છ (D) એક પણ નહિ.

(૬) જો ૧૦૦૦ ઈંટોની કિંમત ૪૦૦૦ રૂપિયા હોય તો ૨૦૦૦ ઈંટોની કિંમત કેટલી થાય?

(A) ૪૦૦૦ રૂપિયા (B) ૮૦૦૦ રૂપિયા (C) ૧૬૦૦૦ રૂપિયા (D) ૫૦૦૦ રૂપિયા

(૭) જો ૫૦૦૦ ઈંટોની કિંમત ૨૫૦૦૦ રૂપિયા હોય તો ૧૦૦૦ ઈંટોની કિંમત કેટલી થાય?

(A) ૫૦૦૦ રૂપિયા (B) ૫૦૦ રૂપિયા (C) ૧૦૦૦ રૂપિયા (D) ૧૦૦૦૦ રૂપિયા

(૮) જો ૫૦૦ ઈંટોની કિંમત ૧૫૦૦રૂપિયા હોય તો ૧૦૦૦ ઈંટોની કિંમત કેટલી થાય?

(A) ૧૦૦૦ રૂપિયા (B) ૨૦૦૦ રૂપિયા (C) ૧૫૦૦ રૂપિયા (D) ૩૦૦૦ રૂપિયા

(૯) જો ૨૦૦૦ ઈંટોની કિંમત ૮૦૦૦ રૂપિયા હોય તો ૧૦૦૦ ઈંટોની કિંમત કેટલી થાય?

(A) ૪૦૦ રૂપિયા (B) ૪૦૦૦ રૂપિયા (C) ૧૦૦૦ રૂપિયા (D) ૨૦૦૦ રૂપિયા

(૧૦) ૫૯૩૪માં ૯ની સ્થાનકિંમત કેટલી થાય?

(A) ૯ (B) ૯૦૦૦ (C) ૯૦ (D) ૯૦૦

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 1.1 | | | | | | | | | | | | | |
| 1.2 | | | | | | | | | | | | | |
| 1.3 | | | | | | | | | | | | | |

## જવાબો

**(૩)** **૧.** A, K, E, L , N, O, M, Q, R **૨.** A, B, C, D, E, F, G, H, I, J, K, L, M, N, O, P, Q, R

**૩.** A, E, F, H, J, Q, R **૪.** P

**૫.** C અને I, K અને N, Q અને R

**(૪)** **૧.** ૬ **૨.** ૨ **૩.** ૪ **૪.** ૧૨

**(૭)** A-૫, B-૬, C-૮, D-૧, E-૩, F-૭, G-૪, H-૨

**(૮)** **૧.** ૩૯૦૦ ઈંટો **૨.** ૪૩૩૫ ઈંટો **૩.** ૮૨૩૫ ઈંટો **૪.** ૧૨૬૫ ઈંટો

**(૯)** **૧.** ૧૦૦૦ ઈંટો **૨.** ૫૦૦૦ ઈંટો **૩.** ૪૦૦૦ ઈંટો **૪.** ૨૫૦૦ ઈંટો
**૫.** ૨૦૦૦ રૂપિયા **૬.** ૪૫૦૦ રૂપિયા **૭.** ૧૦૦૦ ઈંટો

**(૧૦)** **૧.** ૫૦૦૦ ઈંટો **૨.** ૭૫૦૦ ઈંટો **૩.** ૪ ફેરા **૪.** ૨૯૦૦ રૂપિયા
**૫.** ૫૮૦૦ રૂપિયા

**(૧૧)** ૨૩૪૭ < ૨૩૪૯, ૫૬૨૦ > ૫૬૨૦, ૩૨૯૯ = ૩૨૯૯, ૧૩૯૭ < ૧૯૩૭, ૫૦૦૪ < ૫૦૪૦, ૧૧૫૬ > ૧૦૫૬, ૭૮૫૬ = ૭૮૫૬, ૯૦૪૫ > ૯૮૪૫, ૯૯૯૮ < ૯૯૯૯, ૮૫૭૯ > ૮૫૬૯, ૧૦૦૦ < ૧૦૦૦૦, ૧૩૩૧ < ૩૧૩૧

**(૧૨)** ૮૦૬૯, ૫૩૬૬, ૭૯૭૩, ૩૦૩૬, ૫૯૯૯, ૯૯૯૯

**(૧૩)** ૭૦૦૦, ૮૯૯૯, ૨૯૬૦, ૨૭૨૯, ૬૫૦૧, ૫૮૭૩, ૪૪૫૦, ૩૫૬૯

**(૧૪)** ૪૧૦૧, ૭૩૨૦, ૮૯૯૦, ૨૦૦૧, ૩૪૫૯, ૬૯૯૧, ૧૩૭૧, ૯૨૦૦, ૫૪૧૦, ૯૭૯૮

**(૧૫)** **૧.** બે હજાર ત્રણસો ઓગણપચાસ **૨.** પાંચ હજાર બોત્તેર **૩.** એક હજાર ચારસો અઠ્ઠાવન
**૪.** સાત હજાર નવ સો અઠ્ઠાણું **૫.** દસ હજાર

**(૧૬)** **૧.** ૨૪૫૯ **૨.** ૮૦૨૬ **૩.** ૪૬૩૨ **૪.** ૬૦૬૯ **૫.** ૯૫૪૮

**(૧૭)** **૧.** ૯૦ **૨.** ૦ **૩.** ૩૦૦૦ **૪.** ૨૦૦ **૫.** ૫

**(૧૮)** ૬૭૯૪૧ **(૧૯)** ૮ **(૨૦)** ૪૦૦ **(૨૧)** ૧ **(૨૨)** ૩૭૦૦

**(૨૩)** વિધાન-૩

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

**(૧)** ૧૨ **(૨)** B - લંબઘન **(૩)** D - શૂન્ય **(૪)** A - □
**(૫)** C - ૭ **(૬)** ૮૦૦૦ રૂપિયા **(૭)** ૫૦૦૦ રૂપિયા **(૮)** ૩૦૦૦ રૂપિયા
**(૯)** ૪૦૦૦ રૂપિયા **(૧૦)** ૯૦૦

# ૨ લાંબું અને ટૂંકું

**અધ્યયન નિષ્પત્તિ**

M 405 મીટરનું સેન્ટીમીટરમાં અને સેન્ટીમીટરનું મીટરમાં રૂપાંતર કરે છે.

M 406 બે વસ્તુઓ વચ્ચેના અંતર, જુદી-જુદી વસ્તુઓનું વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે અને તેમનું ચોક્કસ માપન કરે છે.

**વિષયવસ્તુના મુદ્દા**

2.1 અંતરના નાના-મોટા એકમો સેમી, મીટર અને કિમી સમજે.

2.2 ઊંચાઈને સેમી અને મીટરના સંદર્ભમાં સમજે અને એકબીજામાં રૂપાંતર કરે.

**પૂર્વજ્ઞાન**

- માપન, એકમો : સેમી, મીટર

**(૧) નીચેના બૉક્સમાં આઠ બિંદુઓ આપેલાં છે. આ બિંદુઓ વચ્ચેના અંતર માપીને નીચેના પ્રશ્નોના જવાબ આપો.**




૧. સૌ પ્રથમ A થી B, B થી C, C થી D, D થી E, E થી F, F થી G અને G થી H બિંદુઓને જોડો.

૨. A થી B સુધીનું અંતર કેટલા સેમી છે? ____________

૩. C થી D સુધીનું અંતર કેટલા સેમી છે? ____________

૪. E થી F સુધીનું અંતર કેટલા સેમી છે? ____________

૫. F થી H સુધીનું અંતર કેટલા સેમી છે? ____________

૬. G થી H સુધીનું અંતર કેટલા સેમી છે? ____________

૭. તમે માપેલા અંતરમાં કયા બે બિંદુઓ વચ્ચેનું અંતર સૌથી વધુ છે? ____________

૮. તમે માપેલા અંતરમાં કયા બે બિંદુઓ વચ્ચેનું અંતર સૌથી ઓછું છે? ____________

૯. એક બાળક A બિંદુથી શરૂ કરી તમે દોરેલા રસ્તા પર ચાલીને H બિંદુ સુધી પહોંચે છે. તો તેણે કેટલું અંતર કાપ્યું હશે? ____________

(૧૦) બિંદુ A થી સીધું જ બિંદુ H પર પહોંચીએ તો તે કેટલા સેમી અંતર થાય તે માપીને લખો. ____________

## (૨) માગ્યા મુજબ કરો.

૧. નીચે એક પેન્સિલનું ચિત્ર આપેલું છે. તેના કરતાં લાંબી પેન્સિલ દોરો.



૨. નીચે આપેલી લાકડીના ચિત્ર કરતાં ટૂંકી લાકડી દોરો.



૩. નીચે આપેલી માપપટ્ટી કરતાં લાંબી માપપટ્ટી દોરો.



૪. નીચે આપેલા મોબાઈલ ફોન કરતાં એક સેમી લાંબો મોબાઈલ ફોન દોરો.



૫. નીચે આપેલી વોટરબૅગ કરતાં બે સેમી નાની વોટરબૅગ દોરો.



(૩) તમારા વર્ગના પાંચ વિદ્યાર્થીઓની ઊંચાઈ માપીને કોષ્ટકમાં લખો અને પ્રશ્નોના જવાબ આપો.

| વિદ્યાર્થીનું નામ | ઊંચાઈ (સેમીમાં) |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

૧. કોની ઊંચાઈ સૌથી વધુ છે? ______________________ કેટલા સેમી? ______________

૨. કોની ઊંચાઈ સૌથી ઓછી છે? ______________________ કેટલા સેમી? ______________

૩. કોની કોની ઊંચાઈ એકસરખી છે? ____________________________________________

(૪) તરણેતરના મેળામાં થતી ઊંટની દોડ-સ્પર્ધાનું ચિત્ર આપેલ છે. ૪૦૦ મીટરની આ દોડ-સ્પર્ધાનાં ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ આપો.




૧. કયું ઊંટ સૌથી પહેલાં દોડ પૂરી કરશે? ______________

૨. કયું ઊંટ સૌથી છેલ્લે દોડ પૂરી કરશે? ____________

૩. ઊંટ A અને B વચ્ચેનું અંતર કેટલું છે? ____________

૪. ઊંટ Cને દોડ પૂરી કરવા હજી કેટલું અંતર કાપવાનું બાકી છે? ____________

૫. ઊંટ C એ ઊંટ Bથી કેટલા મીટર પાછળ છે? ____________

**(૫) કર્ણાવતી એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ જંક્શનથી ઊપડી મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને પહોંચે છે. અમદાવાદથી ઊપડ્યા પછી આ ટ્રેન જે-જે સ્ટેશને ઊભી રહે છે તેનું અમદાવાદથી અંતર દર્શાવેલ છે. કોષ્ટકના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.**

| ક્રમ | સ્ટેશનનું નામ | અમદાવાદથી અંતર (કિમીમાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ જંકશન | ૦ |
| ૨ | નડિયાદ | ૪૫ |
| ૩ | આણંદ | ૬૪ |
| ૪ | વડોદરા | ૯૮ |
| ૫ | ભરૂચ | ૧૬૯ |
| ૬ | સુરત | ૨૨૮ |
| ૭ | વલસાડ | ૨૯૭ |
| ૮ | વાપી | ૩૨૩ |
| ૯ | બોરીવલી | ૪૬૨ |
| ૧૦ | મુંબઈ સેન્ટ્રલ | ૪૯૧ |

૧. વડોદરા અને સુરત વચ્ચેનું અંતર કેટલું છે? ____________

૨. ભરૂચ અને વાપી વચ્ચેનુ અંતર કેટલું છે? ____________

૩. જો ટ્રેન વલસાડ સ્ટેશને પહોંચી હોય તો મુંબઈ સેન્ટ્રલ પહોંચવા હજી કેટલું અંતર કાપવાનું બાકી રહે? ____________

૪. નડિયાદથી બોરીવલી પહોંચવા કેટલું અંતર કાપવું પડે? ____________

૫. અમદાવાદથી આણંદનું અંતર વધારે છે કે વડોદરાથી સુરતનું ____________ અંતર? કેટલું? ____________

**(૬) નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧. ૧૦૦ સેમી = ____________ મીટર

૨. ૩ મીટર = ____________ સેમી

૩. ૧૮ મીટર = ____________ સેમી

૪. ૧૦૦૦ મીટર = ____________ કિમી

૫. ૯ કિમી = ____________ મીટર

(૭) **ચંદ્રિકા પાસે મ્યુઝિયમની ૧૩૭ ટિકિટો છે. એક ટિકિટથી ૮ વ્યક્તિ મ્યુઝિયમમાં પ્રવેશ મેળવી શકે છે. તો આ ટિકિટો વડે કુલ કેટલી વ્યક્તિઓ મ્યુઝિયમમાં પ્રવેશ મેળવી શકશે?**

(૮) **અહીં આપેલા ☐ માં +, −, ×, ÷ પૈકી યોગ્ય ચિહ્ન મૂકો.**

૧. ૫૦ સેમી ☐ ૨ = ૧ મીટર

૨. ૭૫૦ મીટર ☐ ૨૫૦ મીટર = અડધો કિલોમીટર

૩. ૩૦૦૦ મીટર ☐ ૩ = ૧ કિલોમીટર

૪. ૮૫૦ મીટર ☐ ૧૫૦ મીટર = ૧ કિલોમીટર

૫. ૪૦ સેમી ☐ ૫ = ૨ મીટર

૬. ૭૫ સેમી ☐ ૨૫ સેમી = અડધો મીટર

(૯) ત્રણ વિદ્યાર્થીઓ નીચેના રમતના મેદાનની ફરતે ફરે છે. તેમણે નીચે મુજબ ચક્કર માર્યા. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.




| વિદ્યાર્થીનું નામ | મારેલા ચક્કરની સંખ્યા |
|---|---|
| આર્યન | ૩ |
| મિત્રા | ૪ |
| અનુજ | ૨ |

૧. કોણે સૌથી વધારે અંતર કાપ્યું ? કેટલા કિલોમીટર ?

૨. કોણે સૌથી ઓછું અંતર કાપ્યું? કેટલા કિલોમીટર ?

૩. આર્યન અને મિત્રાએ કાપેલા અંતર વચ્ચેનો તફાવત શોધો.

(૧૦) નીચેની આકૃતિ પરથી પ્રશ્નોના જવાબ આપો.

પૂર્વાને શાળાએથી ઘરે જવા માટે રસ્તાનો નકશો આપેલો છે. તેના પરથી પ્રશ્નોના જવાબ આપો.




૧. જો પૂર્વા શાળા-બગીચો-બેંક-ઘર આ રસ્તેથી ઘરે જાય, તો કેટલા કિલોમીટર અંતર થાય?

૨. જો પૂર્વા શાળા-પુસ્તકાલય-પોસ્ટઑફિસ-ઘર આ રસ્તે જાય તો કેટલા કિલોમીટર અંતર થાય?

૩. પૂર્વાને શાળાએથી ઘરે જવા માટે સૌથી ઓછા અંતરવાળો રૂટ કયો?

૪. શાળાએથી ઘરે જવા માટે કયા બે રૂટમાં સરખું અંતર થાય?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- દ્વારકા એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ સ્ટશેનેથી ઊપડીને દ્વારકા સુધી પહોંચે છે. આ ટ્રેન જે-જે સ્ટેશને રોકાય છે તે સ્ટેશનનું અમદાવાદથી અંતર નીચેના કોષ્ટકમાં આપેલું છે. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.

| રેલ્વે સ્ટેશનનું નામ | અમદાવાદથી અંતર (કિમીમાં) |
|---|---|
| અમદાવાદ | ૦ |
| વિરમગામ | ૬૬ |
| સુરેન્દ્રનગર | ૧૩૧ |
| વાંકાનેર | ૨૦૫ |
| રાજકોટ | ૨૪૭ |
| હાપા | ૩૨૩ |
| જામનગર | ૩૩૨ |
| ખંભાળિયા | ૩૮૬ |
| દ્વારકા | ૪૭૦ |

(૧) અમદાવાદથી હાપાનું અંતર કેટલું છે? ____________

(૨) વિરમગામથી રાજકોટનું અંતર કેટલું છે? ____________

(૩) સુરેન્દ્રનગરથી ખંભાળિયા પહોંચવા માટે કેટલા કિમી અંતર કાપવું પડે? ____________

(૪) એક મુસાફર રાજકોટથી ટ્રેનમાં બેસે છે. તે જામનગર સ્ટેશને ઊતરી જાય તો તેણે ટ્રેન દ્વારા કેટલું અંતર કાપ્યું ગણાય? ____________

(૫) ટ્રેન વાંકાનેર સુધી પહોંચી છે. દ્વારકા પહોંચવા માટે હજી કેટલું અંતર કાપવાનું બાકી છે? ____________

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૬) ૧૦૦૦ સેમી બરાબર કેટલા મીટર ? ☐

(A) ૧૦ (B) ૧૦૦ (C) ૧ (D) ૧૦૦૦

(૭) ૫૫ મીટર = ________ સેમી ☐

(A) ૫૫ (B) ૫૫૦ (C) ૫૫૦૦ (D) ૫૫૦૦૦

(૮) ૨૦ મીટર = ________ સેમી ☐

(A) ૨૦ (B) ૨૦૦ (C) ૨ (D) ૨૦૦૦

(૯) ૪૦૦૦ મીટર = ________ કિમી ☐

(A) ૪૦ (B) ૪૦૦ (C) ૪ (D) ૪૦૦૦

(૧૦) ૬ કિમી બરાબર કેટલા મીટર? ☐

(A) ૬ (B) ૬૦૦૦ (C) ૬૦ (D) ૬૦૦

**વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ**

| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 2.1 | | | | | | | | | | | | | |
| 2.2 | | | | | | | | | | | | | |

**જવાબો :**

**(૧)** **૨.** ૭ સેમી **૩.** ૪ સેમી **૪.** ૩ સેમી **૫.** ૨ સેમી

**૬.** ૧ સેમી **૭.** A થી B સુધીનું **૮.** G થી H સુધીનું **૯.** ૨૫ સેમી

**૧૦.** ૧૨ સેમી

**(૪)** **૧.** ઊંટ A **૨.** ઊંટ C **૩.** ૧૫૦ મી. **૪.** ૨૫૦ મી

**૫.** ૫૦ મી પાછળ

**(૫)** **૧.** ૧૩૦ કિમી **૨.** ૧૫૪ કિમી **૩.** ૧૯૪ કિમી **૪.** ૪૧૭ કિમી

**૫.** વડોદરાથી સુરત, ૬૬ કિમી વધારે

**(૬)** **૧.** ૧ **૨.** ૩૦૦ **૩.** ૧૮૦૦ **૪.** ૧

**૫.** ૯૦૦૦

**(૭)** **૧.** ૧૦૯૬

**(૮)** **૧.** × **૨.** – **૩.** ÷ **૪.** +

**૫.** × **૬.** –

**(૯)** **૧.** મિત્રાએ, ૮ કિલોમીટર ૮૦૦ મીટર **૨.** અનુજે, ૪ કિલોમીટર ૪૦૦ મીટર

**૩.** ૨ કિલોમીટર ૨૦૦ મીટર

**(૧૦)** **૧.** ૯ કિલોમીટર **૨.** ૬ કિલોમીટર **૩.** શાળા-પુસ્તકાલય-પોસ્ટઓફિસ-ઘર

**૪.** શાળા-પુસ્તકાલય-તળાવ-ઘર અને શાળા-તળાવ-ઘર

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

**(૧)** ૩૨૩ કિમી **(૨)** ૧૮૧ કિમી **(૩)** ૨૫૫ કિમી **(૪)** ૮૫ કિમી

**(૫)** ૨૬૫ કિમી **(૬)** ૧૦ **(૭)** ૫૫૦૦ **(૮)** ૨૦૦૦

**(૯)** ૪ **(૧૦)** ૬૦૦૦

# ૩ ભોપાલનો પ્રવાસ

## અધ્યયન નિષ્પત્તિ

M 407 રોજિંદા જીવનની પરિસ્થિતિઓ, સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ દ્વારા આપે છે. (નાણું, લંબાઈ, વજન, જથ્થો, અંતર, ગુંજાશ વગેરે આધારિત)

## વિષયવસ્તુના મુદ્દા

3.1 ગુણાકાર (બે અંકના એક અંક સાથે, ત્રણ અંકના બે અંક સાથે) અને ભાગાકાર (બે અંકના એક અંક વડે, ત્રણ અંકના એક અંક વડે) કરે.

3.2 ગુણાકાર - ભાગાકારના આંતર સંબંધોથી સમય, અંતર, રૂપિયા-પૈસા, ગુંજાશના વ્યવહારૂ કોયડા ઉકેલે.

## પૂર્વજ્ઞાન

- પાયાની ચાર ક્રિયાઓ (સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર)

**(૧) એક શાળાનાં ધોરણ ૧ થી ૫ના પ્રવાસમાં જતાં બાળકોની વિગત આપેલી છે. તેના આધારે પ્રશ્નોના જવાબ આપો.**

| ધોરણ | બાળકોની સંખ્યા |
|---|---|
| ૧ | ૩૫ |
| ૨ | ૩૦ |
| ૩ | ૪૦ |
| ૪ | ૫૨ |
| ૫ | ૫૩ |
| કુલ | |

૧. કુલ કેટલાં બાળકો પ્રવાસમાં જવાના છે? ________

૨. એક બસમાં ૪૦ બાળકો સમાય છે, તો બધાં બાળકોને પ્રવાસમાં લઈ જવા માટે કેટલી બસ જોઈશે? ________

૩. જો પાંચ બસ લઈ જવાની હોય તો કેટલાં બાળકોને બેસવાની સીટ નહિ મળે? ________

૪. જો ધોરણ-૪નાં બધાં બાળકોને એક જ બસમાં બેસાડીએ તો કેટલાં બાળકોને સીટ નહિ મળે? ________

૫. ધોરણ-૧ અને ૫નાં બાળકોને બે બસમાં સરખા ભાગે વહેંચીએ તો દરેક બસમાં કેટલાં બાળકો સમાય? કેટલાં બાળકોને સીટ નહિ મળે? ________

(૬) ક્રેન્સી, જેન્સી, જય અને મોન્ટુ મેળામાં જાય છે. તેઓ મેળામાંથી વિવિધ રમકડાં ખરીદે છે. ચકડોળમાં બેસવાની મજા માણે છે. આઈસક્રીમ ખાય છે અને શરબત પણ પીવે છે. ચારેય પાસે કુલ રૂપિયા ૧૫૦૦ છે. આપેલાં ચિત્રોનો અભ્યાસ કરી માંગેલા પ્રશ્નોના જવાબ લખો.


૨૫ રૂપિયા


૧૭૦ રૂપિયા


૧૦ રૂપિયા






૧૧૦ રૂપિયા


૧૦૦ રૂપિયા


૩૦ રૂપિયા

૧. ક્રેન્સી, જેન્સી, જય અને મોન્ટુ ચારેય આઈસ્ક્રીમ ખાય છે તો કુલ કેટલા રૂપિયા તેઓ વેપારીને ચૂકવે છે?

૨. ક્રેન્સી, જેન્સી, જય અને મોન્ટુ ચારેય શરબત પીવે છે, તો તેઓ કેટલા રૂપિયા ચૂકવે છે?

૩. જય અને મોન્ટુ બંને પોતાના માટે એક એક જેસીબી ખરીદે છે, તો બંનેએ ભેગા મળી વેપારીને કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે?

૪. ક્રેન્સી અને જેન્સી એક એક ઢીંગલી અને એક એક ફૂટબોલ ખરીદે છે. તો બંનેએ ભેગા મળી વેપારીને કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે?

૫. ચારેયને ચકડોળમાં બેસવાનો કુલ કેટલો ખર્ચ થયો હશે?

૬. કેન્સી, જેન્સી અને જય ત્રણેયે ભેગા મળી બંદૂક ખરીદવાના ૧૫૦ રૂપિયા વેપારીને ચૂકવ્યા તો દરેકે કેટલા રૂપિયા ચૂકવ્યા હશે?

૭. મોન્ટુ બે બેટ ખરીદે છે તો વેપારીને કુલ કેટલી રકમ ચૂકવે છે?

૮. કેન્સીએ મેળામાં કુલ કેટલો ખર્ચ કર્યો?

૯. મોન્ટુએ મેળામાં કુલ કેટલો ખર્ચ કર્યો?

૧૦. જેન્સીએ મેળામાં કુલ કુટલો ખર્ચ કર્યો?

૧૧. મેળામાં ચારેયે ભેગા મળી કુલ કેટલો ખર્ચ કર્યો?

૧૨. ચારેય જણાએ મેળામાં કુલ ખર્ચ કર્યા બાદ કેટલા રૂપિયા વધ્યા?

## (૩) સૂચના પ્રમાણે કરો.

૧. એક કંપાસની કિંમત ૩૬ રૂપિયા છે. તો આઠ કંપાસની કિંમત કેટલી થાય?

૨. એક વૉટરબૅગની કિંમત ૪૭ રૂપિયા છે. તો આવી છ વૉટરબૅગની કિંમત શોધો.

૩. એક સ્કૂલબૅગની કિંમત ૧૨૫ રૂપિયા છે તો આવી સત્તર સ્કૂલબૅગની કિંમત શોધો.

૪. એક પુસ્તકની કિંમત ૧૪૨ રૂપિયા છે તો આવાં પાંચ પુસ્તકોની કિંમત શોધો.

## (૪) સૂચના પ્રમાણે કરો.

૧. એક મોટરકાર એક કલાકમાં ૫૫ કિમીનું અંતર કાપે છે. તો તે ત્રણ કલાકમાં કેટલું અંતર કાપશે?

૨. એક ટ્રેન ચાર કલાકમાં ૩૬૦ કિમીનું અતંર કાપે છે તો તે ટ્રેન દરેક કલાકે કેટલું અંતર કાપે છે?

૩. પાણીની એક બોટલમાં ૭૫૦ મિલિ પાણી સમાય છે આવી ચાર બોટલમાં કુલ કેટલું પાણી સમાય?

૪. એક દૂધના કેનમાં ૯૦૦ મિલિ દૂધ ભરેલું છે. આ દૂધને ત્રણ નાના વાસણમાં એક સરખી રીતે ભરવાનું છે, તો દરેક વાસણમાં કુલ કેટલું દૂધ આવશે?

૫. એક સ્કૂલબૅગની કિંમત ૨૦૦ રૂપિયા અને એક કંપાસબૉક્સની કિંમત ૫૦ રૂપિયા છે. જીમીત બે સ્કૂલબૅગ અને ચાર કંપાસબૉક્સ ખરીદી દુકાનદારને ૫૦૦ રૂપિયાની બે નોટ આપે છે. તો દુકાનદાર જીમીતને કેટલા રૂપિયા પાછા આપશે?

૬. ૬૦ થી ૮૦ સુધીની સંખ્યાઓમાં એવી કઈ સંખ્યા છે કે જે ૫ અને ૭ વડે વિભાજ્ય હોય?

૭. દરેક ◯ અને દરેક □ માં સમાન અંક છે તથા ◯ના અંક, □ ના અંકથી જુદા પડે છે. તો નીચેના ગુણાકાર પરથી ◯ અને □ માં રહેલો અંક શોધો.

```
  ◯ ◯ ◯
  x     ૬
---------
  ૧ □ □ ૮
```

૮. એક થેલામાં સરખા-સરખા વજનની ૮ ચોપડીઓ છે. ચોપડીઓ સાથે થેલાનું કુલ વજન ૨૫૫૦ ગ્રામ છે. જો ફક્ત થેલાનું વજન ૯૫૦ ગ્રામ હોય તો એક ચોપડીનું વજન શોધો.

૯. ખૂટતા અંક લખો.

```
   ૭ ૪ □ ૨
 + □ ૮ ૭ □
-----------
   ૯ □ ૮ ૦
```

૧૦. અંકો ૩, ૫ અને ૭ની મદદથી બનતી ત્રણ અંકની તમામ સંખ્યાઓ લખો.

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

(૧) એક કલરબૉક્સની કિંમત ૧૫ રૂપિયા છે. તો ચાર કલરબૉક્સની કિંમત કેટલી થાય? ☐
(A) ૬૦૦ રૂપિયા (B) ૧૯ રૂપિયા (C) ૬૦ રૂપિયા (D) ૧૧ રૂપિયા

(૨) પેન્સિલના એક બૉક્સની કિંમત ૬૦ રૂપિયા છે. તો આવા પાંચ બૉક્સની કિંમત કેટલી થાય? ☐
(A) ૬૫ રૂપિયા (B) ૩૦૦ રૂપિયા (C) ૩૦ રૂપિયા (D) ૩૦૦૦ રૂપિયા

(૩) પાંચ ડ્રેસની કિંમત ૭૫૦ રૂપિયા છે તો એક ડ્રેસની કિંમત કેટલી થાય? ☐
(A) ૭૪૫ રૂપિયા (B) ૭૫૫ રૂપિયા (C) ૭૫૦૦ રૂપિયા (D) ૧૫૦ રૂપિયા

(૪) ચાર બેટની કિમંત ૯૬ રૂા. છે, તો એક બેટની કિંમત કેટલી થાય? ☐
(A) ૯૨ રૂપિયા (B) ૨૫ રૂપિયા (C) ૨૪ રૂપિયા (D) ૧૦૦ રૂપિયા

(૫) એક પાકીટની કિંમત ૧૬૦ રૂપિયા છે, તો આવાં સાત પાકીટની કિંમત શોધો. ☐
(A) ૧૧૨૦ રૂપિયા (B) ૧૧૨ રૂપિયા (C) ૧૬૭ રૂપિયા (D) ૧૫૩ રૂપિયા

(૬) ૨ લિટર એટલે કેટલા મિલિલિટર? ☐
(A) ૨૦૦ (B) ૨૦ (C) ૨૦૦૦ (D) ૨

(૭) એક બોટલમાં ૮૦૦ મિલિ શરબત સમાય છે. આવી ત્રણ બોટલમાં આ કેટલું શરબત સમાય? ☐
(A) ૨૪૦૦ મિલિ (B) ૮૦૩ મિલિ (C) ૨૪૦ મિલિ (D) ૭૯૭ મિલિ

(૮) એક વાસણમાં ૬૫૦ મિલિ દૂધ ભરેલું છે. પાંચ નાની બોટલમાં આ દૂધ એકસરખી રીતે ભરવામાં આવે તો દરેક બોટલમાં કેટલું દૂધ ભરાય? ☐
(A) ૩૨૫૦ મિલિ (B) ૧૩૦ મિલિ (C) ૬૫૫ મિલિ (D) ૧૩૦૦ મિલિ

(૯) એક ટ્રેન એક કલાકમાં ૭૦ કિમીનું અંતર કાપે છે તો આ ટ્રેન ચાર કલાકમાં કેટલું અંતર કાપે? ☐
(A) ૭૦૪ કિમી (B) ૨૮૦૦ કિમી (C) ૭૪ કિમી (D) ૨૮૦ કિમી

(૧૦) એક મોટરકાર ચાર કલાકમાં ૨૦૦ કિમીનું અંતર કાપે છે તો મોટરકારે દરેક કલાકે કાપેલું અંતર શોધો. ☐
(A) ૧૯૬ કિમી (B) ૪૦ કિમી (C) ૫૦ કિમી (D) ૨૦૪ કિમી

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 3.1 | | | | | | | | | | | | | |
| 3.2 | | | | | | | | | | | | | |

## જવાબો :

(૧) **૧.** ૨૧૦ **૨.** ૬ **૩.** ૧૦ **૪.** ૧૨

**૫.** દરેક બસમાં ૪૪ બાળકો સમાય. દરેક બસમાં ૪ બાળકોને સીટ નહિ મળે.

(૨) **૧.** ૧૨૦ રૂપિયા **૨.** ૪૦ રૂપિયા **૩.** ૩૪૦ રૂપિયા **૪.** ૫૦૦ રૂપિયા

**૫.** ૧૦૦ રૂપિયા **૬.** ૫૦ રૂપિયા **૭.** ૨૨૦ રૂપિયા **૮.** ૩૬૫ રૂપિયા

**૯.** ૪૫૫ રૂપિયા **૧૦.** ૩૬૫ રૂપિયા **૧૧.** ૧૪૭૦ રૂપિયા **૧૨.** ૩૦ રૂપિયા

(૩) **૧.** ૨૮૮ રૂપિયા **૨.** ૨૮૨ રૂપિયા **૩.** ૨૧૨૫ રૂપિયા **૪.** ૭૧૦ કિમી

(૪) **૧.** ૧૬૫ કિમી **૨.** ૯૦ કિમી **૩.** ૩૦૦૦ મિલિ અથવા ૩ લિટર

**૪.** ૩૦૦ મિલિ **૫.** ૪૦૦ રૂપિયા **૬.** ૭૦

**૭.** ◯ માં ૩ અને □ માં ૯ આવશે. **૮.** દરેક ચોપડીનું વજન ૨૦૦ ગ્રામ થશે.

**૯.**

| | | | | |
|---|---|---|---|---|
| | ૭ | ૪ | ૦ | ૨ |
| + | ૧ | ૮ | ૭ | ૮ |
| | ૯ | ૨ | ૮ | ૦ |

**૧૦.** ૩૫૭, ૩૭૫, ૫૩૭, ૫૭૩, ૭૩૫, ૭૫૩

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો :

(૧) ૬૦ રૂપિયા (૨) ૩૦૦ રૂપિયા (૩) ૧૫૦ રૂપિયા (૪) ૨૪ રૂપિયા

(૫) ૧૧૨૦ રૂપિયા (૬) ૨૦૦૦ (૭) ૨૪૦૦ મિલિ (૮) ૧૩૦ મિલિ

(૯) ૨૮૦ કિમી (૧૦) ૫૦ કિમી

# ૪ ટીક - ટીક - ટીક

## અધ્યયન નિષ્પત્તિ

M 408 ઘડિયાળનો સમય કલાક અને મિનિટમાં વાંચે છે અને સમયને am અને pmમાં દર્શાવે છે.

M 409 ૧૨ કલાક અને ૨૪ કલાકની ઘડિયાળને સમજે તેમજ તેમની વચ્ચેનો સંબંધ શોધે છે.

M 4010 રોજિંદા જીવનમાં બનતી ઘટનાઓના સમયગાળાની ગણતરી કરે છે અને ઘટનાઓને ક્રમમાં ગોઠવે છે.

## વિષયવસ્તુના મુદ્દા

4.1 ઘડિયાળમાં સમય જોવો.

4.2 સમયગાળો અને ઘટનાક્રમ

4.3 ૨૪ કલાકની ઘડિયાળ અને ૧૨ કલાકની ઘડિયાળની સરખામણી

4.4 સમયની am અને pmમાં રજૂઆત

## પૂર્વજ્ઞાન

- સમયની પ્રાથમિક સમજ

---

(૧) ચાર મિત્રો ઘડિયાળમાં સમય જુએ છે, કોણ સાચું? યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. |  | ૧૨ : ૦૫<br>○ (A)<br>રીયાન | ૧ : ૦૦<br>○ (B)<br>અંજલી | ૧ : ૧૨<br>○ (C)<br>અહમદ | ૧૨ : ૦૧<br>○ (D)<br>સીતા |
| ૨. |  | ૧૧ : ૪૫<br>○ (A)<br>નીતા | ૧૨ : ૪૫<br>○ (B)<br>રોશન | ૯ : ૦૦<br>○ (C)<br>જેમ્સ | ૯ : ૧૨<br>○ (D)<br>ટીના |
| ૩. |  | ૪ : ૩૦<br>○ (A)<br>ભૌમિક | ૬ : ૨૦<br>○ (B)<br>આસ્થા | ૫ : ૩૦<br>○ (C)<br>અર્પિતા | ૪ : ૦૬<br>○ (D)<br>ઈશ |

(૨) નીચેનામાંથી કઈ ઘડિયાળ સાચો સમય દર્શાવે છે?

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ૦૩ : ૧૦ |  |  |  |  |
| | | (A) | (B) | (C) | (D) |
| ૨. | ૦૫ : ૪૫ |  |  |  |  |
| | | (A) | (B) | (C) | (D) |
| ૩. | ૦૮ : ૨૫ |  |  |  |  |
| | | (A) | (B) | (C) | (D) |

(૩) નીચેનાં ચિત્રો પરથી કહો કે મિનિટ કાંટાને ખસતાં કેટલો સમય લાગશે?

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. |  | થી |  | (A) | ૨૫ મિનિટ |
| | | | | (B) | ૩૦ મિનિટ |
| | | | | (C) | ૧૫ મિનિટ |
| | | | | (D) | ૨૦ મિનિટ |
| ૨. |  | થી |  | (A) | ૧૦ મિનિટ |
| | | | | (B) | ૪ કલાક |
| | | | | (C) | ૨ કલાક |
| | | | | (D) | ૨૦ મિનિટ |
| ૩. |  | થી |  | (A) | ૩૦ મિનિટ |
| | | | | (B) | ૨૦ મિનિટ |
| | | | | (C) | ૧૦ મિનિટ |
| | | | | (D) | ૪૦ મિનિટ |

(૪) નીચે આપેલી પ્રવૃત્તિઓમાંથી કઈ પ્રવૃત્તિ માટે તમને વધારે સમય લાગશે?

(A) ચા બનાવતાં (B) તમારી શાળાના મેદાનની સફાઈ કરતાં

(C) બ્રશ કરતાં (D) તમારા વર્ગખંડની સફાઈ કરતાં

(૫) નીચે આપેલી પ્રવૃત્તિઓમાંથી કઈ પ્રવૃત્તિ કરતાં તમને ઓછો સમય લાગશે?

(A) સ્નાન કરતાં (B) ભોજન કરતાં (C) ગૃહકાર્ય કરતાં (D) વાળ ઓળાવતાં

(૬) નીચે આપેલી પ્રવૃત્તિઓમાંથી કઈ પ્રવૃત્તિ કરતાં એક મિનિટ કરતાં વધારે સમય થાય?

(A) ચપટી વગાડવી (B) આંખ પટપટાવવી

(C) હાથ હલાવવો (D) શાળાએથી ઘરે જવામાં

(૭) કઈ પ્રવૃત્તિ એક મિનિટ કરતાં ઓછા સમયમાં કરી શકાય?

(A) ઊભા થવું (B) ૧૦૦ વખત દોરડું કૂદવું

(C) ૨૦૦ મીટર દોડવું (D) ઘરેથી શાળમાં આવવું

(૮) કઈ રમત એક કલાક કરતાં ઓછા સમયમાં પૂર્ણ થશે?

(A) ફૂટબોલ (B) કબડ્ડી (C) ક્રિકેટ (D) હોકી

(૯) રમણ ૭ : ૪૫ વાગ્યે ગૃહકાર્ય કરવા બેસે છે. તેનું ગૃહકાર્ય ૧૫ મિનિટમાં પૂર્ણ થાય છે. ત્યારે તે ઘડિયાળ સામે જુએ છે, તો તે વખતે ઘડિયાળમાં કેટલા વાગ્યા હશે?

(A) ૮ : ૪૫ (B) ૮ : ૧૫ (C) ૭ : ૬૦ (D) ૮ : ૦૦

(૧૦) સાંજના ૬ : ૦૦ વાગે એટલે...

(A) ૬ : ૦૦ AM (B) ૬ : ૦૦ કલાક (C) ૧૮ : ૦૦ કલાક (D) ૧૬ : ૦૦ કલાક

(૧૧) તારીખ ૦૧/૦૯/૨૦૧૭ને કઈ રીતે લખી શકાય?

(A) ૯ જાન્યુઆરી, ૨૦૧૭ (B) ૧ સપ્ટેમ્બર, ૨૦૧૭

(C) ૨૦૧૭ સપ્ટેમ્બર, ૧ (D) સપ્ટેમ્બર ૨૦૧૭, ૧

(૧૨) ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ને અંકોમાં કઈ રીતે લખાય?

(A) ૦૨/૨૪/૨૦૧૮ (B) ૨૪/૦૨/૨૦૧૮ (C) ૦૨/૨૦૧૮/૨૪ (D) ૨૦૧૮/૨૪/૦૨

(૧૩) જ્હોન અમદાવાદથી તેના પિતાજીને તારીખ ૧૮/૦૧/૨૦૧૮ના રોજ પત્ર લખે છે. આ પત્ર તેના પિતાજીને તારીખ ૨૭/૦૧/૨૦૧૮ના રોજ મળે છે. તો તેના પિતાને પત્ર કેટલામા દિવસે મળ્યો?

(A) ૧૦ દિવસ (B) ૯ દિવસ (C) ૮ દિવસ (D) ૬ દિવસ

(૧૪) જૈની તેના બા-બાપુજી સાથે તારીખ ૨૦/૦૨/૨૦૧૮ થી ૨૪/૦૨/૨૦૧૮ સુધી કચ્છના પ્રવાસે ગઈ. તો તે કેટલા દિવસ માટે પ્રવાસે ગઈ?

(A) ૭ દિવસ (B) ૪ દિવસ (C) ૬ દિવસ (D) ૫ દિવસ

(૧૫) વિદ્યા શાળમાં તા. ૦૬/૧૧/૨૦૧૭ થી ચાર દિવસ માટે શાળામાં ન જવા માટે તેના વર્ગ શિક્ષકને રજા ચિઠ્ઠી લખે છે. તો તેણે કઈ તારીખ સુધી રજા માટે માંગણી કરી હશે?

(A) ૦૬/૧૧/૨૦૧૭ (B) ૧૦/૧૧/૨૦૧૭ (C) ૦૯/૧૧/૨૦૧૭ (D) ૧૧/૧૧/૨૦૧૭

(૧૬) ગણેશ દરરોજ ૭ કલાક સૂવે છે. તો અઠવાડિયાના કેટલા કલાક સૂતો હશે?

(A) ૪૨ કલાક (B) ૩૫ કલાક (C) ૪૮ કલાક (D) ૪૯ કલાક

(૧૭) ટેનિસની મેચ ૫ : ૨૦ pm પર પૂરી થઈ. જો આ મેચ ૩ કલાક સુધી ચાલી હોય તો આ મેચ કેટલા વાગે શરૂ થઈ હશે?

(૧૮) ધ્વનિને શાળમાં જતાં ૩૫ મિનિટનો સમય લાગે છે. જો પોતાના ઘરેથી સવારે ૧૦ : ૧૦ વાગ્યે શાળાએ જવા નીકળે તો કેટલા વાગ્યે શાળામાં પહોંચશે?

(૧૯) જુઓ અને પૂર્ણ કરો.

| | મુન્નાની ઘડિયાળ | મુન્નીની ઘડિયાળ | |
|---|---|---|---|
| ૧. |  |  | • મુન્નાની ઘડિયાળનો સમય. ___________<br>• મુન્નીની ઘડિયાળનો સમય. ___________<br>• બંને ઘડિયાળ વચ્ચેનો સમયગાળો. ___________ |
| ૨. |  |  | • મુન્નાની ઘડિયાળનો સમય ૨૪ કલાકની ઘડિયાળ મુજબ. ___________<br>• મુન્નીની ઘડિયાળનો સમય ૧૨ કલાકની ઘડિયાળ મુજબ. ___________<br>• બંને ઘડિયાળ વચ્ચેનો સમયગાળો ___________ |

(૨૦) નીચે આપેલ સમય ઘડિયાળમાં દર્શાવો.

| ૧૦ : ૫૦ | ૪ : ૦૫ | ૧ : ૩૦ | ૯ : ૦૦ | ૧૧ : ૩૫ |
|---|---|---|---|---|
|  |  |  |  |  |

(૨૧) ચિત્રમાં આપેલ વિગત વાંચી પ્રશ્નોના જવાબ આપો.




૧. ઉત્પાદનની તારીખ કઈ છે?

૨. આ દવા કઈ તારીખ સુધીમાં ઉપયોગમાં લઈ શકાય?

૩. આ દવા તારીખ ૦૩/૦૫/૨૦૧૯ કે તે પછી ઉપયોગમાં લઈ શકાય? કેમ?

૪. આ દવા કેટલા વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાય?

૫. આ દવા ૨૦૧૮ના વર્ષમાં ઉપયોગમાં લઈ શકાય?

(૨૨) જોડકાં જોડો.

| (અ) | | | (બ) | |
|---|---|---|---|---|
| (૧) | ૬૦ મિનિટ | | (૧) | ૫ અઠવાડિયાં |
| (૨) | ૨૪ કલાક | | (૨) | ૧૫ મિનિટ |
| (૩) | ૧/૪ કલાક | | (૩) | ૧ દિવસ |
| (૪) | ૩૬૦ મિનિટ | | (૪) | ૧ કલાક |
| (૫) | ૩૫ દિવસ | | (૫) | ૬ કલાક |

(૨૩) નીચે આપેલ કોષ્ટક જુઓ અને પૂર્ણ કરો.

| ઘડિયાળનો સમય (૧૨ કલાક) | | ઘડિયાળનો સમય (૨૪ કલાક) |
|---|---|---|
| (૧) | ૭ : ૩૦ am | |
| (૨) | | ૧૯ : ૦૦ કલાક |
| (૩) | ૧૧ : ૧૫ pm | |
| (૪) | | ૩ : ૦૦ કલાક |
| (૫) | ૧૨ : ૦૦ am | |
| (૬) | | ૧૦ : ૦૦ કલાક |

(૨૪) અહીં નોંધપોથી (રોજનીશી)નાં કેટલાંક પાનાં આપેલાં છે તેનો અભ્યાસ કરો અને પ્રશ્નોના જવાબ આપો.

| (A) | (B) | (C) | (D) |
|---|---|---|---|
| ૧૯ જુલાઈ, ૨૦૧૦ કાવ્યાનો જન્મ થયો. | ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૧ કાવ્યાને પ્રથમ દાંત ફૂટ્યો. | ૨૦ એપ્રિલ, ૨૦૧૧ કાવ્યા બેસતાં શીખી. | ૧ મે, ૨૦૧૧ કાવ્યા ચાર પગે ચાલતાં શીખી. |

| (E) | (F) | (G) |
|---|---|---|
| ૧૨ જૂન, ૨૦૧૧ કાવ્યા પ્રથમ વખત ઊભી થઈ. | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ કાવ્યાએ કેળું ખાધું. | ૨૨ જુલાઈ, ૨૦૧૧ કાવ્યાએ બે પગે ચાલવાનું શરૂ કર્યું. |

૧. કાવ્યાના જીવન કાળને યોગ્ય ક્રમમાં ગોઠવો.

___

___

૨. ૧૬/૦૨/૨૦૧૧ના રોજ કાવ્યાએ શું કર્યું?

___

___

૩. કેટલી ઉંમરે કાવ્યા ચાર પગે ચાલતાં શીખી?

___

___

૪. કાવ્યા બેસતાં શીખી ત્યારે તેની ઉંમર કેટલી હતી?

___

___

૫. કાવ્યાએ પ્રથમ કર્યું -

(A) ચાર પગે ચાલતાં શીખી. (B) ઊભી રહી.

(C) કેળું ખાધું. (D) દાંત ફૂટ્યો.

(૨૫) રવિવારે સવારે ૧૦ વાગે વરસાદ પડવાનો ચાલુ થયો અને બપોરે ૩ : ૧૫ વાગે બંધ થયો તો વરસાદ કેટલો સમય પડ્યો?

___

___

(૨૬) 


અહીં એક તાજી કેળા વેફરનું પેકેટ આપેલ છે અને તેના પર ઉત્પાદનની તારીખ અને સમાપ્તિ તારીખ દર્શાવેલ છે. તો આ વેફર કેટલા સમય સુધી ખાવાલાયક રહેશે?

(૨૭) જો સોમવારે સવારે ૫ : ૫૫ વાગ્યે સૂરજ ઊગ્યો અને દિવસની અવધિ ૧૩ કલાક ૦૫ મિનિટ હોય તો સૂરજ કેટલા વાગ્યે આથમ્યો હશે?

(૨૮) અનિતા ઘરેથી શાળાએ જવા માટે ૯ : ૩૫ વાગ્યે નીકળે છે અને શાળાએ ૧૦ : ૧૫ વાગ્યે પહોંચે છે, તો અનિતાએ ઘરેથી શાળાએ જવા માટે કેટલો સમય લીધો?

(૨૯) એપ્રિલ

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | | | |

સંગીતા આજથી ૧ અઠવાડિયા ૫ દિવસ પહેલા નવો ફોન લાવે છે અને જો ૧૫ એપ્રિલે નવો ફોન લાવી હોય તો આજની તારીખ કઈ હશે?

(૩૦) વર્ષમાં કુલ કેટલા અને કયા કયા મહિનામાં ૩૧ દિવસ હોય છે?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

(૧) નીચે આપેલાં ચિત્રોમાંથી કયું ચિત્ર સવારનું છે?

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| (A) | (B) | (C) | (D) |

(૨) આપેલી ઘડિયાળનો સાચો સમય કયો છે?



| | | | |
|---|---|---|---|
| ૧૨ : ૦૦ | ૧૨ : ૩૦ | ૬ : ૦૦ | ૬ : ૩૦ |
| (A) | (B) | (C) | (D) |

(૩) નીચેનામાંથી કઈ ઘડિયાળ લખ્યા પ્રમાણેનો સમય દર્શાવે છે?

| | | | | |
|---|---|---|---|---|
| ૨ : ૩૦ |  |  |  |  |
| | (A) | (B) | (C) | (D) |

(૪) મિનિટકાંટાને ખસતાં કેટલો સમય લાગશે?

| | | | | |
|---|---|---|---|---|
|  | થી |  | (A) | ૧૦ મિનિટ |
| | | | (B) | ૪૫ મિનિટ |
| | | | (C) | ૨૦ મિનિટ |
| | | | (D) | ૩૦ મિનિટ |

(૫) સાંજના ૮ : ૦૦ ને ૨૪ કલાકની ઘડિયાળ પ્રમાણે લખતાં...

(A) ૮ : ૦૦ am (B) ૮ : ૦૦ કલાક (C) ૨૦ : ૦૦ કલાક (D) ૧૮ : ૦૦ કલાક

- **સૂચના મુજબ કરો.**

(૬) આપેલા સમયને ઘડિયાળમાં દર્શાવો.

| | | |
|---|---|---|
|  |  |  |
| ૧૧ : ૩૦ | ૦૯ : ૩૦ | ૦૫ : ૦૦ |

(૭) ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે વન-ડે મેચ ૧૬ : ૩૦ કલાકે શરૂ થાય છે અને ૨૩ : ૩૦ કલાકે પૂરી જાય છે. તો આ વન-ડે મેચ કેટલો સમય ચાલી? ____________

(૮) રીમા સવારના ૮ : ૧૫ કલાકે તેના ઘરેથી ચાલવા નીકળે છે. તે ૧ કિલોમીટર ચાલે છે. આ અંતર ચાલવા માટે તેને ૨૦ મિનિટનો સમય લાગે છે. તો તેણે ૧ કિલોમીટર અંતર કેટલા વાગ્યે પૂર્ણ કર્યું?

____________

(૯) ૪ અઠવાડિયાં એટલે કેટલા દિવસ થાય? ____________

(૧૦) કોષ્ટક પૂર્ણ કરો.

| માસનાં નામ | દિવસની સંખ્યા |
|---|---|
| જૂન | |
| ફેબ્રુઆરી | |
| માર્ચ | |
| ડીસેમ્બર | |
| એપ્રિલ | |
| જાન્યુઆરી | |
| સપ્ટેમ્બર | |
| ઑક્ટોબર | |
| જુલાઈ | |
| મે | |
| ઑગસ્ટ | |

**જવાબો :**

**(૧)** B-અંજલી, C-જેમ્સ, A-ભૌમિક

**(૨)** ૩ : ૧૦ - A, ૫ : ૪૫ - D, ૮ : ૨૫ - B

**(૩)** B-૩૦ મિનિટ, C-૨ કલાક, B-૨૦ મિનિટ

**(૪)** B-તમારી શાળાના મેદાનની સફાઈ કરતાં

**(૫)** D-વાળ ઓળાવતાં

**(૬)** D-શાળાએથી ઘરે જવામાં

**(૭)** A-ઊભા થવામાં

**(૮)** B-કબડ્ડી

(૯) D-૮ : ૦૦

**(૧૦)** C-૧૮ : ૦૦ કલાક

**(૧૧)** B - ૧ સપ્ટેમ્બર, ૨૦૧૭

**(૧૨)** B-૨૪/૦૨/૨૦૧૮

**(૧૩)** A-૧૦ દિવસ

**(૧૪)** D-૫ દિવસ

**(૧૫)** C-૦૯/૧૧/૨૦૧૭

**(૧૬)** D-૪૯ કલાક

**(૧૭)** ૨ : ૨૦ pm

**(૧૮)** ૧૦ : ૪૫ વાગ્યે

**(૧૯)** **૧.** મુન્નાની ઘડિયાળનો સમય - ૪ : ૦૦

મુન્નીની ઘડિયાળનો સમય - ૮ : ૦૦

બંને ઘડિયાળ વચ્ચેનો સમયગાળો - ૪ : ૦૦ કલાક

**૨.** મુન્નાની ઘડિયાળનો સમય ૨૪ કલાકની ઘડિયાળ મુજબ ૭ : ૧૫ am

મુન્નીની ઘડિયાળનો સમય ૧૨ કલાકની ઘડિયાળ મુજબ ૩ : ૧૫ pm

બંનેની ઘડિયાળ વચ્ચેનો સમયગાળો - ૮ : ૦૦ કલાક

**(૨૧) ૧.** ૦૨/૦૫/૨૦૧૬ **૨.** ૦૨/૦૫/૨૦૧૯ **૩.** ના **૪.** ૩ વર્ષ

**૫.** હા

**(૨૨)** ૧-૪, ૨-૩, ૩-૨, ૪-૫, ૫-૧

**(૨૩) ૧.** ૭ : ૩૦ કલાક, **૨.** ૭ : ૦૦ pm **૩.** ૨૩ : ૧૫ કલાક **૪.** ૩ : ૦૦ am

**૫.** ૦ : ૦૦ અથવા ૨૪ : ૦૦ **૬.** ૧૦ : ૦૦ am

**(૨૪) ૧.** A - B - F - C - D - E - G **૨.** કેળું ખાધું **૩.** આશરે ૧૦ મહિનાની ઉંમરે

**૪.** ૯ મહિના **૫.** C - કેળું ખાધું

**(૨૫)** ૫ કલાક ૧૫ મિનિટ **(૨૬)** ૬ મહિના **(૨૭)** સાંજે ૭ વાગે **(૨૮)** ૪૦ મિનિટ

**(૨૯)** ૨૭ એપ્રિલ **(૩૦)** ૭ મહિના, જાન્યુઆરી, માર્ચ, મે, જુલાઈ, ઑગસ્ટ, ઑક્ટોબર, ડીસેમ્બર

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો :

**(૧)** A **(૨)** C ૬:૦૦ **(૩)** C **(૪)** B - ૪૫ મિનિટ

**(૫)** C **(૭)** ૭ કલાક **(૮)** ૮ : ૩૫ વાગ્યે **(૯)** ૨૮ દિવસ

**(૧૦)** ૩૦

૨૮ કે ૨૯

૩૧

૩૦

૩૧

૩૦

૩૧

૩૧

૩૦

૩૧

૩૧

૩૧

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 4.1 | | | | | | | | | | | | | |
| 4.2 | | | | | | | | | | | | | |
| 4.3 | | | | | | | | | | | | | |
| 4.4 | | | | | | | | | | | | | |

- **તારિખીયું / કેલેન્ડરનો અભ્યાસ કરીને -**

**પ્રવૃત્તિ - ૧ : એક અઠવાડિયા સુધી ચંદ્ર ઊગવાનો સમય, સૂર્ય ઊગવાનો સમય, સૂર્ય આથમવાના સમયની નોંધ કરો અને તેના આધારે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

| ક્રમ | તારીખ | વાર | સૂર્ય ઊગવાનો સમય | સૂર્ય આથમવાનો સમય | ચંદ્ર ઊગવાનો સમય |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**૧. તમે નોંધેલા સૂર્યના ઊગવાના સમયના આધારે શું તારણ કાઢી શક્યા?**

________________________________________

________________________________________

૨. સૂર્યના આથમવાના સમયના આધારે તમે શું તારણ કાઢી શકો છો?

________________________________________

________________________________________

૩. ચંદ્ર સોમવાર કરતાં મંગળવારે વહેલો દેખાશે કે મોડો? કેટલો સમય?

________________________________________

________________________________________

૪. જો ચંદ્ર આજે સાંજે ૭ : ૩૫ મિનિટે દેખાય છે તો બીજા દિવસે કેટલા વાગ્યે દેખાશે?

- **પ્રવૃત્તિ - ૨ : ૨૦૦ મીટરની દોડ દોડો.**

| મિત્રનું નામ | દોડ શરૂ કર્યાનો સમય | દોડ પૂર્ણ કર્યાનો સમય | દોડ પૂર્ણ કરવા માટે લીધેલો સમય |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

૧. ૨૦૦ મીટરની દોડ કોણે ઝડપી પૂર્ણ કરી?

૨. ૨૦૦ મીટરની દોડ પૂરી કરવા કોણે સૌથી વધારે સમય લીધો?

# ૫ દુનિયા જોવાનો રસ્તો

## અધ્યયન નિષ્પત્તિ :

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

## વિષયવસ્તુના મુદ્દા :

5.1 વિવિધ વસ્તુઓને જુદી-જુદી દિશા / સ્થળ અને અંતરેથી જુએ અને કેવી દેખાય છે તેનું ચિત્ર દોરે છે.

5.2 ડાબી / જમણી દિશાની સમજ અને ચોક્કસ પરિસ્થિતિમાં બદલાતી દિશાઓ.

5.3 બૉક્સને દ્વિપરિમાણીય સપાટી પર દર્શાવવું.

## પૂર્વજ્ઞાન

- આકારોની સમજ
- સરખામણી

---

(૧) **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧. કઈ બાજુથી જોતાં ગુલાબનું ફૂલ આવું દેખાશે તે કહો.



(A) ઉપરથી
(B) બાજુથી
(C) નીચેથી
(D) સામેથી

૨. કઈ બાજુથી જોતાં કાર આ પ્રમાણે દેખાય?



(A) આગળથી (B) પાછળથી
(C) ઉપરથી (D) બાજુએથી

૩. આ પાસાને સામેની બાજુથી જોતાં કેવો દેખાશે?




(A) અ (B) ક
(C) બ (D) આમાંથી એક પણ નહીં

૪. કઈ રીતે જોતાં મંદિર આ રીતે દેખાશે?



(A) સામેથી (B) પાછળથી

(C) ઉપરથી (D) બાજુથી

૫. આ નળાકારને ઉપરથી જોતાં કેવો દેખાશે?



(A)  (B) 

(C)  (D) 

૬. ઘરને સામેથી જોતાં કેવું દેખાશે?



(A)  (B) 

(C)  (D) 

(૨) સૂચના મુજબ દોરો.

૧. બરાબર નીચેથી જોતાં દેખાતા પંખાનું ચિત્ર

૨. કચરાપેટીના ડબ્બાને બાજુએથી જોતાં

૩. કચરાપેટીના ડબ્બાને ઉપરથી જોતાં

૪.  ને સામેથી જોતાં

(૫) કમ્પ્યૂટરના C.P.U. ને ઉપરથી જોતાં

(૩) **જોડકાં જોડો.**

વિભાગ-અ (વસ્તુ)

૧ 

૨ 

૩ 

૪ 

વિભાગ-બ (ઉપરથી જોતાં કેવી દેખાશે ?)

૧ 

૨ 

૩ 

૪ 

(૪) **સૂચના મુજબ કરો.**

૧. એક બૉક્સને ખોલતાં તેની બહારની સપાટીઓ આ મુજબ દેખાય છે. તમે આવી પટ્ટી કાપો અને તેના આધારે બૉક્સ બનાવો. તેને અલગ-અલગ રીતે જોતાં કેવું દેખાશે તે લખો.






૨. એક બૉક્સને જોતાં તેના પર નીચે પ્રમાણેના અંકો દેખાય છે. આ બૉક્સની સામ સામેની બાજુની સપાટી પરના અંકોનો સરવાળો ૨૭ થાય છે. તેને ખોલતાં કઈ નેટ આકૃતિ તૈયાર થશે.




(A)




(B)




(C)




(D)



(૫) અહીં આપેલું ચિત્ર એ ધીરજના ઘર પાસે આવેલા બહુમાળી મકાન પરથી જોવા મળેલ દૃશ્યનું છે. ચિત્ર જુઓ અને તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.




૧. આઈસક્રીમ પાર્લર પાસે કયો દરવાજો છે? ________________

૨. મનીષાના ઘરથી સૌથી દૂર આવેલ બગીચાનો ગેટ કયો છે? ________________

૩. જૈની બગીચામાં પ્રવેશે ત્યારે તે તેની ડાબી બાજુએ વડનું ઝાડ જુએ છે તો તે કયા દરવાજામાંથી પ્રવેશી હશે?

________________

૪. તમે દરવાજા-B પાસે ઊભા હોય તો તમારાથી સૌથી દૂર શું હશે?

(A) અબ્દુલની દુકાન

(B) આઈસક્રીમ પાર્લર

(C) રામુની મીઠાઈની દુકાન

(D) લપસણી

૫. દરવાજા-A થી પ્રવેશો તો તમારી ડાબી બાજુએ શું શું હશે?

________________________________________________

(૬) આપેલા નકશાના આધારે જૈની અને ઈશનો સંવાદ પૂર્ણ કરો.




(જૈનીને ઈશના ઘરે જવું છે. તે માટે તે ઈશને ફોન કરે છે. ઈશ જૈનીને તેના ઘરનો રસ્તો બતાવે છે.)

ઈશ : તારા ઘરથી બૅંક સુધી પહોંચ. ત્યાંથી ____________(જમણી/ડાબી) બાજુએ વળીને ચાલ. ત્યાંથી આગળ નદી પાસે ત્રણ રસ્તા આવશે. ત્યાંથી ____________ (જમણી/ડાબી) બાજુએ ચાલ. થોડું આગળ જઈને ____________(જમણી/ડાબી) બાજુએ વળાંક લે. ત્યાં પેટ્રોલ પંપ પાસેથી ____________ (જમણી/ડાબી) બાજુએ વળીને આગળ ચાલ. આગળ જતાં ચાર રસ્તા આવશે. ત્યાંથી સીધેસીધી ચાલી આવ. ફરીથી ચાર રસ્તા આવશે. ત્યાંથી ____________(જમણી/ડાબી) બાજુએ વળ અને ચાલ. આગળ જતાં તારી ____________(જમણી/ડાબી) બાજુએ બગીચો દેખાશે. આ બગીચાની પાસે મારું ઘર છે.

(૭) અહીં બે પાસા પર અંકો દર્શાવેલ છે તો અહીં બંને પાસાની નીચેની સપાટી પરના અંકોનો સરવાળો કેટલો થશે?

(નોંધ : પાસાના સામસામેની બાજુના અંકોનો સરવાળો ૭ થાય છે.)



(૮) 

ને ઉપરથી જોતાં કેવુ દેખાશે તે દોરો.

(૯) જ્યારે વસ્તુઓને ઉપરથી, બાજુએથી અને સામેથી જોઈએ છીએ ત્યારે.

(A) જુદા જુદા પ્રકારની દેખાય છે.

(B) એક જ પ્રકારની દેખાય છે.

(C) વસ્તુ પર આધારિત છે કે એક જ પ્રકારની દેખાય કે જુદા જુદા પ્રકારની દેખાય છે.

(૧૦) નીચેનામાંથી કયા આકારને ઉપરથી જોતાં ☐ પ્રકારનો દેખાશે નહીં.

(A)  (B)  (C)  (D) 

(૧૧) કોઈ વસ્તુને નજીકથી જોતાં ____________ અને દૂરથી જોતાં ____________ દેખાય છે.

(A) મોટી, નાની (B) નાની, મોટી (C) વસ્તુ જેવડી, નાની (D) મોટી, વસ્તુ જેવડી

(૧૨) વધારે ઊંચાઈએથી કોઈ વસ્તુને જોતાં કેવી દેખાય છે?

(A) નાની (B) મોટી (C) વસ્તુ જેવડી (D) નક્કી ન કહી શકાય

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) કારને ઉપરથી જોતાં કેવી દેખાય?

(A)  (B)  (C)  (D) 

(૨)  ને સામેથી જોતાં કેવું દેખાય?

(A)  (B)  (C)  (D) 

(૩)  ને ડાબી બાજુથી જોતાં કેવું દેખાય?

(A)  (B)  (C)  (D) 

(૪)  આ ખોખાને ખોલતાં દેખાતું સાચું ચિત્ર કયું છે?

(A)  (B)  (C)  (D) 

- **વસ્તુને જુદી જુદી જગ્યાએથી જોતાં તે કેવું દેખાશે તે દોરો.**

(૫) LED ટીવીને સામેથી જોતાં

(૬) ગ્લાસને ઉપરથી જોતાં

(૭) મંદિરને સામેથી જોતાં

(૮) તમારા ઘરને બાજુએથી જોતાં

(૯) લપસણીને બાજુએથી જોતાં

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 5.1 | | | | | | | | | | | | | |
| 5.2 | | | | | | | | | | | | | |
| 5.3 | | | | | | | | | | | | | |

## જવાબો

(૧) ૧. A-ઉપરથી ૨. D-બાજુએથી ૩. C - બ ૪. D - બાજુથી

૫. C -  ૬. D - 

(૩) ૧-૪, ૨-૩, ૩-૨, ૪-૧ ૧. - ૨. D

(૫) ૧. ગેટ D ૨. ગેટ C ૩. ગેટ B

૪. (C-) રામુની મીઠાઈની દુકાન

(૭) ૯ (૯) C (૧૦) C-સમઘન (૧૧) A

(૧૨) A - નાની

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો :

(૧) D (૨) B (૩) B (૪) A

# ૬ ભંગાર વેચનાર

**અધ્યયન નિષ્પત્તિ :**

M 401 સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

M 407 રોજિંદા જીવનની પરિસ્થિતિઓ - સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ દ્વારા આપે છે. (નાણું, લંબાઈ, વજન, જથ્થો, અંતર, ગુંજાશ વગરે આધારિત)

**વિષયવસ્તુના મુદ્દા :**

6.1 રોજિંદા જીવનમાં ૨ અને ૩ અંકની સંખ્યાઓના ગુણાકારનું ઉપયોજન કરે છે.

6.2 રોજિંદા જીવનની (નાણાંને લગતી) સાદી પરિસ્થિતિઓ આધારિત કોયડા ચાર ક્રિયાઓની મદદથી ઉકેલે છે.

**પૂર્વજ્ઞાન**

- સરવાળાની વ્યવહારિક સમજ
- ઘડિયા
- નાણાનો ખ્યાલ
- સ્થાનકિંમતની સમજ

---

**(૧) યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧. નીચેનામાંથી કોનો જવાબ ૪ × ૩ બરાબર નથી? ☐

(A) ૨ × ૬ (B) ૧૨ × ૧ (C) ૩ × ૪ (D) ૪ × ૪

૨. નીચેનામાંથી કોનો જવાબ ૪૦ આવે? ☐

(A) ૯ × ૫ (B) ૨ × ૧૦ (C) ૧૦ × ૪ (D) ૭ × ૬

૩. ૪ × ૮૦ કરતાં ૪ × ૮૧માં ............. વધુ છે. ☐

(A) ૮૦ (B) ૪ (C) ૮૧ (D) ૧

૪. એક વ્યક્તિ રોજના ૧૦૦ રૂપિયા કમાય છે તો તે ૧૦ દિવસમાં કેટલા રૂપિયા કમાશે? ☐

(A) ૧૦૦ રૂપિયા (B) ૧૧૦ રૂપિયા (C) ૧૦૦૦ રૂપિયા (D) ૧૦૧૦ રૂપિયા

૫. ૯ વખત ૨૦ એટલે ........... ☐

(A) ૧૮૦ (B) ૨૦૦ (C) ૨૯ (D) ૧૮૯

૬. ૫૦ રૂપિયાની ૧૦ નોટ એટલે કેટલા રૂપિયા?

(A) ૬૦ રૂપિયા (B) ૫૦૦ રૂપિયા (C) ૧૫૦ રૂપિયા (D) ૫૦૦૦ રૂપિયા

૭. એક કિગ્રા ખાંડનો ભાવ ૪૨ રૂપિયા છે. જો ૫ કિગ્રા ખાંડ ખરીદવી હોય તો અંદાજે કેટલા રૂપિયા જોઈએ?

(A) ૨૦૦ રૂપિયાથી ઓછા (B) ૧૦૦ રૂપિયાથી ઓછા

(C) ૨૦૦ રૂપિયાથી વધારે (D) ૨૫૦ રૂપિયાથી વધારે

૮. એક પેન ૫ રૂપિયામાં મળે છે, જો આવી ૫ પેન ખરીદવી હોય તો કેટલા રૂપિયા જોઈએ?

(A) ૨૦ રૂપિયા (B) ૨૫ રૂપિયા (C) ૩૦ રૂપિયા (D) ૧૦ રૂપિયા

૯. ૧૦૦ × ............. = ૧૦૦

(A) ૧૦૦ (B) ૧૦ (C) ૧ (D) ૦

૧૦. નીચેનામાંથી કયું જોડકું ખોટું છે?

(A) ૨૦ × ૨ = ૮ × ૫ (B) ૯ × ૪ = ૬ × ૬

(C) ૩ × ૧૫ = ૭ × ૫ (D) ૬ × ૫ = ૩ × ૧૦

(૨) મૌખિક રીતે ગણતરી કરીને જવાબ લખો.

૧. એક પેનની કિંમત ૧૦ રૂપિયા છે, તો આવી ૯ પેનની કિંમત કેટલી થાય?

______________________________

૨. દૂધની એક થેલીની કિંમત ૨૦ રૂપિયા છે, તો આવી ૧૫ દૂધની થેલી ખરીદવા કેટલા રૂપિયા જોઈએ?

______________________________

૩. ૫ × ૩ = ______________

૪. ૫૦ × ૩ = ______________

૫. ૯૧ × ૬ = ______________

૬. ૮ × ૨૫ = ______________

૭. ૩૦ × ૫ = ______________

૮. ૪૧ × ૮ = ______________

૯. ૯૦ × ૬ = ______________

૧૦. ૩ × ૩૩ = ______________

(૩) મનિષભાઈ એક દિવસમાં ૯૦ રૂપિયા કમાય છે, તેને આધારે ખાલી જગ્યા પૂરો.

૧. મનીષભાઈ ૫ દિવસમાં ______________રૂપિયા કમાય.

૨. તેઓ ૧૦ દિવસમાં ______________ રૂપિયા કમાય.

૩. તેઓ જૂન મહિનામાં ______________ રૂપિયા કમાય.

(૪) નીચે આપેલ ભાવપત્રક જુઓ અને કિંમત ગણો.

| ભાવપત્રક | |
|---|---|
| ભંગારનો પ્રકાર | એક કિલોનો ભાવ |
| લોખંડ | ૨૨ રૂપિયા |
| રદ્દી કાગળ | ૭ રૂપિયા |
| છાપાના કાગળ | ૯ રૂપિયા |
| પિત્તળ | ૨૩૦ રૂપિયા |
| પ્લાસ્ટિક | ૧૦ રૂપિયા |
| એલ્યુમિનિયમ | ૧૧૦ રૂપિયા |

૧. ૪૮ કિગ્રા છાપાના કાગળની કિંમત = ______________

૨. ૧૮ કિગ્રા લોખંડની કિંમત = ______________

૩. ૫ કિગ્રા પિત્તળની કિંમત = ______________

૪. ૫૦ કિગ્રા રદ્દી કાગળના કેટલા રૂપિયા થાય? ______________

૫. ૧૦ કિગ્રા છાપાના કાગળ અને ૯ કિગ્રા પ્લાસ્ટિકમાંથી કોની કિંમત વધારે થાય? ______________

૬. ૧ કિગ્રા પિત્તળ અને ૨ કિગ્રા એલ્યુમિનિયમમાંથી કોની કિંમત વધારે થાય? ______________

કેટલી? ______________

(૫) મોતીભાઈ બેંક પાસેથી ૧૦૦૦ રૂપિયાનું ધિરાણ લે છે, તેઓ દર મહિને ૧૧૦ રૂપિયા લેખે ૧૦ મહિના સુધી બેંકમાં ભરે છે તો તેઓએ બેંકમાં કુલ કેટલા રૂપિયા ભર્યા? કેટલા રૂપિયા વધારે ભર્યા?

(૬) જશીબહેન સખી મંડળ પાસેથી ૫૦૦ રૂપિયાનું ધિરાણ લે છે અને દર મહિને ૧૦૫ રૂપિયા પાંચ મહિના સુધી ભરે છે. જ્યારે લાલીબહેન ધુળાભાઈ પાસેથી ૫૦૦ રૂપિયાનું ધિરાણ લે છે અને પાંચ મહિનાના અંતે ૫૫૦ રૂપિયા ચૂકવે છે.

૧. કોણે વધુ રૂપિયા ચૂકવ્યા? જશીબહેને કે લાલીબહેને?

૨. કેટલા રૂપિયા વધારે ચૂકવ્યા?

(૭) વિનુ ૧ કિગ્રા લોખંડ ૨૩ રૂપિયામાં ખરીદે છે અને ૨૫ રૂપિયાના ભાવે વેચે છે. જ્યારે તે ૩૬ કિગ્રા લોખંડ વેચે ત્યારે તે કેટલા રૂપિયા કમાશે?

(૮) ગણતરી કરો.

૧. ૪ ૨
× ૧ ૮

૨. ૫ ૬
× ૩ ૯

૩. ૬ ૯
× ૫ ૭

૪. ૮ ૮
× ૫ ૫

૫. ૨ × ૧૮૫

૬. ૭ × ૩૦૬

(૯) ગુણાકાર કરો.

ઉદાહરણ ૬ × ૧૫૨

| | ૧૦૦ | ૫૦ | ૨ | |
|---|---|---|---|---|
| ૬ | ૬ × ૧૦૦<br>૬૦૦ | ૬ × ૫૦<br>૩૦૦ | ૬ × ૨<br>૧૨ | ૯૧૨ |

૧. ૫ × ૧૬૮

| | ૧૦૦ | ૬૦ | ૮ | |
|---|---|---|---|---|
| ૫ | | | | |

૨. ૮ × ૩૪૬

| | ૩૦૦ | ૪૦ | ૬ | |
|---|---|---|---|---|
| ૮ | | | | |

૩. ૯ × ૨૪૭

| | ૨૦૦ | ૪૦ | ૭ | |
|---|---|---|---|---|
| ૯ | | | | |

૪. ૭ × ૨૦૫

| | ૨૦૦ | ૦ | ૫ | |
|---|---|---|---|---|
| ૭ | | | | |

(૧૦) નીચે આપેલી નોટ / સિક્કાની સંખ્યા પરથી કુલ રકમ શોધો.

૧. 

૫ નોટ



૩ નોટ



૨ નોટ

કુલ રૂપિયા ____________

૨. 

૬ નોટ



૮ નોટ

 ૩ સિક્કા

કુલ રૂપિયા ____________

૩. 

૪ નોટ



૬ નોટ

 ૫ સિક્કા

 ૮ સિક્કા

 ૯ સિક્કા

કુલ રૂપિયા ____________

(૪) 

૪ નોટ



૩ નોટ



૧ નોટ



૨ નોટ


૫ સિક્કા

કુલ રૂપિયા ___________

(૧૧) ૧. ૩૫૦ રૂપિયા 

☐ 

☐

૨. ૩૯૦ રૂપિયા 

☐ 

☐



☐

૩. ૮૧૦ રૂપિયા 

☐ 

☐


☐

૪. ૮૧૧ રૂપિયા ☐ 
☐ 
☐

૫. ૬૯૮ રૂપિયા 

☐ 

☐



☐ 
☐

(૧૨) નીતા અને નરેશ અનુક્રમે શરાફી પેઢી અને બૅંક પાસેથી એક વર્ષ માટે ૫૦૦૦ રૂપિયા ધિરાણે લે છે. નીતા દર મહિને ૫૨૦ રૂપિયા તથા નરેશ દર છ મહિને ૩૧૪૦ રૂપિયાના હપ્તા ભરે છે. એક વર્ષના અંતે બંનેએ જમા કરેલ રકમ શોધો. કોણે વધારે રૂપિયા જમા કરવા પડ્યા? કેટલા?

(૧૩) એક ઑફિસમાં દર મહિને ૩ બંચ કાગળ વપરાય છે. એક બંચ કાગળની કિંમત ૨૦૦ રૂપિયા છે તો એક વર્ષના અંતે કુલ કેટલા રૂપિયાના કાગળ વપરાશે?

(૧૪) નીચેનામાંથી કોની કિંમત સૌથી વધારે છે?

(અ) ૧ રૂપિયાના ૮ સિક્કા (બ) ૨૫ પૈસાના ત્રીસ સિક્કા

(ક) ૨ રૂપિયાના પાંચ સિક્કા (ડ) ૫૦ પૈસાના અઢાર સિક્કા

(૧૫) છગનભાઈની પાસે ૧૦ રિક્ષાઓ છે. તમામ રિક્ષાઓથી તે દરરોજ એકસરખી કમાણી કરે છે. ખર્ચ કાઢતાં તેઓ એક રિક્ષામાંથી દરરોજના ૭૦ રૂપિયા કમાય છે તો છગનભાઈની ત્રણ મહિનાની કુલ કમાણી શોધો.

(૧૬) ઈરફાનભાઈ ચાની દુકાન ચલાવે છે. તે દરરોજના ૧૫૦ રૂપિયા કમાય છે તો તેમની સાપ્તાહિક, માસિક અને વાર્ષિક કમાણીની રકમ કેટલી થાય?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૭ વખત ૩૦ એટલે

(A) ૩૦૦ (B) ૭૩૦ (C) ૩૭૦ (D) ૨૧૦

(૨) એક વ્યક્તિ રોજના ૨૦૦ રૂપિયા કમાય છે તો તે એપ્રિલ માસમાં કેટલા રૂપિયા કમાશે?

(A) ૫૦૦૦ (B) ૬૦૦૦ (C) ૧૦૦૦ (D) ૨૦૦૦

(૩) ૪૦૦ રૂપિયા =  ના ............ સિક્કા

(A) ૨૦૦ (B) ૧૨૦ (C) ૧૫૦ (D) ૭૫

- **નીચેના દાખલા ગણો.**

(૪) જો કોઈ વ્યક્તિ રોજના ૩૦૦ રૂપિયા કમાય, તો તે ૧૫ દિવસમાં કેટલા રૂપિયા કમાય?

(૫) એક કિલોગ્રામ ગોળનો ભાવ ૫૨ રૂપિયા છે, તો ૫ કિગ્રા ગોળ માટે કેટલા રૂપિયા ચૂકવવા પડે?

(૬) મનુભાઈ બેંક પાસેથી ૨૦૦૦ રૂપિયાનું ધિરાણ લે છે. તેઓ દર મહિને ૨૨૦ રૂપિયા લેખે ૧૦ મહિના સુધી પાછા ભરે છે તો તેઓએ બેંકમાં કેટલા રૂપિયા ભર્યા? કેટલા વધારે ભર્યા ?

(૭) ૫ × ૧૮૫

| | ૧૦૦ | ૮૦ | ૫ | |
|---|---|---|---|---|
| ૫ | | | | |

(૮) ૯ × ૨૪૫

| | ૨૦૦ | ૪૦ | ૫ | |
|---|---|---|---|---|
| ૯ | | | | |

(૯) 

૮ નોટ



૧ નોટ

 ૩ નોટ કુલ રૂપિયા__________

(૧૦) ૪૯૭ રૂપિયા =  ☐  ☐

 ☐  ☐

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 6.1 | | | | | | | | | | | | | |
| 6.2 | | | | | | | | | | | | | |

## જવાબો

**(૧)** **૧.** ૪ × ૪ **૨.** ૧૦ × ૪ **૩.** ૪ **૪.** ૧૦૦૦ રૂપિયા
**૫.** ૧૮૦ **૬.** ૫૦૦ રૂપિયા **૭.** ૨૦૦ રૂપિયાથી વધારે **૮.** ૨૫ રૂપિયા
**૯.** ૧ **૧૦.** ૩ × ૧૫ = ૭ × ૫

**(૨)** **૧.** ૯૦ રૂપિયા **૨.** ૩૦૦ રૂપિયા **૩.** ૧૫ **૪.** ૧૫૦ **૫.** ૫૪૬
**૬.** ૨૦૦ **૭.** ૧૫૦ **૮.** ૩૨૮ **૯.** ૫૪૦ **૧૦.** ૯૯

**(૩)** ૧. ૪૫૦ રૂપિયા ૨. ૯૦૦ રૂપિયા ૩. ૨૭૦૦ રૂપિયા

**(૪)** ૧. ૪૩૨ રૂપિયા **૨.** ૩૯૬ રૂપિયા **૩.** ૧૧૫૦ રૂપિયા **૪.** ૩૫૦ રૂપિયા
**૫.** સરખી થાય **૬.** પિત્તળની, ૧૦ રૂપિયા

**(૫)** ૧૧૦૦ રૂપિયા, ૧૦૦ રૂપિયા **(૬)** ૧. લાલીબહેને ૨. ૨૫ રૂપિયા

**(૭)** ૭૨ રૂપિયા

**(૮)** **૧.** ૭૫૬ **૨.** ૨૧૮૪ **૩.** ૩૯૩૩ **૪.** ૪૮૪૦
**૫.** ૩૭૦ **૬.** ૨૧૪૨

**(૯)** ૧. ૮૪૦ ૨. ૨૭૬૮ ૩. ૨૨૨૩ ૪. ૧૪૩૫

**(૧૦)** ૧. ૬૯૦ ૨. ૪૭૫ ૩. ૧૪૭૫ ૪. ૨૪૧૫

**(૧૧)** મુક્ત જવાબ

**(૧૨)** નરેશ, ૪૦ રૂપિયા **(૧૩)** ૭૨૦૦ રૂપિયા **(૧૪)** ૨ રૂપિયાના પાંચ સિક્કા

**(૧૫)** ૬૩૦૦૦ રૂપિયા

**(૧૬)** સાપ્તાહિક - ૧૦૫૦ રૂપિયા, માસિક - ૪૫૦૦ રૂપિયા, વાર્ષિક - ૫૪૦૦૦ રૂપિયા

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો :

**(૧)** ૨૧૦ **(૨)** ૬૦૦૦ **(૩)** ૨૦૦ **(૪)** ૪૫૦૦ રૂપિયા

**(૫)** ૨૬૦ રૂપિયા **(૬)** ૨૨૦૦ રૂપિયા ભર્યા, ૨૦૦ રૂપિયા વધુ ભર્યા **(૭)** ૯૨૫

**(૮)** ૨૨૦૫ **(૯)** ૮૮૦

**(૧૦)** મુક્ત જવાબ

# ૭ જગ અને મગ

## અધ્યયન નિષ્પત્તિ

M 406 બે વસ્તુઓ વચ્ચેના અંતર, જુદી-જુદી વસ્તુઓનું વજન, વસ્તુઓની ગુંજાશ વગેરેનો અંદાજ લગાવે છે અને તેમનું ચોક્કસ માપન કરે છે.

## વિષયવસ્તુના મુદ્દા

7.1 વાસણોની ગુંજાશ મિલિલિટર અને લિટરમાં જાણે તથા સમજે છે.

7.2 ગુંજાશ આધારિત વ્યવહારૂ કોયડા ઉકેલે છે.

## પૂર્વજ્ઞાન

- સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર

---

(૧) ખાલી જગ્યાઓ પૂરો.

૧. ૧ લિટર = __________ મિલિલિટર

૨. ૩૦૦૦ મિલિ = ૩ × __________ મિલિ

૩. ૪ × ૨૫૦ મિલિ = __________ મિલિ = __________ લિટર

૪. ૧/૨ લિટર = __________ મિલિ

૫. ૧ લિટર = __________ × ૧૦૦ મિલિ

૬. ૫૦૦૦ મિલિ = __________ લિટર

૭. ૧૨૫૦ મિલિ = __________ લિટર __________ મિલિ

૮. ૪ લિટર ૫૭૦ મિલિ = __________ મિલિ

૯. ૭ લિટર = __________ મિલિ

૧૦. ૮૪૩૦ મિલિ = __________ લિટર __________ મિલિ

(૨) ખાલી ખાનામાં યોગ્ય સંખ્યા મૂકો.

૧. ૫ લિટર ૨૩૦ મિલિમાં ૩ લિટર ૪૬૫ લિટર ઉમેરતાં [ ] લિટર [ ] મિલિ થાય.

૨. ૧૮ લિટર ૧૨૬ મિલિમાં ૪ લિટર ૧૩૩ મિલિ ઉમેરતાં [ ] લિટર [ ] મિલિ થાય.

૩. ૨૩૭૮૬ મિલિ એટલે [ ] લિટર [ ] મિલિ થાય.

૪. ૫ લિટર ૫૭૨ મિલિ એટલે [ ] મિલિ થાય.

૫. ૯૨ લિટર ૩૫૪ મિલિ માંથી ૩૪ લિટર ૧૩૫ મિલિ બાદ કરતાં [ ] લિટર [ ] મિલિ બાકી રહે.

(૩) ઉદાહરણ મુજબ નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.

| ક્રમ | જથ્થો | નીચેના દરેકનો કેટલી વખત ઉપયોગ થશે? | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧ લિટર | ૫૦૦ મિલિ | ૨૦૦ મિલિ | ૧૦૦ મિલિ | ૫૦ મિલિ | ૨૦ મિલિ |
| ઉદા. | ૩૭૦ મિલિ | - | - | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૫ લિટર ૭૭૦ મિલિ | | | | | | |
| ૨ | ૩ લિટર ૪૦૦ મિલિ | | | | | | |
| ૩ | ૮૫૦ મિલિ | | | | | | |
| ૪ | ૩ લિટર ૫૭૦ મિલિ | | | | | | |
| ૫ | ૧ લિટર ૮૭૦ મિલિ | | | | | | |

(૪) ધોરણ-૪ ના વર્ગ શિક્ષિકા નીતાબહેત તેમના વર્ગના વિદ્યાર્થીઓ માટે ૧ કેન (૨૦ લિટર) શરબત બનાવી લાવ્યા. વર્ગના બાળકોએ કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે શરબત પીધું. તેના પરથી પ્રશ્નોના જવાબ આપો. (૧ ગ્લાસ = ૨૦૦ મિલિ)




| ક્રમ | વિદ્યાર્થીનું નામ | શરતના ગ્લાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | જીમીત | ૨ |
| ૨ | દિયા | ૧/૨ |
| ૩ | રિશભ | ૩ |
| ૪ | સાહિલ | $૨\frac{૧}{૨}$ |
| ૫ | રિશિત | ૨ |
| ૬ | કૃતાર્થ | ૧ |

૧. જીમીતે કેટલા મિલિલિટર શરબત પીધું?

૨. સાહિલ અને દિયા એ બંને સાથે મળીને કુલ કેટલા મિલિ શરબત પીધું?

૩. ૨૦ લિટરના એક કેન થી ૨૦૦ મિલિના કેટલા ગ્લાસ ભરાશે?

૪. રિશિતે કેટલા મિલિ શરબત પીધું?

૫. રિષભે, કૃતાર્થ કરતાં કેટલા ગ્લાસ વધારે શરબત પીધું? કેટલા મિલિ?

૬. આપેલા તમામ વિદ્યાર્થીઓએ કુલ કેટલા ગ્લાસ શરબત પીધું? કેટલા મિલિલિટર?

૭. તમામ વિદ્યાર્થીઓને શરબત આપ્યા બાદ કેનમાં કેટલું શરબત વધ્યું?

(૫) જોડકાં જોડો.

(૧) 


(ક) 


(૨) 


(ખ) 


(૩) 


(ગ) 


(૪) 


(ઘ) 


(૫) 


(ચ) 


(૬) **કાજલની પાસે ૩ લિટર દૂધ છે. તેમાંથી તેણે કોમલને ૧ લિટર ૫૦૦ મિલિ દૂધ આપી દીધું, તો કાજલ પાસે કેટલું દૂધ વધ્યું?**

(૭) એક મહિનામાં આરવ ૫ લિટર ૨૫૦ મિલિ અને જેમ્સ ૩ લિટર ૭૫૦ મિલિ કેરોસીન વાપરે છે તો એક માસમાં બંને કુલ કેટલું કેરોસીન વાપરે છે?

(૮) દિયા પાસે ઠંડાપીણાની ૨ લિટરની બોટલ છે. તેણે ૨૫૦ મિલિ તથા તેની બહેનપણીએ ૩૫૦ મિલિ ઠંડું પીણું પીધું તો બોટલમાં કેટલું પીણું બાકી વધ્યું?

(૯) નરેશભાઈ મીઠાઈની દુકાન ચલાવે છે. તેઓને પેંડા બનાવવા દરરોજનું ૮ લિટર ૫૦૦ મિલિ દૂધ જોઈએ છે, તો એક અઠવાડિયા દરમિયાન કુલ કેટલા દૂધની જરૂર પડે?

(૧૦) એક કુટુંબને દરરોજનું આશરે ૪૦ લિટર પાણી જોઈએ છે તો એક માસ(૩૦ દિવસ)માં કુલ કેટલું પાણી જોઈશે?

(૧૧) પાણીથી સંપૂર્ણ ભરેલા ૫ લિટરના જગમાંથી ૫૦૦ મિલિની કેટલી બોટલ ભરી શકાશે?

(૧૨) સાહિલની પાસે જગમાં ૧ લિટર કેરીનો રસ છે. તેમાંથી તે ૨૦૦ મિલિ રસ કાજલને અને તેનાથી બમણો રસ ચેતનને આપે છે, તો હવે જગમાં કેટલો રસ વધ્યો હશે?

(૧૩) જીમીત રોજ સવારે ડેરીમાંથી પાંચ ટોકન ખરીદે છે, જો એક ટોકનથી ૧/૨ લિટર દૂધ મળતું હોય તો જીમીત રોજ કેટલું દૂધ ખરીદે છે?

(૧૪) યોગ્ય જોડકાં જોડો.

| | અ | | બ |
|---|---|---|---|
| ૧ | ૭ મિલિ + ૫ મિલિ + ૨ મિલિ | ક | ૬૫૦ મિલિ + ૩૫૦ મિલિ |
| ૨ | ૪૫૦ મિલિ + ૧૫૦ મિલિ | ખ | ૪ મિલિ + ૬ મિલિ + ૪ મિલિ |
| ૩ | ૧૦૦૦ મિલિ | ગ | ૨૦૦૦ મિલિ |
| ૪ | ૨ લિટર | ઘ | ૫૦૦ મિલિ + ૧૦૦ મિલિ |

(૧૫) દિયા દરરોજનું ૨ લિટર ૭૫૦ મિલિ પાણી પીવે છે તો એક અઠવાડિયામાં તે કુલ કેટલું પાણી પીવે છે?

(૧૬) કપ કરતાં મગમાં કેટલું વધારે પાણી સમાશે?



૭૫૦ મિલિ ૩ લિટર ૨૦૦ મિલિ

(A) ૨૪૫૦ મિલિ (B) ૨૪૦૫ મિલિ (C) ૨૫૪૦ મિલિ (D) ૨૪૫ મિલિ

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૭ લિટર એટલે કેટલા મિલિલિટર થાય? ☐
(A) ૭૫૦૦ (B) ૭૦૦ (C) ૭૦૦૦ (D) ૭૦

(૨) ૫૬૫૦ મિલિલિટર એટલે કેટલા લિટર મિલિલિટર થાય? ☐
(A) ૫ લિટર ૬૫૦ મિલિ (B) ૬ લિટર ૫૫૦ મિલિ
(C) ૫ લિટર ૦૬૫ મિલિ (D) ૫ લિટર ૫૦૬ મિલિ

(૩) ૪૩ લિટર ૩૧૫ મિલિમાં ૧૫ લિટર ૬૧૭ મિલિ ઉમેરતાં........ ☐
(A) ૫૮ લિટર ૯૨૩ મિલિ (B) ૫૮ લિટર ૯૩૨ મિલિ
(C) ૫૭ લિટર ૯૩૨ મિલિ (D) ૫૬ લિટર ૯૨૩ મિલિ

(૪) પ્રવાહી જથ્થાનું માપન કરવા માટેનો પ્રમાણિત એકમ કયો છે? ☐
(A) મીટર (B) લિટર (C) ગ્રામ (D) સેન્ટિમીટર

(૫) નાનાં બાળકોને આપવામાં આવતી દવાનું માપન કયા એકમમાં કરવામાં આવે છે? ☐
(A) મિલિલિટર (B) લિટર (C) ગ્રામ (D) સેન્ટિમીટર

- **દાખલા ગણો.**

(૬) એક બોટલ ૨ લિટર કેરીના રસથી ભરેલી છે, તેમાંથી ૧૦૦ મિલિ ક્ષમતાવાળા કેટલા પ્યાલા ભરી શકાય?

(૭) એક બાળકને દરરોજની ૧૫ મિલિ દવા પીવડાવવાની છે, તો ૭ દિવસ માટે કુલ કેટલી દવા જોઈશે?

(૮) ૧ લિટર લીંબુ શરબત જગમાં ભરેલ છે, તેમાંથી ૫૦ મિલિના ૧૫ ગ્લાસ વાપર્યા બાદ હવે કેટલું શરબત વધશે?




(૯) ૧૦૦ મિલિ દૂધના ૫૦૦ પાઉચ ભરવા માટે કુલ કેટલા દૂધની જરૂર પડે?

(૧૦) ચડતા ક્રમમાં ગોઠવો.

૨૫ લિટર ૫૦૯ મિલિ, ૨૫ લિટર ૯૦૫ મિલિ

૨૫ લિટર ૯૫૦ મિલિ, ૨૫ લિટર ૫૯૦ મિલિ

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 7.1 | | | | | | | | | | | | | |
| 7.2 | | | | | | | | | | | | | |

**જવાબો :**

**(૧)** **૧.** ૧૦૦૦ **૨.** ૧૦૦૦ **૩.** ૧૦૦૦, ૧ **૪.** ૫૦૦
**૫.** ૧૦ **૬.** ૫ **૭.** ૧ લિટર ૨૫૦ મિલિ **૮.** ૪૫૭૦
**૯.** ૭૦૦૦ **૧૦.** ૮ લિટર ૪૩૦ મિલિ

**(૨)** **૧.** ૮ લિટર ૬૯૫ મિલિ **૨.** ૨૨ લિટર ૨૫૯ મિલિ **૩.** ૨૩ લિટર ૭૮૬ મિલિ
**૪.** ૫૫૭૨ મિલિ **૫.** ૫૮ લિટર ૨૧૯ મિલિ

**(૩)** મુક્ત જવાબ

**(૪)** **૧.** ૪૦૦ મિલિ **૨.** ૬૦૦ મિલિ **૩.** ૧૦૦ ગ્લાસ **૪.** ૪૦૦ મિલિ
**૫.** ૨ ગ્લાસ ૪૦૦ મિલિ **૬.** ૧૧ ગ્લાસ, ૨૨૦૦ મિલિ **૭.** ૧૭ લિટર ૮૦૦ મિલિ

**(૫)** ૧-ખ, ૨-ચ, ૩-ક, ૪-ગ, ૫-ઘ

**(૬)** ૧ લિટર ૫૦૦ મિલિ **(૭)** ૯ લિટર **(૮)** ૧ લિટર ૪૦૦ મિલિ

**(૯)** ૫૯ લિટર ૫૦૦ મિલિ **(૧૦)** ૧૨૦૦ લિટર **(૧૧)** ૧૦ બોટલ

**(૧૨)** ૪૦૦ મિલિ **(૧૩)** ૨ લિટર ૫૦૦ મિલિ **(૧૪)** ૧-ખ, ૨-ઘ, ૩-ક, ૪-ગ

**(૧૫)** ૧૯ લિટર ૨૫૦ મિલિ **(૧૬)** (A) ૨૪૫૦ મિલિ

**અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો**

**(૧)** ૭૦૦૦ **(૨)** ૫ લિટર ૬૫૦ મિલિ **(૩)** ૫૮ લિટર ૯૩૨ મિલિ **(૪)** લિટર
**(૫)** મિલિલિટર **(૬)** ૨૦ પ્યાલા **(૭)** ૧૦૫ મિલિ **(૮)** ૨૫૦ મિલિ
**(૯)** ૫૦ લિટર
**(૧૦)** ૨૫ લિટર ૫૦૯ મિલિ, ૨૫ લિટર ૫૯૦ મિલિ, ૨૫ લિટર ૯૦૫ મિલિ, ૨૫ લિટર ૯૫૦ મિલિ

# ૮ ગાડું અને પૈડાં

## અધ્યયન નિષ્પત્તિ :

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

## વિષયવસ્તુના મુદ્દા :

8.1 વર્તુળનું કેન્દ્ર, ત્રિજ્યા અને વ્યાસ સમજે.

8.2 વર્તુળની ત્રિજ્યા તથા વ્યાસનું માપન કરતાં શીખે.

8.3 વર્તુળની ત્રિજ્યા પરથી વ્યાસ શોધતાં શીખે.

8.4 વર્તુળના વ્યાસ પરથી ત્રિજ્યા શોધતાં શીખે.

8.5 આપેલા ત્રિજ્યા અથવા વ્યાસના માપનાં વર્તુળની રચના કરતાં શીખે.

## પૂર્વજ્ઞાન

- ગુણાકાર, ભાગાકાર
- માપપટ્ટીનો ઉપયોગ
- સ્થાનકિંમતની સમજ

(૧) નીચે આપેલા પ્રશ્નોના જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

૧. ફૂટપટ્ટી અને પેન્સિલ દ્વારા વર્તુળ દોરી શકાય? _____

૨. એક વર્તુળને એક કરતા વધુ કેન્દ્ર હોઈ શકે? _____

૩. એક વર્તુળમાં એક કરતા વધુ ત્રિજ્યા દોરી શકાય? _____

૪. એક વર્તુળની બધી ત્રિજ્યાનું માપ સરખું હોય? _____

૫. એક વર્તુળમાં એક જ વ્યાસ દોરી શકાય? _____

(૨) ખાલી જગ્યા પૂરો.

૧. એક વર્તુળમાં એક જ ____________ હોય.

૨. એક વર્તુળમાંથી ____________ અર્ધવર્તુળ બને.

૩. વર્તુળ પરનાં બધાં જ બિંદુઓ ____________ થી સમાન અંતરે હોય છે.

(૩) નીચે આપેલી આકૃતિના આધારે જવાબ આપો.




૧. કેન્દ્ર - ____________

૨. ત્રિજ્યા - ____________

૩. વ્યાસ - ____________

૪. વર્તુળ પરનાં બિંદુઓ - ____________

(૪) નીચે આપેલા વર્તુળમાંથી માગ્યા મુજબ દોરો.

૧. કેન્દ્ર O



૨. ત્રિજ્યા OA



૩. વ્યાસ AB



(૫) નીચે આપેલા માપની ત્રિજ્યાનાં વર્તુળ દોરો.

૧. ૨ સેમી

૨. ૩ સેમી

૩. ૪ સેમી

(૬) ૬ સેમી વ્યાસનું વર્તુળ દોરો.

(૭) **નીચે આપેલી ત્રિજ્યા પરથી વ્યાસ શોધો.**

૧. ૭ સેમી

૨. ૧૧ સેમી

૩. ૨૩ મી

૪. ૯ મી

(૮) નીચે આપેલા વ્યાસ પરથી ત્રિજ્યા શોધો.

૧. ૮ મી

૨. ૧૦ સેમી

૩. ૬ સેમી

૪. ૧૨ મી

(૯) નીચે આપેલા વર્તુળ પૈકી મોટા વર્તુળ સામે ☑ ખરાની નિશાની કરો.

૧. (ક) ૧ મી ત્રિજ્યા ☐

(ખ) ૫ મી ત્રિજ્યા ☐

૨. (ક) ૫ સેમી વ્યાસ ☐

(ખ) ૩ સેમી વ્યાસ ☐

૩. (ક) ૨ મી ત્રિજ્યા ☐

(ખ) ૫૦ સેમી ત્રિજ્યા ☐

૪. (ક) ૬૦ સેમી ત્રિજ્યા ☐

(ખ) ૨ મી વ્યાસ ☐

(૧૦) આપેલા વર્તુળની ત્રિજ્યાનું માપ શોધો.

૧.



૨.



૩.



૪.



(૧૧) નીચે આપેલી જગ્યામાં અલગ-અલગ ત્રિજ્યાના વર્તુળ અને અર્ધવર્તુળનો ઉપયોગ કરી ડિઝાઈન બનાવો.

દા.ત.



(૧૨) આપેલા ત્રિકોણનાં શિરોબિંદુને કેન્દ્ર રાખી ૨ સેમી, ૩ સેમી અને ૧ સેમી ત્રિજ્યાવાળાં વર્તુળની રચના કરો.




(૧૩) આપેલા બિંદુ O ને કેન્દ્ર રાખી ૪ સેમી, ૨ સેમી અને ૩ સેમી ત્રિજ્યાવાળાં વર્તુળ બનાવો.



(૧૪) નીચેના વર્તુળમાં જો O કેન્દ્ર હોય તો, સૌથી લાંબો રેખાખંડ કયો છે?




(A) OA (B) OB (C) OC (D) તમામ રેખાખંડ સમાન છે

(૧૫) મનહર પાસે ૧૨ સેમી, ૧૫ સેમી અને ૧૮ સેમી લાંબાં ત્રણ દોરડાં છે. આ ત્રણેય દોરડાથી જો વર્તુળ બનાવવામાં આવે તો કયા દોરડામાંથી સૌથી મોટું વર્તુળ બનશે?

(૧૬) ૫ સેમી ત્રિજ્યાવાળું એક વર્તુળ દોરો. તે વર્તુળમાં ૫ સેમીથી અડધી ત્રિજ્યાવાળું બીજું વર્તુળ એવું બનાવો કે જેથી બંને વર્તુળનું કેન્દ્ર એક જ હોય.

(૧૭) નીચે આપેલા વર્તુળમાં ત્રિજ્યાઓ કેટલી છે? કઈ કઈ?




______________________________

______________________________

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **ખાલી જગ્યા પૂરો.**

(૧) વર્તુળના કેન્દ્ર તથા વર્તુળ પરના બિંદુને જોડતા રેખાખંડને ____________ કહે છે.

(૨) વર્તુળના બે વ્યાસના છેદબિંદુને ____________ કહે છે.

- **આકૃતિના આધારે જોડકાં જોડો.**

| | A | B |
|---|---|---|
| (૩) | કેન્દ્ર | BC |
| (૪) | ત્રિજ્યા | O |
| (૫) | વ્યાસ | OA |




- **સૂચના મુજબ કરો.**

(૬) નીચે આપેલા વર્તુળમાં વ્યાસ PQ દોરો.



(૭) ૮ સેમી વ્યાસવાળું વર્તુળ દોરો.

(૮) નીચે આપેલા વર્તુળની ત્રિજ્યાનું માપ શોધો.



(૯) ૨૪ સેમી વ્યાસવાળા વર્તુળની ત્રિજ્યા શોધો.

(૧૦) ૧૮ મી ત્રિજ્યાવાળા વર્તુળનો વ્યાસ શોધો.

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 7.1 | | | | | | | | | | | | | |
| 7.2 | | | | | | | | | | | | | |
| 7.3 | | | | | | | | | | | | | |
| 7.4 | | | | | | | | | | | | | |
| 7.5 | | | | | | | | | | | | | |

## જવાબો

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ૧. ના | ૨. ના | ૩. હા | ૪. હા |
| | ૫. ના | | | |
| (૨) | ૧. કેન્દ્ર | ૨. બે | ૩. કેન્દ્ર | |
| (૩) | ૧. O | ૨. OA, OB, OC, OD, OE, OF, OG | | ૩. AB, CD |
| | ૪. A, B, C, D, E, F, G | | | |
| (૪) | – | | | |
| (૫) | – | | | |
| (૬) | – | | | |
| (૭) | ૧. ૧૪ સેમી | ૨. ૨૨ સેમી | ૪. ૪૬ મી | ૫. ૧૮ મી |
| (૮) | ૧. ૪ મી | ૨. ૫ સેમી | ૩. ૩ સેમી | ૪. ૬ મી. |
| (૯) | ૧. ખ | ૨. ક | ૩. ક | ૪. ખ |
| (૧૦) | – | | | |
| (૧૧) | – | | | |
| (૧૨) | – | | | |
| (૧૩) | – | | | |

(૧૪) **તમામ રેખાખંડ સમાન છે**

(૧૫) ૧૮ સેમી લંબાઈવાળા દોરડાથી સૌથી મોટું વર્તુળ બનશે. (૧૬) –

(૧૭) છ ત્રિજ્યાઓ - OA, OB, OC, OD, OE, OF

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

| | | | |
|---|---|---|---|
| (૧) ત્રિજ્યા | (૨) કેન્દ્ર | (૩) O | (૪) OA |
| (૫) BC | (૬) – | (૭) – | (૮) ૩ સેમી |
| (૯) ૧૨ સેમી | (૧૦) ૩૬મી | | |

# ૯ અડધું અને પા

**અધ્યયન નિષ્પત્તિ :**

M 402 અપૂર્ણાંક સાથે કામ કરે છે.

**વિષયવસ્તુના મુદ્દા :**

9.1 વસ્તુઓના $\frac{૧}{૨}$, $\frac{૧}{૪}$ અને $\frac{૩}{૪}$ ભાગ કરી શકે.

9.2 વસ્તુઓના $\frac{૧}{૨}$, $\frac{૧}{૪}$ અને $\frac{૩}{૪}$ ભાગ સમજી શકે.

9.3 વ્યવહારું કોયડા ઉકેલી શકે.

**પૂર્વજ્ઞાન**

- ગુંજાશ, વજન તથા રૂપિયા-પૈસાથી પરિચિત હોય.

---

(૧) આપેલા અપૂર્ણાંક જેટલી વસ્તુને ◯ કરો.

૧. $\frac{૧}{૨}$



૨. $\frac{૩}{૪}$



૪. $\frac{૧}{૪}$



૫. $\frac{૧}{૪}$



(૨) **રંગીન ભાગને અપૂર્ણાંક સ્વરૂપે લખો.**

૧.



૨.



૩. 

(૩) યોગ્ય જોડ બનાવી D ખાનામાં લખો.

| | A | | B | | C | D |
|---|---|---|---|---|---|---|
| (૧) | $\frac{૧}{૨}$ | (ક) |  | (a) | પોણો | |
| (૨) | $\frac{૧}{૪}$ | (ખ) |  | (b) | અડધો | |
| (૩) | $\frac{૩}{૪}$ | (ગ) |  | (c) | પા | |
| (૪) | ૧ | (ઘ) |  | (d) | આખો | |

(૪) નીચે આપેલ આકૃતિમાં કેટલો ભાગ રંગીન છે, તે જણાવો.

૧. 
__________

૨. 
__________

૩. 
__________

૪. 
__________

૫. 
__________

૬. 
__________

(૫) આપેલ અપૂર્ણાંક અનુસાર આકૃતિમાં રંગપૂરણી કરો.

૧. $\frac{૧}{૨}$ 

૨. $\frac{૩}{૪}$ 

૩. $\frac{૧}{૪}$ 

૪. $\frac{૧}{૨}$  ૫. $\frac{૩}{૪}$  ૬. $\frac{૧}{૪}$ 

(૬) માગ્યા મુજબ જવાબ આપો.



૧. ગુલાબી રંગનાં વર્તુળ, કુલ વર્તુળનો કેટલામો ભાગ દર્શાવે છે? ______

૨. પીળા રંગનાં વર્તુળ, કુલ વર્તુળનો કેટલામો ભાગ દર્શાવે છે? ______

૩. લીલા રંગનાં વર્તુળ, કુલ વર્તુળનો કેટલામો ભાગ દર્શાવે છે? ______

૪. લીલા અને ગુલાબી રંગનાં વર્તુળ સાથે મળી કુલ વર્તુળનો કેટલામો ભાગ દર્શાવે છે?______

(૭) **ખાલી જગ્યા પૂરો.**

૧. ૧ મીટરના અડધા = __________ સેમી

૨. ૧ લિટર નું પા = __________ મિલી

૩. ૧ કિગ્રાનું પોણું = __________ ગ્રામ

૪. ૧ રૂપિયાના અડધા = __________ પૈસા

(૮) જાનવી પાસે કુલ ૭૦ બંગડી છે. તે પૈકી $\frac{૧}{૨}$ બંગડી લાલ રંગની છે તો લાલ રંગની બંગડી કેટલી હશે?

(૯) સંગીતાએ ૧ લિટર દૂધ લીધું. તેમાંથી તેણે $\frac{૩}{૪}$ ભાગના દૂધની ખીર બનાવી તો કેટલા મિલિ દૂધ બાકી રહે?

(૧૦) હિના પાસે ૧ મીટર રીબીન છે, તેમાંથી તે ચોથા ભાગની રીબીન અનીતાને આપે છે તો તેની પાસે કેટલા સેમી રીબીન બચે?

(૧૧) અનિલ પાસે ૮ ભમરડા છે તેમાંથી ૨ ભમરડા વાદળી રંગના છે, તો વાદળી રંગના ભમરડાને અપૂર્ણાંકમાં દર્શાવો.

(૧૨) ધવલ ૧ કિગ્રા બટાકા લાવ્યો. તેમાંથી તેની પત્નીએ અડધા બટાકાનું શાક બનાવી દીધું તો કેટલા ગ્રામ બટાકા બાકી હશે?

(૧૩) નીચેનામાંથી કઈ આકૃતિ $\frac{૧}{૪}$ આચ્છાદિત ભાગ દર્શાવતી નથી?




(૧૪) યોગેશભાઈ એક હોટલમાં જમવા જાય છે. તે હોટલમાં ફિક્સ ડિશની કિંમત ₹ ૧૦૦ છે. જો હોટલ માલિક તેમને $\frac{૩}{૪}$ ભાગનું વળતર આપે તો, તેમણે કેટલા રૂપિયા ચૂકવવા પડે?

(A) ₹ ૨૫ (B) ₹૭૫ (C) ₹ ૫૦ (D) ₹ ૫૫

(૧૫) નીચે આપેલા કોષ્ટકમાં ચાર ખેલાડીઓની મેચની વિગત આપેલી છે.

કયો ખેલાડી અડધી મેચ જીત્યો છે?

| ખેલાડી | કુલ મેચ | જીતેલી મેચ | હારેલી મેચ |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ૬ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૪ |
| ૩ | ૧૨ | ૭ | ૫ |
| ૪ | ૧૦ | ૮ | ૨ |

(A) ૧ (B) ૨ (C) ૩ (D) ૪

(૧૬) કેતનને ૨૦ રૂપિયા વાળી એક પેન ખરીદવી છે. તેણે દુકાનદારને ૫ રૂપિયાના બે સિક્કા, ૨ રૂપિયાના ત્રણ સિક્કા, ૧ રૂપિયાના બે સિક્કા અને અડધા રૂપિયાના ત્રણ સિક્કા આપ્યા. શું તેણે આપેલી રકમ પૂરતી છે?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- નીચે આપેલ આકૃતિમાં કેટલો ભાગ રંગીન છે, તે જણાવો.

(૧)  ____________

(૨)  ____________

(૩)  ____________

- આપેલ અપૂર્ણાંક અનુસાર આકૃતિમાં રંગપૂરણી કરો.

(૪) ૧/૪ 

(૫) ૧/૨ 

(૬) ૩/૪ 

- **માંગ્યા મુજબ જવાબ આપો.**



(૭) ત્રિકોણ કુલ આકારનો કેટલામો ભાગ છે? ___________

(૮) ચોરસ કુલ આકારનો કેટલામો ભાગ છે? ___________

- **વ્યવહારું કોયડા ઉકેલો.**

(૯) પિન્કી પાસે ૧૮ ચોકલેટ છે. તેમાંથી તે અડધી ચોકલેટ જીમીતને આપે છે. તો તેની પાસે કેટલા ભાગની ચોકલેટ વધે?

(૧૦) હિરેન પાસે ૪૦ કેળાં છે. તે પૈકી પા ભાગનાં કેળાં ખરાબ થઈ ગયાં. તો તેની પાસે કેટલાં કેળાં સારાં રહે?

**વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ**

| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 9.1 | | | | | | | | | | | | | |
| 9.2 | | | | | | | | | | | | | |
| 9.3 | | | | | | | | | | | | | |

## જવાબો

(૨) ૧. $\frac{૩}{૪}$ ૨. $\frac{૧}{૪}$ ૩. $\frac{૧}{૨}$

(૩) ૧ - ખ - b, ૨ - ક - c , ૩ - ઘ - a, ૪ - ગ - d

(૪) ૧. $\frac{૧}{૨}$ ૨. $\frac{૧}{૪}$ ૩. $\frac{૧}{૨}$ ૪. ૧

૫. $\frac{૧}{૪}$ ૬. $\frac{૩}{૪}$

(૬) ૧. $\frac{૧}{૪}$ ૨. $\frac{૧}{૨}$ ૩. $\frac{૧}{૪}$ ૪. $\frac{૩}{૪}$

(૭) ૧. ૫૦ સેમી ૨. ૨૫૦ મિલિ ૩. ૭૫૦ ગ્રામ ૪. ૫૦ પૈસા

(૮) ૩૫ (૯) ૨૫૦ મિલિ (૧૦) ૭૫ સેમી (૧૧) $\frac{૧}{૪}$

(૧૨) ૫૦૦ ગ્રામ (૧૩) C (૧૪) ₹ ૨૫ (૧૫) ખેલાડી-૨

(૧૬) કેતને આપેલી રકમ પૂરતી નથી.

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

(૧) $\frac{૧}{૨}$ (૨) $\frac{૩}{૪}$ (૩) $\frac{૧}{૩}$ (૪) -

(૫) - (૬) - (૭) $\frac{૧}{૨}$ (૮) $\frac{૧}{૪}$

(૯) $\frac{૧}{૨}$ (૧૦) ૩૦

# ૧૦ પેટર્નની રમત

**અધ્યયન નિષ્પત્તિ :**

M 401 સંખ્યાઓની મૂળભૂત ક્રિયાઓનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરે છે.

M 403 આસપાસના પર્યાવરણમાં જોવા મળતા આકારોની સમજ ધરાવે છે.

**વિષયવસ્તુના મુદ્દા :**

10.1 આજુબાજુમાં દેખાતી પેટર્ન સમજે અને આગળ વધારે

10.2 વિવિધ આકારોની સંખ્યાત્મક પેટર્ન તેમજ મૂળાક્ષરોની પેટર્ન સમજે

**પૂર્વજ્ઞાન**

- ચિત્રાત્મક, સંખ્યાત્મક અને મૂળાક્ષરોની પેટર્ન વિશે જાણે છે.
- ગણિતની મૂળભૂત ચાર ક્રિયાઓ કરી શકે છે.

(૧) નીચેની પેટર્ન પૂર્ણ કરો.

૧. (○ □ ☆ ◇) (○ □ ☆ ◇) (○ ______________)

૨. | A | A | B | A | A | B | .... | .... | .... |

૩. ACE, EGI, IKM, ......., ......., .......

૪. AB, CD, EF, ...., ...., ....

૫. ૧૫, ૧૬, ૧૯, ૨૪, ૩૧, ......, ......, ......

૬. ૭૮૪, ૭૮૬, ૭૮૮, .........., .........., ..........

૭. | Z2 | Y4 | X6 | .... | .... | .... |

૮. ૧૦૦, ૨૦૦, ૩૦૦, .........., .........., ..........

૯. 

૧૦. ૧A, ૧૧B, ૨૧C, ૩૧D, .........., .........., ..........

(૨) નીચેના ચોકઠામાં +, -, × ÷ ની નિશાનીઓ એવી રીતે ગોઠવો કે જેથી એક જ લીટીમાં એક નિશાની એકથી વધુ વખત ન આવવી જોઈએ.



(૩) નીચેના ત્રિકોણમાં ૧ થી ૬ અંકોનો એક જ વાર ઉપયોગ કરીને એવો ત્રિકોણ રચો કે જેથી

૧. દરેક બાજુના અંકોનો સરવાળો ૧૧ થાય.



૨. દરેક બાજુના અંકોનો સરવાળો ૧૨ થાય.



(૪) અંકો ૧ થી ૯ નો એક જ વાર ઉપયોગ કરીને નીચેની પેટર્નમાં ખૂટતી સંખ્યા લખો કે જેથી ત્રિકોણની દરેક બાજુના અંકોનો

૧. સરવાળો ૧૯ થાય.



૨. સરવાળો ૨૦ થાય.



૩. સરવાળો ૨૧ થાય.



(૫) પ્રથમ છ બેકી સંખ્યાઓનો પુનરાવર્તન કર્યા સિવાય ઉપયોગ કરીને ત્રિકોણની દરેક બાજુનો સરવાળો ૧૮ થાય તેવો ત્રિકોણ રચો.



(૬) નીચેનો જાદુઈ ચોરસ ૧ થી ૨૫ અંકોનો એક જ વાર ઉપયોગ કરીને પૂર્ણ કરો કે જેથી આડી અને ઊભી દરેક હરોળનો સરવાળો ૬૫ થાય.

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | | ૯ | | ૧૫ |
| | | | | |
| ૭ | | ૧૩ | | ૧૯ |
| | | | | |
| ૧૧ | | ૧૭ | | ૨૩ |

(૭) નીચેની પેટર્નનો અભ્યાસ કરો અને બાકીની પેટર્ન પૂર્ણ કરો.




૧.



૨.




૩.



૪.







(૮) **નીચેની પેટર્ન પૂર્ણ કરો.**

૧. ૧૭, ૨૦, ૩૭, ________, ________

૨. ૧૦, ૨૦, ૩૦, ________, ________, ________

૩. ૫, ૧૫, ૨૦, ૩૫, ________, ________, ________

૪. ૨, ૩, ૫, ________, ________, ________, ________

૫. 

(૯) નીચેની પેટર્નનો અભ્યાસ કરો અને ખૂટતા ખાનામાં સંખ્યા લખો.

૧.




૨.




(૧૦) આગગાડીના ચિત્ર પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.




૧. ડબ્બા-A અને ડબ્બા-G નું કુલ વજન ૬૮ કિગ્રા છે તો ડબ્બા-B અને ડબ્બા-F નું કુલ વજન __________ કિગ્રા થાય.

૨. ડબ્બા-A અને ડબ્બા-G નું કુલ વજન એ ડબ્બા-D ના વજન કરતાં __________ગણું છે.

૩. ડબ્બા-D નું વજન ડબ્બા-B અને ડબ્બા __________ ના કુલ વજન કરતાં અડધું છે.

૪. ડબ્બા-A, ડબ્બા-D અને ડબ્બા-G નું કુલ વજન એ ડબ્બા __________, ડબ્બા __________ અને ડબ્બા __________ ના કુલ વજન જેટલું થાય.

૫. બધા ડબ્બાનું કુલ વજન = __________ × મધ્ય ડબ્બાનું વજન.

(૧૧) નીચેની પેટર્ન પૂર્ણ કરો અને પ્રશ્નોના જવાબ આપો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | + | ૨ | + | ૩ | + | ૪ | + | ૫ | + | ૬ | = | ૨૧ |
| ૨ | + | ૩ | + | ૪ | + | ૫ | + | ૬ | + | ૭ | = | ૨૭ |
| ૩ | + | ૪ | + | | + | | + | | + | ૮ | = | |
| ૪ | + | ૫ | + | | + | | + | | + | ૯ | = | |
| ૫ | + | | + | | + | | + | | + | | = | |
| ૬ | + | | + | | + | | + | | + | | = | |

૧. દરેક પંક્તિમાં અંકોનો સરવાળો _______ જેટલો વધે છે.

૨. ૨૧, ૨૭, ૩૩, _______, _______, _______, _______, _______

(૧૨) જો ૧→A, ૨→B, ૩→C, ૪→D, ..., ૨૫→Y, ૨૬→ Z હોય તો નીચેના ગુપ્ત સંદેશાઓ ઉકેલો.

૧. (૧૩ ૧ ૨૦ ૮ ૫ ૧૩ ૧ ૨૦ ૯ ૩) (૯ ૧૯) (૧૩ ૧ ૭ ૯ ૩)

૨. (૧૩ ૧ ૧૧ ૫) (૯ ૧૪) (૯ ૧૪ ૪ ૯ ૧)

૩. (૧૯ ૧ ૨૨ ૫) (૨૩ ૧ ૨૦ ૫ ૧૮)

૪. (૭ ૧૮ ૧૫ ૨૩) (૧૩ ૧૫ ૧૮ ૫) (૨૦ ૧૮ ૫ ૫ ૧૯)

૫. (૨ ૫) (૧૮ ૫ ૭ ૨૧ ૨૨ ૧ ૧૮)

(૧૩) જો ૧→A, ૩→B, ૫→C, ૪૯→Y, ૫૧→ Z હોય તો નીચેના ગુપ્ત સંદેશાઓ ઉકેલો.

૧. ૨૭ ૧ ૨૫ ૧ ૩૭ ૩૯ ૯

૨. ૩૭ ૧ ૪૩ ૯ ૪૫ ૧ ૩૯ ૯ ૩૫

૩. ૩૭ ૯ ૨૭ ૭ ૨૫ ૨૯ ૩૫ ૯ ૨૫ ૨૯ ૨૭ ૯ ૪૯

(૧૪) જો B→A, C→B, D→C,..., Y→X, Z→Y, A→Z હોય તો નીચેના ગુપ્ત સંદેશાઓ ઉકેલો.

૧. TP TPSSZ

૨. J BN GJOF

૩. XFM DPNF

(૧૫) તમારી રીતે નિયમ બનાવીને નીચેના સંદેશાઓને ગુપ્ત સંદેશાઓમાં લખો.

૧. FOLLOW ME

૨. GOOD MORNING

૩. GO AHEAD

૪. HELLO

૫. UP AND DOWN

(૧૬) અંકો ૧ થી ૧૨ નો એક જ વાર ઉપયોગ કરીને નીચેની પેટર્નમાં ખૂટતી સંખ્યા લખો કે જેથી ષટ્કોણની દરેક બાજુના અંકોનો સરવાળો ૨૪ થાય.



(૧૭) નીચેની પેટર્નને આગળ વધારો.

૧. ૯ × ૧ = ૯ તે પરથી ૦ + ૯ = ૯ મળે (સૂચન ૯ = ૦૯ સમજો)

૯ × ૨ = ૧૮ તે પરથી ૧ + ૮ = ૯ મળે.

૯ × ૩ = ૨૭ તે પરથી ૨ + ૭ = ૯ મળે.

__________ તે પરથી __________ મળે.

__________ તે પરથી __________ મળે.

૨. ૯ × ૬ = ૫૪ તે પરથી ૫ + ૪ = ૯ મળે.

૯ × ૬૬ = ૫૯૪ તે પરથી ૫ + ૯ + ૪ = ૧૮ મળે.

૯ × ૬૬૬ = ૫૯૯૪ તે પરથી ૫ + ૯ + ૯ + ૪ = ૨૭ મળે.

__________ તે પરથી __________ મળે.

__________ તે પરથી __________ મળે.

૩. ૯ × ૧૧૧ = ૯૯૯ તે પરથી ૦ + ૯ +૯ + ૯ = ૨૭ મળે.

૯ × ૨૨૨ = ૧૯૯૮ તે પરથી ૧ + ૯ + ૯ + ૮ = ૨૭ મળે.

૯ × ૩૩૩ = ૨૯૯૭ તે પરથી ૨ + ૯ + ૯ + ૭ = ૨૭ મળે.

__________ તે પરથી __________ મળે.

__________ તે પરથી __________ મળે.

૪. ૩૭ × ૩ × ૧ = ૧૧૧ તે પરથી ૧ + ૧ + ૧ = ૩ મળે.

૩૭ × ૩ × ૨ = ૨૨૨ તે પરથી ૨ + ૨ + ૨ = ૬ મળે.

૩૭ × ૩ × ૩ = ૩૩૩ તે પરથી ૩ + ૩ + ૩ = ૯ મળે.

__________ તે પરથી __________ મળે.

__________ તે પરથી __________ મળે.

(૧૮) નીચેની પેટર્નનો અભ્યાસ કરી ખૂટતી સંખ્યા લખો.

૧.




૨.



(૧૯) ચિત્રાત્મક રજૂઆતની સામે સંખ્યાત્મક પેટર્ન પૂર્ણ કરો.

 તે પરથી ૧ = ૧ = ૧ × ૧ મળે

 તે પરથી ૧ + ૩ = ૪ = ૨ × ૨ મળે

 તે પરથી ________________ મળે.

 તે પરથી ______________ મળે.

(૨૦) **નીચેની દીવાલોનું અધૂરું રંગકામ પૂરું કરો.**

૧.



૨.



(૨૧) ખાલી સ્થાનમાં પેટર્ન મુજબ કઈ આકૃતિ આવશે ?



(A)  (B)  (C)  (D) 

(૨૨) નીચેનામાંથી કયું અલગ પડે છે ?

(A)  (B)  (C)  (D) 

(૨૩) નીચેનામાંથી કઈ પેટર્ન અલગ પડે છે?

(A)  (B)  (C)  (D) 

(૨૪) પેટર્ન મુજબ ખાલી ખાનામાં કયા અંકો આવશે?

| | | |
|---|---|---|
| ૨૭ | ૩૧ | |
| ૨૩ | | ૩૧ |
| | ૨૩ | ૨૭ |
| ૧૫ | ૧૯ | ૨૩ |
| ૧૧ | ૧૫ | ૧૯ |

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૧૩૫, ૩૩૫, ૫૩૫, ૭૩૫, ____________

(A) ૭૩૫ (B) ૮૩૫ (C) ૯૩૫ (D) ૬૩૫

(૨) ૧, ૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ____________

(A) ૧૪ (B) ૨૧ (C) ૧૭ (D) ૧૯

(૩) ⇨ ⇩ ⇦ ⇧ ⇨ ⇩ ________

(A) ⇨ (B) ⇧ (C) ⇩ (D) ⇦

(૪)




(A) ૧૦ (B) ૨ (C) ૫ (D) ૬

(૫) ૯A, ૧૦B, ૧૧C, ૧૨A, ૧૩B, .............

(A) ૧૩E (B) ૧૪B (C) ૧૪F (D) ૧૪C

(૬) જો Z→૧, Y→૨, X→૩, ......., B→૨૫, A→૨૬ તો NICE = ................

(A) ૧૩, ૯, ૩, ૫ (B) ૧૩, ૧૮, ૨૪, ૨૨ (C) ૧૪, ૯, ૨૪, ૫ (D) ૧૪, ૧૮, ૨૪, ૨૨

(૭) જો ૧=A, ૨=B, ૩=C, ............. ૨૫=Y, ૨૬=Z તો ૮૫૧૪ = ................

(A) HEAD (B) HAED (C) SVZW (D) IEAD

(૮) અહીં, ત્રિકોણમાં દરેક બાજુનો સરવાળો ૧૦ થાય તો ✡ની કિંમત .......... થાય.




(A) ૩ (B) ૨ (C) ૫ (D) એક પણ નહિ

(૯) નીચેની ભાતનું અવલોકન કરી કહો કે X ની કિંમત શું હોઈ શકે?




(A) ૧ (B) ૩ (C) ૪ (D) એક પણ નહિ

(૧૦) ક્રિષ્ના નીચેનો બ્લોક કેવી રીતે આગળ વધારશે?




| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 10.1 | | | | | | | | | | | | | |
| 10.2 | | | | | | | | | | | | | |

## જવાબો

(૧) **૧.** □ ☆ ◇ **૨.** A, A, B **૩.** MOQ, QSU, UWY

**૪.** GH, IJ, KL **૫.** ૪૦, ૫૧, ૬૪ **૬.** ૭૯૦, ૭૯૨, ૭૯૪ **૭.** W૮, V૧૦, U૧૨

**૮.** ૪૦૦N, ૫૦૦R, ૬૦૦V **૯.** 

**૧૦.** ૪૧E, ૫૧F, ૬૧G

(૨) – (૩) – (૪) –

(૫) – (૬) – (૭) –

(૮) **૧.** ૫૭, ૯૪ **૨.** ૫૦, ૮૦, ૧૩૦ **૩.** ૫૫, ૯૦, ૧૪૫ **૪.** ૮, ૧૩, ૨૧, ૩૪

**૫.** ○○☆, ○○○☆☆

(૯) –

(૧૦) **૧.** ૬૮ **૨.** બે **૩.** F **૪.** B, D, F

**૫.** ૭

(૧૧) ૧. ૬ ૨. ૩૯, ૪૫, ૫૧, ૫૭, ૬૩

(૧૨) ૧. MATHEMATIC IS MAGIC ૨. MAKE IN INDIA ૩. SAVE WATER

૪. GROW MORE TREES ૫. BE REGULAR

(૧૩) ૧. NAMASTE ૨. SAVE WATER ૩. SEND MORE MONEY

(૧૪) ૧. SO SORRY ૨. I AM FINE ૩. WELCOME

(૧૫) – (૧૬) – (૧૭) – (૧૮) –

(૧૯) – (૨૦) –

(૨૧)  (૨૨)  (૨૩)  (૨૪) ૧૯, ૨૭, ૩૫

**અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો**

(૧) ૯૩૫ (૨) ૨૧ (૩)  (૪) ૫

(૫) ૧૪ C (૬) ૧૩, ૧૮,,૨૪,૨૨ (૭) HEAD (૮) ૨

(૯) ૪ (૧૦) 

# ૧૧ ઘડિયા અને ભાગાકાર

## અધ્યયન નિષ્પત્તિ

- ઘડિયા બનાવી તેના આધારિત વ્યવહારું કોયડા ઉકેલે.

## વિષયવસ્તુના મુદ્દા

11.1 ઘડિયા બનાવે.

11.2 ઘડિયા આધારિત વ્યવહારુ કોયડા ઉકેલવા.

11.3 ભાગાકાર આધારિત વ્યવહારું કોયડા ઉકેલવા.

## પૂર્વજ્ઞાન

- અંક જ્ઞાન, નાની સંખ્યાઓ માટેની ગાણિતિક ક્રિયાઓ.

---

(૧) એક વર્ગમાં ૩૦ વિદ્યાર્થીઓ છે. અહીં વિદ્યાર્થીઓની ગોઠવણી એવી રીતે કરેલ છે કે જેથી દરેક હારમાં વિદ્યાર્થીઓની સંખ્યા સમાન હોય.

૧. જો દરેક હારમાં ૫ વિદ્યાર્થીઓ હોય તો, આવી કુલ કેટલી હાર બનશે.

૨. આ જ રીતે

........ હારમાં .......... વિદ્યાર્થીઓ હોય તો કુલ ૩૦ વિદ્યાર્થીઓ હોય.

૩૦ = .......... × .......... એટલે ........... હારમાં ........... વિદ્યાર્થીઓ.

૩૦ = .......... × .......... એટલે ........... હારમાં ........... વિદ્યાર્થીઓ.

(૨) કોષ્ટક પૂર્ણ કરો.

| ક્રમ | પુનરાવર્તી સરવાળો | શબ્દોમાં | ગુણાકાર |
|---|---|---|---|
| ૧ | ૨ + ૨ + ૨ | ૨ ના ૩ જૂથ એટલે ૬ | ૩ × ૨ = ૬ |
| ૨ | ૭ + ૭ + ૭ + ૭ | ... .. ના ૪ જૂથ એટલે ... ... | ... ... × ... ... = ... ... |
| ૩ | ૮ + ૮ + ૮ | ... ............................ | ... ... × ... ... = ... ... |
| ૪ | ૯ + ૯ + ૯ + ૯ + ૯ | ... ............................ | ... ... × ... ... = ... ... |

(૩) કુલ ૧૮ લખોટીઓ છે. તેને ૩ લોકો વચ્ચે સરખા ભાગે વહેંચવી છે. તો ૩ સરખાં જૂથ બનાવતાં દરેક જણને ૧૮÷૩=૬ લખોટીઓ મળે. આ જ રીતે કોષ્ટક પૂર્ણ કરો.

| કુલ સંખ્યા | સરખા જૂથ | ભાગાકાર |
|---|---|---|
|  | ૪ના સરખા જૂથ  | ૧૨ ÷ ૪ = ૩ |

| કુલ સંખ્યા | સરખાં જૂથ | ભાગાકાર |
|---|---|---|
| △△△△△△△△<br>△△△△△△ | ૨નાં સરખાં જૂથ | …… ÷ …… = …… |
| □□□□□□□□<br>□□□□□□□□<br>□□□□ | ૫નાં સરખાં જૂથ | …… ÷ …… = …… |

(૪) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૧. □ અને □ નો ગુણાકાર ૧૨ થાય. (૨, ૩, ૬, ૯)

૨. □ × □ = ૨૮ (૩, ૪, ૭, ૧૦)

૩. □ ÷ □ = ૮ (૧૬, ૧૮, ૭૪)

૪. □ અને □ નો તફાવત ૧ થાય. (૩, ૪, ૯, ૧૩)

(૫) બે ઘડિયાનો ઉપયોગ કરી ઘડિયો બનાવવો.

૫ નો ઘડિયો

| ૫ × ૧ | ૫ × ૨ | ૫ × ૩ | ૫ × ૪ | ૫ × ૫ | ૫ × ૬ | ૫ × ૭ | ૫ × ૮ | ૫ × ૯ | ૫×૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૫ | ૩૦ | ૩૫ | ૪૦ | ૪૫ | ૫૦ |

4 Lkku ½rzÞku

| ૪ × ૧ | ૪ × ૨ | ૪ × ૩ | ૪ × ૪ | ૪ × ૫ | ૪ × ૬ | ૪ × ૭ | ૪ × ૮ | ૪ × ૯ | ૪×૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૧૨ | ૧૬ | ૨૦ | ૨૪ | ૨૮ | ૩૨ | ૩૬ | ૪૦ |

9 Lkku ½rzÞku

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧૮ | ૨૭ | ૩૬ | ૪૫ | ૫૪ | ૬૩ | ૭૨ | ૮૧ | ૯૦ |

આ જ રીતે, બે ઘડિયાનો ઉપયોગ કરી ૧૫નો ઘડિયો બનાવો.



૧૫ નો ઘડિયો



(૬) નીચે કેટલીક સંખ્યાઓને સરખા જૂથમાં વહેંચેલ છે. તે પરથી કોષ્ટક પૂર્ણ કરો.

| સંખ્યા (કુલ) | સરખાં જૂથની સંખ્યા | દરેક જૂથમાં સંખ્યા |
|---|---|---|
| ૩૦ | | ૬ |
| ૩૪ | ૨ | |
| ૩૦ | ૩ | |
| ૭૨ | | ૯ |

(૭) અનિતા કૂદતાં કૂદતાં નિસરણીનાં પગથિયાં ચઢે છે. તે એક કૂદકામાં ચાર પગથિયાં ચઢે છે. જો તે ૩૨ ઉપર પહોંચે તો તેણે ............ કૂદકા માર્યા. જો તે ૨૪ ઉપર હોય તો તેણે .......... કૂદકા માર્યા હોય તે ૯ કૂદકા બાદ તે .......... પર હશે. જો તે ૯૨ ઉપર હોય તો તેણે ........... કૂદકા માર્યા હોય.

(૮) કોષ્ટક પરથી પ્રશ્નોના જવાબ આપો.

ટિકીટના દર

| | વયસ્ક (૧૮ વર્ષથી ઉપર) | બાળકો |
|---|---|---|
| ચકડોળ | ₹ ૧૫ | ₹ ૭ |
| હોડી | ₹ ૨૦ | ₹ ૧૦ |
| ઈલેક્ટ્રિક કાર | ₹ ૩૦ | ₹ ૧૫ |
| ટ્રેન | ₹ ૨૫ | ₹ ૧૦ |

૧. ૪ બાળકો ચકડોળમાં બેસવા માગે છે, તો તેમણે કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

૨. તમારા માતા-પિતાને ટ્રેનમાં બેસવું હોય તો તેમણે કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

---

૩. ધોરણ ૪માં ભણતો ચિરાગ ચારેય રાઈડમાં બેસે તો કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

---

૪. જો તમે અને તમારા માતા-પિતા બધી જ રાઈડમાં બેસે તો કુલ કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

---

(૯) સૂચના મુજબ જવાબ આપો.

૧. .......... બિલાડીના ૮ પગ અને ........... બિલાડીના ૫૬ પગ

૨. અડધો ડઝન પેન્સિલ = ........... પેન્સિલ

૩. ૪૦ ના ત્રણ ગણા એટલે

૪. ૨ વર્ષમાં મહિનાની સંખ્યા = ...........

૫. ૨ કલાક ૩૦ મિનિટ = ........... મિનિટ

૬.  ચોરસની કુલ સંખ્યા = ...........

(૧૦) વાંદરો એક સાથે ૩ કૂદકા કૂદે છે ૩૩, ૩૯ અને ૪૫ ની સંખ્યા માટે કૂદકાની સંખ્યા શોધો.

(૧૧) તારા ૩૨ મણકાનો ઉપયોગ કરી એક માળા બનાવે છે, તો તે ૧૨૮ મણકા અને ૨૨૪ મણકાનો ઉપયોગ કરી કેટલી માળા બનાવી શકે?

(૧૨) વિક્રમ ૭૦૦ ગુલાબજાંબુ ખરીદવા માટે ૩૫ બૉક્સ ખરીદે છે દરેક બૉક્સમાં ગુલાબજાંબુની સંખ્યા સમાન છે તો દરેક બૉક્સમાં કેટલાં ગુલાબજાંબુ હશે?

(૧૩) એક પાર્કિંગની જગ્યામાં ૩૦૦૦ કાર પાર્કિંગ કરી શકાય છે. તો આ માટે કુલ ૩૦ હાર કરેલ હોય તો દરેક હારમાં કારની સંખ્યા કેટલી હોય?

(૧૪) નીરજ પોતાની કબડ્ડીની ટીમ માટે ૮૦ ટી-શર્ટ ખરીદવા માંગે છે. જો દરેક પેકેટમાં ૧૦ ટી-શર્ટ હોય તો નીરજે કેટલા પેકેટ ખરીદવા પડે?

(૧૫) મીરાંએ બજારમાં વેચવા માટે ૧૪૨૮ પેન્સિલ બનાવી. તે ૭ પેન્સિલનું એક પેકેટ બનાવે છે, તો કુલ કેટલા પેકેટ બનાવશે?

(૧૬) સાહિસ્તા ₹૨૦૦૦ ની ખરીદી કરવા જાય છે પરંતુ દુકાનદાર પાસે તેના છૂટા નથી. આથી દુકાનદાર તેને છૂટા લાવવાનું કહે છે. બાજુમાં એક રિક્ષાવાળો હતો તેણે તેને છૂટા આપ્યા આથી જો બધી

(૧) ₹ ૧૦ની નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૨) ₹ ૫૦ની બધી નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૩) ₹ ૨૦ની બધી નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૪) ₹ ૨૦૦ની બધી નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૫) ₹ ૫૦૦ની બધી નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૬) ₹ ૧૦૦ની બધી નોટ હોય તો કુલ ........... નોટ હોય.

(૧૭) આપેલ પેટર્નને સમજો. બાકી રહેલા ભાગમાં તે પેટર્ન પૂર્ણ કરો.




(૧૮) નીચેની આકૃતિને ૯ના ઘડિયાની મદદથી પૂર્ણ કરો.



(૧૯) પુનરાવર્તી બાદબાકીનો ઉપયોગ કરી પૂર્ણ કરો.

૧. ૨૦ ÷ ૨

૨૦ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ - ૨ = ૦

૨૦ ÷ ૨ = ૧૦

૨. ૨૮ ÷ ૭

______________________________

______________________________

૩. ૪૫ ÷ ૯

______________________________

______________________________

૪. ૫૦૮ ÷ ૫

______________________________

______________________________

(૨૦) ખૂટતી સંખ્યા લખો.




(૨૧) ભાગાકાર કરો અને ભાગફળ, ભાજ્ય, ભાજક અને શેષ લખો અને જવાબ પણ ચકાસો.

૧. ૨ | ૩ ૨ ૪

ભાજ્ય ............

ભાજક ............ ચકાસણી ............

ભાગફળ ..........

શેષ ...........

૨. ૬ | ૨૬૦૨

ભાજ્ય ...........

ભાજક ........... ચકાસણી ...........

ભાગફળ ..........

શેષ ...........

૩. ૫ | ૬૩૦

ભાજ્ય ...........

ભાજક ........... ચકાસણી ...........

ભાગફળ ..........

શેષ ...........

(૨૨) **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧. એક બિલ્ડિંગમાં ૩૫ ફલોર છે. દરેક ફ્લોર પર ૧૦ ફ્લેટ છે. તો બિલ્ડિંગમાં કુલ ફ્લેટની સંખ્યા = ☐

(A) ૩૫ ÷ ૧૦ (B) ૩૫ + ૧૦ (C) ૩૫ × ૧૦ (D) ૩૫ – ૧૦

૨. બે નોટબુકની કિંમત અનુક્રમે ₹ ૨૦ અને ₹ ૩૦ છે તો બંનેની કિંમતનો તફાવત ☐

(A) ૩૦ – ૨૦ (B) ૨૦ – ૩૦ (C) ૩૦ × ૨૦ (D) ૩૦ + ૨૦

૩. ૪૮ ÷ ૮ ☐

(A) ૪૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ (B) ૪૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮

(C) ૪૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ (D) ૪૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮

૪. એક શાળામાં ૪ વર્ગખંડ છે અને દરેક વર્ગખંડને ૪ બારીઓ છે, તો શાળામાં કુલ કેટલી બારીઓ હશે? ☐

(A) ૧૬ (B) ૮ (C) ૪ (D) ૩૨

૫. ૧૨ કેળાં ૪ બાળકોને સરખે ભાગે વહેંચવામાં આવે તો દરેક બાળકને કેટલાં કેળાં મળે?

(A) ૩ (B) ૪ (C) ૧૨ (D) ૬

(૨૩) પ્રશ્નની રચના કરો.

૧. રશ્મિકા એક દિવસમાં ૬ ગ્લાસ પાણી પીએ છે તે કુલ ૧૮૦ ગ્લાસ પાણી પીએ છે.

૨. સુનિતા ૭ આઈસક્રીમ ખરીદે છે અને તેના કુલ ૧૬૧ રૂપિયા ચૂકવે છે.

૩. અહીં ચોકલેટનાં ૬ પેકેટ છે અને દરેક પેકેટમાં ૯ ચોકલેટ છે.



(૨૪) નીચેની કઈ આકૃતિ ૩ × ૪ દર્શાવે છે?

(A)  (B)  (C)  (D) 

(૨૫) કેલ્ક્યુલેટર પરના બધા અંકોનો ગુણાકાર કેટલો થાય?

______________________________

(૨૬) શાળામાં એક તાસ ૧૮૦૦ સેકન્ડનો છે તો આ એક તાસ કેટલી મિનિટનો કહેવાય?

(૨૭)

જો  ÷  =  તો  ÷  = ______________

(૨૮) રમેશ એક પુસ્તકનાં ૨૫૨ પાના એક અઠવાડિયામાં વાંચે છે અને તે રોજ સરખી સંખ્યામાં પાના વાંચતો હોય તો એક દિવસમાં તેણે કેટલાં પાનાં વાંચ્યાં હશે?

(૨૯) અહીં વિભાગ (i) અને (ii) માં આવેલી સંખ્યાઓ કઈ સંખ્યાઓ વડે વિભાજ્ય છે?




(A) ૨ અને ૩ (B) ૧૦ અને ૯ (C) ૪ અને ૯ (D) ૨ અને ૯

(૩૦) જો કોઈ એક નંબરને ૫ વડે ભાગવામાં આવે તો ભાગફળ ૮ અને શેષ ૩ વધે છે તો તે સંખ્યા કઈ છે?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **સૂચના પ્રમાણે જવાબ આપો.**

(૧) [ ૫ ૪ ૮ ૭ ] માંથી [ ] અને [ ] નો ગુણાકાર ૪૦ થાય.

(૨) [ ૫ ૬ ૭ ૧૨ ] માંથી [ ] × [ ] = ૮૪

(૩) બે ઘડિયાનો ઉપયોગ કરી ૮નો ઘડિયો બનાવો.

......... નો ઘડિયો



......... નો ઘડિયો



૮નો ઘડિયો



(૪) કોષ્ટક પૂર્ણ કરો.

| સંખ્યા (કુલ) | સરખાં જૂથની સંખ્યા | દરેક જૂથમાં સંખ્યા |
|---|---|---|
| ૮૮ | [ ] | [ ] |
| ૧૪ | ૭ | [ ] |
| ૩૪ | [ ] | ૧૭ |
| ૪૪ | [ ] | ૧૧ |

(૫) એક વિમાન ૧૨ કલાકમાં ૬૬૦૦ કિમી અંતર કાપે છે, તો ૧ કલાકમાં કેટલું અંતર કાપશે?

(૬) ૫૦ ÷ ૧૦ તો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ૫૦ - ૫ - ૫ - ૫

(B) ૫૦ - ૫ - ૫ - ૫ - ૫ - ૫

(C) ૫૦ - ૧૦ - ૧૦ - ૧૦ - ૧૦

(D) ૫૦ - ૧૦ - ૧૦ - ૧૦ - ૧૦ - ૧૦

(૭) ૧૦ ચોકલેટની કિંમત ૪૦ રૂપિયા છે, તો ૧ ચોકલેટની કિંમત કેટલી?

(૮) પ્રશ્નની રચના કરો.



અહીં ૫ કુલ્ફી છે. સુરેશ બધી કુલ્ફી માટે કુલ ૧૨૫ રૂપિયા ચૂકવે છે.

(૯) અહીં આઠ પેન્સિલ બૉક્સમાં કુલ ૫૬ પેન્સિલ છે. દરેક બૉક્સમાં પેન્સિલની સંખ્યા સમાન છે.



(૧૦) બિટ્ટુ પાંજરાપોળની મુલાકાત લે છે. ત્યાં તે ગાયના પગ ગણે છે, તે કુલ ૯૨ છે, તો પાંજરાપોળમાં બિટ્ટુએ ગણેલ ગાયની સંખ્યા કેટલી?

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 11.1 | | | | | | | | | | | | | |
| 11.2 | | | | | | | | | | | | | |
| 11.3 | | | | | | | | | | | | | |

## જવાબો :

**(૧)** ૬ હાર

**(૨)** **૧.** ૭નાં ૪ જૂથ એટલે ૨૮ ૪ × ૭ = ૨૮ **૨.** ૮નાં ૩ જૂથ એટલે ૨૪ ૩ × ૮ = ૨૪

**૩.** ૯નાં ૫ જૂથ એટલે ૪૫ ૫ × ૯ = ૪૫

**(૩)** **૧.** ૧૪ ÷ ૨ = ૭ **૨.** ૨૦ ÷ ૫ = ૪

**(૪)** **૧.** ૨ અને ૬ **૨.** ૪ × ૭ **૩.** ૧૬ ÷ ૨ **૪.** ૪ અને ૩

**(૬)**

| સંખ્યા (કુલ) | સરખાં જૂથની સંખ્યા | દરેક જૂથમાં સંખ્યા |
|---|---|---|
| ૩૦ | ૫ | ૬ |
| ૩૪ | ૨ | ૧૭ |
| ૩૦ | ૩ | ૧૦ |
| ૭૨ | ૮ | ૯ |

(૭) ૮, ૬, ૩૬, ૨૩

(૮) ૧. ૨૮ રૂપિયા ૨. ૫૦ રૂપિયા ૩. ૪૨ રૂપિયા ૪. ૨૨૨ રૂપિયા

(૯) ૧. ૨, ૧૪ ૨. ૬ પેન્સીલ ૩. ૧૨૦ ૪. ૨૪

૫. ૧૫૦ મિનિટ ૬. ૨૪

(૧૦) ૧૧ કૂદકા, ૧૩ કૂદકા, ૧૫ કૂદકા

(૧૧) ૪ માળા અને ૭ માળા

(૧૨) ૨૦ ગુલાબજાંબુ (૧૩) ૧૦૦ કાર (૧૪) ૮ પેકેટ (૧૫) ૨૦૪ પેકેટ

(૧૬) ૧. ૨૦૦ નોટ ૨. ૪૦ નોટ ૩. ૧૦૦ નોટ ૪. ૧૦ નોટ

૫. ૪ નોટ ૬. ૨૦ નોટ

(૧૭)




(૧૮)



(૨૦)

ભાગફળ: ૦ ૩ ૮

૯ ) ૩ ૪ ૯
૦
---
૩ ૪
૨ ૭
---
૭ ૯
૭ ૨
---
૭

(૨૧)

| | જવાબ | ભાજ્ય | ભાજક | ભાગફળ | શેષ |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૬૨ | ૩૨૪ | ૨ | ૧૬૨ | ૦ |
| (૨) | ૪૩૩ | ૨૬૦૨ | ૬ | ૪૩૩ | ૪ |
| (૩) | ૧૨૬ | ૬૩૦ | ૫ | ૧૨૬ | ૦ |

**(૨૨) ૧.** ૩૫ ૧૦ **૨.** ૩૦ - ૨૦ **૩.** ૪૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮ - ૮

**૪.** ૧૬ **૫.** ૩

**(૨૪)** (C) **(૨૫)** ૦ **(૨૬)** ૩૦ મિનિટ **(૨૭)** ☐

**(૨૮)** ૩૬ પાનાં **(૨૯)** અ **(૩૦)** ૪૩

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો :

**(૧)** ૫ અને ૮ **(૨)** ૧૨ અને ૭

**(૪)**

| સંખ્યા (કુલ) | સરખાં જૂથની સંખ્યા | દરેક જૂથમાં સંખ્યા |
|---|---|---|
| ૮૮ | ૨ | ૪૪ |
| ૧૪ | ૭ | ૨ |
| ૩૪ | ૨ | ૧૭ |
| ૪૪ | ૪ | ૧૧ |

**(૫)** ૫૫૦ કિમી **(૬)** ૫૦ - ૧૦ - ૧૦ - ૧૦ - ૧૦ - ૧૦

**(૭)** ૪ રૂપિયા **(૮)** ૨૩ ગાય

# ૧૨ કેટલું ભારે ? કેટલું હલકું ?

**અધ્યયન નિષ્પત્તિ :**

M 403 રોજિંદા જીવનની પરિસ્થિતિઓ, સમસ્યાઓનો ઉકેલ મૂળભૂત ગાણિતિક ક્રિયાઓ દ્વારા આપે છે. (વજન આધારિત)

**વિષયવસ્તુના મુદ્દા :**

12.1 આપેલ વસ્તુના ભારેપણાનો અંદાજ લગાવી શકે.

12.2 વજનિયાંનો ઉપયોગ કરી શકે.

12.3 આપેલ વજનિયાંના માપ પર વિવિધ ક્રિયાઓ કરી શકે.

**પૂર્વજ્ઞાન**

- અંક જ્ઞાન તથા ગાણિતિક ક્રિયાઓ

---

(૧) તમારા વર્ગશિક્ષક નિયમિતપણે તમારા વજન કરતા હશે તો તમારા અને તમારા મિત્રનું વજન નીચેના કોષ્ટકમાં લખો.

| મિત્રનું નામ | વજન (કિગ્રા) |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |
| | |

૧. તમારું અને તમારા મિત્રોનું કુલ વજન કેટલું થાય છે?_______________

૨. એક લિફ્ટની ૧૦૦ કિગ્રા વજનની ક્ષમતા છે, તો તમે કયા કયા મિત્રો સાથે લિફ્ટમાં જશો?

_______________________________________________

(૨) તમારું વજન કરવા માટે તમે કયા સાધનનો ઉપયોગ કર્યો?

_______________________________________________

_______________________________________________

(૩) ત્રાજવાના એક પલ્લામાં તમે અને બીજા પલ્લામાં તમારો મિત્ર બેસે તો કયું પલ્લું નીચે નમશે?

_______________________________________________

_______________________________________________

(૪) તમારી કંપાસપેટીમાં રહેલી વસ્તુઓની યાદી બનાવો તથા બે-બેની જોડ બનાવો. અંદાજ લગાવો કે તેમને ત્રાજવાના પલ્લામાં મૂકતાં કયું પલ્લું નીચે નમશે અને પછી ત્રાજવાનો ઉપયોગ કરી તમારો જવાબ ચકાસો.

| વસ્તુઓની જોડ | અંદાજ લગાવતાં નીચે નમતું પલ્લું | ખરેખર નીચે નમતું પલ્લું |
|---|---|---|
| | | |

(૫) નીચેની વસ્તુઓનું વજન કરવા માટે તમે કયા એકમનો ઉપયોગ કરશો.

| વસ્તુનું નામ | એકમ (ગ્રામ / કિલોગ્રામ) |
|---|---|
| તમારું વજન | |
| બસનું વજન | |
| તમારાં રમકડાંનું વજન | |
| રાઈના દાણા (૧ વાટકી) | |
| ચોકલેટ | |
| હાથી | |
| પ્યાલો | |
| પેન | |

(૬) નીચેનું કોષ્ટક પૂર્ણ કરવું.

| વજન | બમણું વજન | અડધું વજન |
|---|---|---|
| ૨ કિગ્રા | | |
| ૫૦૦ ગ્રામ | | |
| ૨૦ કિગ્રા | | |
| ૧૫૦૦ કિગ્રા | | |
| ૩૦૦૦ ગ્રામ | | |
| ૪૦ કિગ્રા | | |
| ૧૦૦ કિગ્રા | | |

(૭) દુકાનદાર ૫ કિગ્રા, ૬ કિગ્રા, ૨ કિગ્રા અને ૮ કિગ્રાના વજનિયાંનો ઉપયોગ કરી શાકભાજી અને ફ્રુટનું વજન કરે છે તો તમે કઈ રીતે વજનિયાનો ઉપયોગ કરશો?

(૧) ૪ કિગ્રા બટાટા



(૨) ૭ કિગ્રા તરબૂચ



(૩) ૯ કિગ્રા ટામેટા



(૮) અમિત રામજીકાકાની દુકાને ૭ કિગ્રા ખાંડ ખરીદવા જાય છે, પરંતુ રામજીકાકાનો ડિઝીટલ (ઇલેક્ટ્રિક કાંટો) ખરાબ હતો. આથી તેમને સાદા વજનકાંટાથી ખાંડ માપવાનું નક્કી કર્યું. પરંતુ તેમને વજનિયાં મળ્યાં નહીં આથી તેમણે દુકાનમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ કરી વજન કરવાનું નક્કી કર્યું. તમે રામજીકાકાને મદદ કરો કે જેથી તે અમિતને ૭ કિગ્રા ખાંડ આપી શકે.

| મીઠાનું પેકેટ | ચાનું પેકેટ | સાબુ | સેવનું પેકેટ | કપડાં ધોવાનો પાઉડર |
|---|---|---|---|---|
| ૧ કિલો<br>૨ થેલી | ૫૦૦ ગ્રામ<br>૫ પેકેટ | ૨૦૦ ગ્રામ<br>૬ પેકેટ | ૧૦૦ ગ્રામ<br>૧૦ પેકેટ | ૨૫૦ ગ્રામ<br>૪ થેલી |
| વેફરનું પેકેટ | ચીઝનું પેકેટ | બિસ્કિટનું પેકેટ | ફરાળી ચેવડાનું પેકેટ | - |
| ૪૦૦ ગ્રામ<br>૫ પેકેટ | ૫૦ ગ્રામ<br>૧૦ પેકેટ | ૨૦ ગ્રામ<br>૧૦ પેકેટ | ૩૦૦ ગ્રામ<br>૫ થેલી | |

(૯) એક શાકભાજીવાળા પાસે વજનિયાં નથી પરંતુ વજનિયાંના માપના પથ્થરના ત્રણ ટુકડા નીચે મુજબ છે તો વજનિયાં કઈ રીતે ગોઠવશો? તે માટે પ્રશ્નોના જવાબ આપો.




(૧) રમાબહેન ૩ કિલોગ્રામ ટામેટાં ખરીદવા માગે છે.



(૨) વનિતા ૧૩ કિલોગ્રામ બટાટા ખરીદવા માગે છે.



(૩) શિલ્પા ૭ કિલોગ્રામ વટાણા ખરીદવા માગે છે.



(૧૦) નીચેનાં જોડકાં જોડો.

| | અ | | બ | જવાબ |
|---|---|---|---|---|
| (૧) | ૧૨ કિગ્રા - ૫૫૦ ગ્રામ - ૨૫ ગ્રામ | (A) | ૧૮૭૫૦ ગ્રામ | (૧)... ..... .... .... . |
| (૨) | ૧૬ કિગ્રા - ૧૨ કિગ્રા - ૪૫૦ ગ્રામ | (B) | ૩૫૫૦ ગ્રામ | (૨)... ..... .... .... . |
| (૩) | ૨ કિગ્રા + ૧૬ કિગ્રા + ૭૫૦ ગ્રામ | (C) | ૧૧૪૨૫ ગ્રામ | (૩)... ..... .... .... . |
| (૪) | ૧૨ કિગ્રા + ૪ કિગ્રા + ૫૦ ગ્રામ | (D) | ૧૬૦૫૦ ગ્રામ | (૪)... ..... .... .... . |
| (૫) | ૧ કિગ્રા + ૫ કિગ્રા + ૯૦૦ ગ્રામ | (E) | ૩૭૫૦ ગ્રામ | (૫)... ..... .... .... . |
| | | (F) | ૬૯૦૦ ગ્રામ | |

(૧૧) નરેન્દ્રના બૅટનું વજન ૨ કિગ્રા અને હરેશના બૅટનું વજન ૧૫૦૦ ગ્રામ છે તો કોનું બૅટ વજનમાં ભારે છે? સમજાવો.

---

---

---

(૧૨) **યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

૧.  સાયકલનું વજન ☐

(A) ૯ ગ્રામ (B) ૯૦૦ ગ્રામ (C) ૯ કિગ્રા (D) ૯૦ ગ્રામ

૨.  તરબૂચનું અંદજિત વજન ☐

(A) ૨ ગ્રામ (B) ૨૦ ગ્રામ (C) ૨૦૦ કિગ્રા (D) ૨ કિગ્રા

૩.  ગાડીનું અંદાજિત વજન ☐

(A) ૧૦ ગ્રામ (B) ૧૦૦૦૦ ગ્રામ (C) ૧૦૦૦ કિગ્રા (D) ૧૦૦ કિગ્રા

૪. નીચેનાં પૈકી ભારે પ્રાણી કયું છે? ☐

(૧)  (૨) 

(A) બંને સરખા વજનના (B) ૧ ભારે (C) ૨ ભારે (D) કંઈ કહી શકાય નહીં

૫. નીચેના પૈકી સૌથી ભારે કઈ ચીજ છે? ☐


(અ)


(બ)


(ક)

(A) અ ભારે છે. (B) બ ભારે છે. (C) ક ભારે છે. (D) ત્રણેય સરખાં વજનનાં છે.

(૧૩) શર્મિષ્ઠા ૨૫૦ ગ્રામનું બિસ્કિટનું પેકેટ ખરીદે છે અને પછી તેના આધારે પોતાના ઘરમાં રહેલી વસ્તુઓનું માપન કરે છે. તમે નીચે આપેલ પેકેટનાં જૂથના આધારે તેટલું વજન ધરાવતી વસ્તુઓનાં નામ લખો.

| ક્રમ | બિસ્કીટના પેકેટની સંખ્યા | વજન (કિગ્રા) | ઘરમાં રહેલી વસ્તુ |
|---|---|---|---|
| ૧ |  | | |
| ૨ |  | | |
| ૩ |  | | |

(૧૪) મીનાએ ૩ ચાંદીના સિક્કા ખરીદ્યા. ત્રણેયનું વજન અનુક્રમે ૨૦૦ ગ્રામ, ૬૫૦ ગ્રામ અને ૫૦૦ ગ્રામ છે. તો તેણે કુલ કેટલા ગ્રામ ચાંદી ખરીદી?

(૧૫) નીચેની ભૌતિક તુલાનો ઉપયોગ કરી દરેક તુલામાં રહેલા એક દડાનું વજન શોધો.




પ્રથમ તુલના એક દડાનું વજન ...............

બીજી તુલના એક દડાનું વજન ..............

ત્રીજી તુલના એક દડાનું વજન ...............

(૧૬) દરેકમાં ૧ કિગ્રા વસ્તુની કિંમત શોધો.

૧. ૨ કિગ્રા સફરજનની કિંમત ૨૦૦ રૂપિયા છે. ______________

૨. ૫૦૦ ગ્રામ ચાના પેકેટની કિંમત ૧૨૦ રૂપિયા છે. ______________

૩. ૫ કિગ્રા ચોખાની કિંમત ૧૦૦ રૂપિયા છે. ______________

૪. અડધો કિગ્રા નારંગીની કિંમત ૩૦ રૂપિયા છે. ______________

૫. ૧૦૦ ગ્રામ કોથમીરના ૧૦ રૂપિયા હોય. ______________

(૧૭) ૪ કિગ્રા ખાંડ કરવા માટે ૫૦૦ ગ્રામ ખાંડના કેટલાં પેકેટ જોઈએ?

(૧૮) ૧ કિગ્રા દ્રાક્ષની કિંમત ₹ ૧૨૦ હોય, તો ૨૫૦ ગ્રામ દ્રાક્ષની કિંમત કેટલી થાય?

(૧૯) ચીકુનું વજન = ૩૭૫૦ ગ્રામ = .............. કિગ્રા ............. ગ્રામ

કેરીનું વજન = ૧૩૫૦ ગ્રામ = .............. કિગ્રા ............. ગ્રામ

કોનું વજન ઓછું છે?

ચીકુ અને કેરીનું કુલ વજન = .............. કિગ્રા ............. ગ્રામ

(૨૦) કવિતાએ ૪ ચાંદીના સિક્કા ખરીદ્યા. તેનું વજન અનુક્રમે ૭૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ અને ૫૦ ગ્રામ હતું તો તેણે કુલ કેટલી ચાંદી ખરીદી?

(૨૧) એક લિફ્ટમાં વધુમાં વધુ ૨૨૦ કિગ્રા વજન લઈ જઈ શકાય છે. ચાર વ્યક્તિઓ લિફ્ટમાં એક સાથે જવા માંગે છે. તેમના વજન અનુક્રમે ૫૧ કિગ્રા, ૫૮ કિગ્રા, ૬૫ કિગ્રા અને ૭૦ કિગ્રા છે. શું તેઓ લિફ્ટમાં જઈ શકશે? કેમ?

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

(૧) નીચેના પૈકી કયું ત્રાજવું નીચે નમશે?




(૨) નીચેના પૈકી કયું ત્રાજવું નીચે નમશે?




(૩)  ફુલાવરનું અંદાજિત વજન

(A) ૧ કિગ્રા (B) ૧૦ ગ્રામ (C) ૧૦૦ ગ્રામ (D) ૧ ગ્રામ

(૪)  વાહનનું અંદાજિત વજન

(A) ૨ કિગ્રા (B) ૨૦૦૦ ગ્રામ (C) ૨૦૦૦ કિગ્રા (D) ૨૦૦ કિગ્રા

(૫) ટામેટાંનું વજન કેટલું થશે?




(A) ૧ કિગ્રા (B) ૧૦ ગ્રામ (C) ૧૦૦ ગ્રામ (D) ૪૦૦ ગ્રામ

(૬) ૩ કિગ્રા = ............ ગ્રામ

(૭) 

૧ કિગ્રા ૩ કિગ્રા ૨ કિગ્રા ૪ કિગ્રા ૫ કિગ્રા

તો

(અ)  = ___________

(બ)  = ___________

(૮) ખાલી જગ્યા પૂરો.

(૧) ૩૦૦ ગ્રામ + ............ ગ્રામ = ૧ કિગ્રા

(૨) ૭૩૦ ગ્રામ + ............ ગ્રામ = ૧૦૦૦ ગ્રામ

(૯) ૧ ઈંટનું વજન ૨ કિલોગ્રામ છે તો ૩૫૦ ઈંટનું વજન કેટલું થાય?

(૧૦) રમેશ ૪ કિગ્રા ૨૭૦ ગ્રામ ચોખા અને ૩ કિગ્રા ૫૫૦ ગ્રામ ઘઉં ખરીદે છે તો કુલ કેટલું વજન તેણે ઊંચકવું પડે?

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 12.1 | | | | | | | | | | | | | |
| 12.2 | | | | | | | | | | | | | |
| 12.3 | | | | | | | | | | | | | |

## જવાબો

(૧) ____________ (૨) ____________ (૩) ____________ (૪) ____________

(૫)

| વસ્તુનું નામ | એકમ (ગ્રામ / કિલોગ્રામ) |
|---|---|
| તમારું વજન | કિલોગ્રામ |
| બસનું વજન | કિલોગ્રામ |
| તમારા રમકડાનું વજન | ગ્રામ |
| રાઈના દાણા (૧ વાટકી) | ગ્રામ |
| ચોકલેટ | ગ્રામ |
| હાથી | કિલોગ્રામ |
| પ્યાલો | ગ્રામ |
| પેન | ગ્રામ |

(૬)

| વજન | બમણું વજન | અડધું વજન |
|---|---|---|
| ૨ કિગ્રા | ૪ કિગ્રા | ૧ કિગ્રા |
| ૫૦૦ ગ્રામ | ૧૦૦૦ ગ્રામ (૧ કિગ્રા) | ૨૫૦ ગ્રામ |
| ૨૦ કિગ્રા | ૪૦ કિગ્રા | ૧૦ કિગ્રા |
| ૧૫૦૦ કિગ્રા | ૩૦૦૦ કિગ્રા | ૭૫૦ કિગ્રા |
| ૩૦૦૦ ગ્રામ | ૬૦૦૦ ગ્રામ | ૧૫૦૦ ગ્રામ |
| ૪૦ કિગ્રા | ૮૦ કિગ્રા | ૨૦ કિગ્રા |
| ૧૦૦ કિગ્રા | ૨૦૦ કિગ્રા | ૫૦ કિગ્રા |

**(૧૦)** (૯) ______ (૮) ______ (૯) ______

| અ | બ | |
|---|---|---|
| (૧) | (C) | ૧૧૪૨૫ ગ્રામ |
| (૨) | (B) | ૩૫૫૦ ગ્રામ |
| (૩) | (A) | ૧૮૭૫૦ ગ્રામ |
| (૪) | (D) | ૧૬૦૫૦ ગ્રામ |
| (૫) | (F) | ૬૯૦૦ ગ્રામ |

**(૧૧)** નરેન્દ્રનું બેટ વજનમાં ભારે છે. કારણ કે નરેન્દ્રના બેટનું વજન ૨ કિગ્રા = ૨૦૦૦ ગ્રામ અને હરેશના બેટનું વજન ૧૫૦૦ ગ્રામ છે. આથી નરેન્દ્રનું બેટ વજનમાં ભારે છે.

**(૧૨)** **૧.** ૯ કિગ્રા **૨.** ૨ કિગ્રા **૩.** ૧૦૦૦ કિગ્રા **૪.** (C) ૨ ભારે

**૫.** (B) બ ભારે છે.

**(૧૪)** ૧૩૫૦ ગ્રામ

**(૧૫)** લીલા દડાનું વજન ૪ કિગ્રા, વાદળી દડાનું વજન ૬ કિગ્રા, લાલ દડાનું વજન ૫ કિગ્રા

**(૧૬)** **૧.** ૧૦૦ રૂપિયા **૨.** ૨૪૦ રૂપિયા **૩.** ૨૦ રૂપિયા **૪.** ૬૦ રૂપિયા

**૫.** ૧૦૦ રૂપિયા

**(૧૭)** ૮ પેકેટ **(૧૮)** ૩૦ રૂપિયા

**(૧૯)** ૩ કિગ્રા ૭૫૦ ગ્રામ

૧ કિગ્રા ૩૫૦ ગ્રામ

કેરીનું વજન ઓછું છે.

૫ કિગ્રા ૧૦૦ ગ્રામ

**(૨૦)** ૧૫૫૦ ગ્રામ એટલે કે ૧ કિગ્રા ૫૫૦ ગ્રામ

**(૨૧)** ના નહીં જઈ શકે કારણ કે તેમનું કુલ વજન લિફ્ટમાં લઈ જઈ શકાતા વજન કરતાં વધુ છે.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો.**

**(૧)** A **બાજુનું નમશે** **(૨)** B **બાજુનું નમશે** **(૩)** ૧ કિગ્રા **(૪)** ૨૦૦૦ કિગ્રા

**(૫)** ૪૦૦ ગ્રામ **(૬)** ૩૦૦૦ ગ્રામ **(૭)** અ. ૧૧ કિગ્રા, બ. ૧૭ કિગ્રા

**(૮)** ૧. ૭૦૦ ગ્રામ ૨, ૨૭૦ ગ્રામ **(૯)** ૭૦૦ કિગ્રા

**(૧૦)** ૭ કિગ્રા, ૮૨૦ ગ્રામ

# ૧૩ ખેતર અને તેની ફરતે વાડ

**અધ્યયન નિષ્પત્તિ :**

M 404 આપેલા આકારને એકમ તરીકે લઈ ભૌમિતિક આકારો(ત્રિકોણ, લંબચોરસ, ચોરસ)ની પરિમિતિ અને ક્ષેત્રફળ રજૂ કરે છે.

**વિષયવસ્તુના મુદ્દા :**

13.1 સાદા ભૌમિતિક આકારોની પરિમિતિ શોધો અને ક્ષેત્રફળનો પ્રાથમિક ખ્યાલ મેળવો.

**પૂર્વજ્ઞાન**

- હદ અને સીમા જેવા શબ્દોથી પરિચિત
- મીટર અને સેમી જેવા લંબાઈના માપનનાં એકમોનો ખ્યાલ.

---

**(૧) સૂચના : અહીં નીચે કેટલીક આકૃતિઓ આપેલ છે તે દરેકની હદ શોધો.**

૧.




૨.




૩.



(૨) સુમિત નીચે દર્શાવેલી આકૃતિ મુજબના પાર્કમાં મોર્નિંગ વોક કરે છે, તો તે ૩ રાઉન્ડમાં કેટલું અંતર કાપશે?




(૩) ત્રણ સળીની લંબાઈ ૧૪ સેમી, ૧૫ સેમી અને ૧૬ સેમી છે, ખુશીએ એ ત્રણેયનો ઉપયોગ કરીને એક ત્રિકોણ બનાવ્યો છે, તો તે ત્રિકોણની હદ શોધો.

(૪) એક ચોરસ બાગની લંબાઈ ૧૩૦ મીટર છે. બાગની ફરતે ત્રણ હારવાળી વાડ કરવા કેટલી લંબાઈનો તાર જોઈએ?

(૫) **સૂચના : નીચે બૉક્સમાં અલગ-અલગ આકૃતિઓ દોરેલ છે, દરેકની હદ માપો અને લખો.**

૧. 

સેમી

૨. 

સેમી

૩. 

[ ] સેમી

૪. 

[ ] સેમી

(૬) **સૂચના : નીચે આપેલી આકૃતિમાં કેટલાં ચોરસ ખાનાં સમાયેલાં છે તે ગણો અને લખો.**

૧. 

૨. 

૩. 

(૭) **સૂચના : નીચે આપેલ આકૃતિમાં દર્શાવ્યા મુજબનો ભાગ કાપતાં બાકી રહેલ આકૃતિની હદ શોધો.**

૧. 



કાપ્યા પછી બાકી રહેલી આકૃતિની હદ = ........... સેમી

૨.



કાપ્યા પછી બાકી રહેલી આકૃતિની હદ = ........... સેમી

(૮) નીચેની આકૃતિમાં GH ની લંબાઈ શોધો.




(૯) નીચેનામાંથી કઈ આકૃતિની પરિમિતિ સૌથી વધારે છે? દરેક ખાનું ૧ × ૧ સેમી છે.

A 

B 

C

D


(૧૦) નીચેની આકૃતિની પરિમિતિ શોધો.




(૧૧) નીચેની આકૃતિમાં તમામ બાજુનું માપ ૧૫ સેમી છે, તો તેની પરિમિતિ .......... થાય.



(૧૨) આ કાર્ડબૉર્ડની મદદથી નીચેનામાંથી કયો આકાર બનશે?






(૧૩) મનોજ એક લંબચોરસ દોરે છે. તેની લંબાઈ પહોળાઈ કરતાં બમણી છે. જો પહોળાઈ ૨૫ સેમી હોય તો તેની પરિમિતિ કેટલી થાય?

(૧૪) એક કીડી આ સીડી પર બિંદુ P થી Q સુધી સીડી ચઢીને જાય છે. તેણે કેટલું અંતર કાપ્યું હશે?




## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) એક ત્રિકોણની ત્રણ બાજુઓનાં માપ ૫ સેમી, ૭ સેમી અને ૯ સેમી છે, તો તે ત્રિકોણની હદનું માપ કેટલું થશે?

(A) ૨૦ સેમી (B) ૨૧ સેમી (C) ૪૨ સેમી (D) ૪૦ સેમી

(૨) ૬ સેમી લંબાઈવાળા ચોરસની સીમા / હદનું માપ શું થશે?

(A) ૬ સેમી (B) ૧૮ સેમી (C) ૧૨ સેમી (D) ૨૪ સેમી

(૩) એક લંબચોરસની લંબાઈ ૧૫ સેમી અને પહોળાઈ ૧૨ સેમી હોય, તો તેની બધી બાજુઓના માપનો સરવાળો કેટલો થાય? ☐

(A) ૨૪ સેમી (B) ૨૭ સેમી (C) ૩૦ સેમી (D) ૫૪ સેમી

(૪) એક લંબચોરસ બાગની લંબાઈ ૩૦ મીટર અને પહોળાઈ ૨૦ મીટર હોય, તો તે બાગની ફરતે ત્રણ હારવાળી વાડ કરવા કેટલી લંબાઈનો તાર જોઈએ? ☐

(A) ૫૦ મીટર (B) ૬૦ મીટર (C) ૧૦૦ મીટર (D) ૩૦૦ મીટર

(૫) એક ચોરસની હદ ૭૦ સેમી છે, તો તેની એક બાજુનું માપ શોધો.

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 13.1 | | | | | | | | | | | | | |

## જવાબો :

(૧) **૧.** ૧૫૫ મીટર **૨.** ૨૧૦ મીટર **૩.** ૧૯૦ મીટર

(૨) ૩૬૮ મીટર x ૩ = ૧૧૦૪ મીટર અંતર કાપશે. (૩) ૪૫ સેમી

(૪) ૧૫૬૦ મીટર તાર જોઈએ.

(૫) **૧.** ૩૦ સેમી **૨.** ૪૨ સેમી **૩.** ૨૦ સેમી **૪.** ૨૨ સેમી

(૬) **૧.** ૧૨ ખાનાં **૨.** ૧૦ ખાનાં **૩.** ૧૫ ખાનાં

(૭) **૧.** ૧૬ સેમી **૨.** ૨૪ સેમી

(૮) ૩ સેમી (૯) D (૧૦) ૨૪ સેમી (૧૧) ૯૦ સેમી

(૧૨) B (૧૩) ૧૫૦ સેમી (૧૪) ૧૨ મીટર

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

(૧) B - ૨૧ સેમી (૨) D - ૨૪ સેમી (૩) D - ૫૪ સેમી (૪) D - ૩૦૦ મીટર

(૫) ૧૭.૫ સેમી

# ૧૪ સ્માર્ટ ચાર્ટ

**અધ્યયન નિષ્પત્તિ :**

M 413 ભેગી કરેલ માહિતીને કોષ્ટકમાં અને સ્તંભ આલેખમાં નિરૂપણ કરે છે અને તેમાંથી અનુમાન તારવે છે.

**વિષયવસ્તુના મુદ્દા :**

14.1 સંગ્રહિત માહિતીને કોષ્ટક અને આલેખ સ્વરૂપે દર્શાવે અને અર્થઘટન કરે.

**પૂર્વજ્ઞાન**

- માહિતી, આવૃત્તિ ચિહ્ન, કોષ્ટક અને આલેખની ઓળખ.

---

(૧) નીચે એક શાળાના ધોરણ-૪ ના વિદ્યાર્થીઓને પસંદ ટીવી કાર્યક્રમની વિગત આપેલી છે તેના આધારે સ્તંભ આલેખ તૈયાર કરો અને પ્રશ્નોના જવાબ લખો.

| કાર્યક્રમ | બાલવીર | મોટું-પતલુ | છોટી આનંદી | જંગલબુક | બબલુ-ડબલુ |
|---|---|---|---|---|---|
| વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૧ | ૯ | ૧૮ | ૪ | ૬ |



૧. કયો કાર્યક્રમ સૌથી વધુ વિદ્યાર્થીઓને પસંદ છે? ..................

૨. કયો કાર્યક્રમ સૌથી ઓછા વિદ્યાર્થીઓને પસંદ છે? ..................

૩. જંગલબુક કરતા મોટુ-પતલુ કાર્યક્રમ કેટલા વિદ્યાર્થીઓને વધુ પસંદ છે? .............

૪. બાલવીર કરતાં બબલુ-ડબલુ કાર્યક્રમ કેટલા વિદ્યાર્થીઓને ઓછો પસંદ છે? .............

૫. સૌથી વધુ પસંદિત કાર્યક્રમ અને સૌથી ઓછા પસંદિત કાર્યક્રમ વચ્ચેનો તફાવત કેટલો છે? ...........

(૨) નીચે આપેલ ચાર્ટ પરથી પ્રશ્નોના જવાબ લખો.




૧. સૌથી વધુ તાપમાન કેટલું છે? કયા માસમાં? ..................

૨. સૌથી ઓછું તાપમાન કેટલું છે? કયા માસમાં? ..................

૩. ૩૫° સે. તાપમાન કયા માસમાં છે?..................

૪. એપ્રિલ માસ કરતાં જૂન માસમાં તાપમાન કેટલું વધારે છે? ..................

૫. માર્ચ માસ કરતાં જાન્યુઆરી માસમાં તાપમાન કેટલું ઓછું છે? ..................

૬. સૌથી વધુ તાપમાન અને સૌથી ઓછા તાપમાન વચ્ચેનો તફાવત કેટલો છે? ..................

(૩) નીચે આપેલા ચાર્ટ પરથી પ્રશ્નોના જવાબ લખો.




૧. વાદળી રંગ પસંદ કરતાં બાળકો કેટલાં છે? ..................

૨. કેટલાં બાળકોને જાંબલી રંગ પસંદ છે? ..................

૩. કાળો રંગ પસંદ કરતાં બાળકો નારંગી રંગ પસંદ કરતાં બાળકો કરતાં કેટલાં વધારે છે?..............

૪. સફેદ રંગ પસંદ કરતાં બાળકો વાદળી રંગ પસંદ કરતાં બાળકો કરતાં કેટલાં ઓછાં છે? .............

૫. કુલ બાળકોની સંખ્યા કેટલી છે? ..................

(૪) નીચે આપેલા વર્તુળ આલેખ પરથી પ્રશ્નોના જવાબ લખો.




૧. કેટલા બાળકોને આઈસક્રીમ પસંદ છે? ..................

(A) એક ચતુર્થાંશ (B) ત્રણ ચતુર્થાંશ (C) એક દ્વિતીયાંશ

૨. કેટલા બાળકોને બિસ્કિટ પસંદ છે? ..................

(A) એક દ્વિતીયાંશ (B) ત્રણ ચતુર્થાંશ (C) એક ચતુર્થાંશ

૩. ચોકલેટ પસંદ કરતાં બાળકોનું પ્રમાણ કેટલું છે? ..................

(A) ૧/૨ (B) ૧/૪ (C) ૩/૪

૪. જો કુલ બાળકો ૨૦૦ હોય, તો

બિસ્કિટ પસંદ કરતાં બાળકો : .................

આઈસ્ક્રીમ પસંદ કરતાં બાળકો : .................

ચોકલેટ પસંદ કરતાં બાળકો : .................

(૫) એક શાળાના ધોરણ-૪ ના વિદ્યાર્થીઓને પસંદિત પીણું પૂછીને એકઠી કરેલી વિગત નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે. તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.

| પસંદિત પીણું | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| જ્યૂસ | ૩૦ |
| કૉફી | ૧૫ |
| દૂધ | ૧૫ |

૧. જ્યૂસ પસંદ હોય તેવાં કુલ વિદ્યાર્થીઓનું પ્રમાણ કેટલું છે? ..................

(A) ૧/૨ (B) ૩/૪ (C) ૧/૪

૨. દૂધ પસંદ હોય તેવા કુલ વિદ્યાર્થીઓનું પ્રમાણ કેટલું છે? ..................

(A) એક દ્વિતીયાંશ (B) એક ચતુર્થાંશ (C) ત્રણ ચતુર્થાંશ

(૬) આકૃતિમાં અલગ અલગ રંગ પૂરો.



(૭) તમારી શાળાનો દરવાજો કઈ દિશામાં ખૂલે છે?

(૮) મોરનું ચિત્ર દોરો.

(૯) નીચે આપેલી સંખ્યાઓને યોગ્ય ક્રમિક સંખ્યા લખો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૩૪૬ | | | | | | | | ૩૫૪ |
| (૨) | ૪૬૮ | | | | | | | | ૪૭૬ |
| (૩) | ૨૨૦ | | | | | | | | ૨૨૮ |

(૧૦) નીચે આપેલી સંખ્યાઓને શબ્દોમાં લખો.

૧. ૩૧૯ : ................................................................

૨. ૪૬૫ : ................................................................

૩. ૫૩૭ : ................................................................

૪. ૬૬૯ : ................................................................

૫. ૭૨૪ : ................................................................

(૧૧) નીચે આપેલી સંખ્યામાં ૨૦ ઉમેરતાં કઈ સંખ્યા બનશે તે જણાવો.

૧. ૩૨૦ માં ૨૦ ઉમેરતાં .....................

૨. ૪૪૬ માં ૨૦ ઉમેરતાં .....................

૩. ૫૩૯ માં ૨૦ ઉમેરતાં .....................

૪. ૬૪૫ માં ૨૦ ઉમેરતાં .....................

૫. ૭૬૬ માં ૨૦ ઉમેરતાં .....................

(૧૨) નીચે આપેલી સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવો.

૧. ૩૨૬, ૩૬૨, ૨૬૩, ૬૩૨, ૨૩૬

.........................................................................

૨. ૫૬૭, ૬૭૫, ૫૭૬, ૬૬૫, ૭૫૬

.........................................................................

૩. ૨૩૫, ૩૫૨, ૨૫૩, ૫૩૨, ૨૫૨

.........................................................................

(૧૩) નીચે આપેલી સંખ્યાઓને ઊતરતા ક્રમમાં ગોઠવો.

૧. ૪૭૨, ૨૭૪, ૭૪૨, ૨૪૭, ૭૨૪

.........................................................................

૨. ૬૨૩, ૩૨૬, ૨૬૩, ૨૩૬, ૬૩૨

.........................................................................

૩. ૭૪૯, ૪૯૭, ૭૯૪, ૪૭૯, ૯૭૪

......................................................................

(૧૪) નીચેના કોઠાના આધારે પ્રશ્નોના જવાબ આપો અને કોઠાની વિગત પૂર્ણ કરો.

| વિગત | હાજર | ગેરહાજર | મધ્યાહ્ન ભોજનમાં ભાગ લીધેલ | પ્રવાસમાં ભાગ લીધેલ | રમતમાં ભાગ લીધેલ | કુલ |
|---|---|---|---|---|---|---|
| શિક્ષકો | ૧૦ | ૪ | ૩ | ૩ | ૨ | |
| કુમાર | ૩૫૪ | ૩૮ | ૨૩૦ | ૫૫ | ૧૦ | |
| કન્યા | ૨૩૦ | ૨૫ | ૧૫૦ | ૩૫ | ૮ | |
| કુલ | | | | | | |

૧. કુમાર હાજર સંખ્યામાંથી મધ્યાહ્ન ભોજનમાં ભાગ લીધેલ કુમાર સંખ્યા બાદ કરતાં કઈ સંખ્યા મળે?

૨. કુમાર હાજર સંખ્યા અને કન્યા હાજર સંખ્યાનો સરવાળો અને બાદબાકી કરો.

(૧૫) નીચેના દાખલા ગણો.

૧. મારી પાસે ૫૭૦ રૂપિયા હતા પરંતુ મારા ભાઈને દફતર લાવવા માટે ૩૦૦ રૂપિયા આપ્યા તો હવે મારી પાસે કેટલા રૂપિયા રહ્યા?

૨. મેં એક દુકાનમાંથી ૧૭૦ રૂપિયાનો શર્ટ, ૨૪૦ રૂપિયાનું પેન્ટ અને ૬૦ રૂપિયાનો બેલ્ટ ખરીદ્યો તો મારે દુકાનદારને કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

(૧૬) માગ્યા મુજબ કરો.

૧. તમારા મિત્રની લંબાઈ માપો અને તે કેટલા સે.મી. લંબાઈ ધરાવે છે તે લખો.

૨. તમારી નોટબુકની લંબાઈ કેટલા સે.મી. છે તે લખો.

૩. તમારા કોઈ મિત્રની લંબાઈ કેટલા વેંત થાય છે તે માપો.

૪. તમારા વર્ગની બારીને વેંતથી માપો. કેટલા વેંત છે?

૫. દરજી પાસે જે મીટર પટ્ટી હોય છે તે કેટલા સે.મી.ની હોય છે?

(૧૭) નીચેના દાખલા ગણો.

૧. કામિની પાસે ૩૨ બંગડીઓ છે. તેની બહેનપણી પાસે ૧૭ બંગડીઓ છે, તો તેની બહેનપણી કરતાં કામિની પાસે કેટલી વધુ બંગડીઓ છે?

૨. ૪૦ રૂપિયે ડઝન ભાવે રામે ૬ ડઝન કેળાં ખરીદ્યાં. રામે કેળાવાળાને ૫૦૦ રૂપિયા આપ્યા તો તેણે કેટલા રૂપિયા પરત લીધા હશે?

૩. નરેન્દ્રએ ૨ કિલો ટામેટા રૂપિયા ૧૦ના ભાવે, ૩ કિલો દૂધી રૂપિયા ૧૫ના ભાવે, ૪ કિલો વટાણા રૂપિયા ૨૦ના ભાવે, ખરીદે છે તો નરેન્દ્રએ દુકાનદારને કેટલા રૂપિયા ચૂકવ્યા અને કુલ કેટલા કિલો શાકભાજી લીધું?

૪. મારી પાસે ૫ રૂપિયાના ૧૦ સિક્કા અને ૧૦ રૂપિયાની ૨૦ નોટ છે તથા એક ૫૦ રૂપિયાની નોટ છે તો મારી પાસે કુલ કેટલા રૂપિયા થયા?

(૧૮) સંખ્યાની પેટર્ન જુઓ અને તેના આધારે ખૂટતી સંખ્યા લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨૦ | ૩૦ | ૪૦ | | | |
| ૨. | ૧૧૫ | ૧૩૦ | | | | |
| ૩. | ૧૩ | ૨૬ | | | | |
| ૪. | ૧૬ | ૩૨ | | | | |
| ૫. | ૧૨૫ | ૧૫૦ | | | | |

(૧૯) નીચેના દાખલા ગણો.

| ૧. | ૨. | ૩. | ૪. |
|---|---|---|---|
| ૫૭૮ | ૬૩૯ | ૬૩૯ | ૬૩૯ |
| + ____ | + ____ | + ____ | + ____ |
| ૭૦૧ | ૮૭૪ | ૭૬૬ | ૭૦૮ |

(૨૦) નીચેના દાખલા ગણો.

| ૧. | ૨. | ૩. | ૪. |
|---|---|---|---|
| ૪૮૭ | ૫૩૭ | ૩૬૨ | ૬૨૪ |
| – ____ | – ____ | – ____ | – ____ |
| ૬૭ | ૩૧૮ | ૧૪૪ | ૫૦૦ |

(૨૧) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) અત્યારે કયો અંગ્રેજી મહિનો ચાલે છે? ..............

(૨) તેમાં કુલ કેટલા દિવસ છે? ..............

(૩) તેમાં મંગળવાર કઈ કઈ તારીખે આવે છે? ..............

(૪) આજે કયો વાર છે? તેના ૮ દિવસ પછી કયો વાર હશે અને કઈ તારીખ હશે? ..............

(૫) તમારી જન્મતારીખના દિવસે કયો વાર છે? ..............

(૨૨) તમારી દિનચર્યા વિશે સમય સાથે જણાવો.

(૧) તમે સવારે કેટલા વાગે ઊઠો છો? ..............

(૨) દૈનિક ક્રિયા કરવામાં (તૈયાર થવામાં) કેટલો સમય લો છો? ..............

(૩) શાળામાં કેટલા વાગ્યે આવો છો? ..............

(૪) શાળામાં રિસેસ સમય કયો છે? ..............

(૫) તમે સાંજે કેટલા વાગ્યે જમવા બેસો છો? ..............

(૬) રાત્રે કેટલો સમય વાંચવા-લખવા બેસો છો? ..............

(૨૩) વર્ગખંડના તમારા પાંચ મિત્રોનું નામ વજન અને તેમની ઊંચાઈ જણાવો.

| | નામ | વજન | ઊંચાઈ |
|---|---|---|---|
| (૧) | | | |
| (૨) | | | |
| (૩) | | | |
| (૪) | | | |
| (૫) | | | |

(૨૪) ૧૨, ૧૪, ૧૬ અને ૧૮નો ઘડિયો લખો.

| | | | |
|---|---|---|---|
| | | | |

(૨૫) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

૧. એક અંકની મોટામાં મોટી સંખ્યા કઈ છે? ................

૨. બે અંકની મોટામાં મોટી સંખ્યા કઈ છે? ................

૩. ત્રણ અંકની મોટામાં મોટી સંખ્યા કઈ છે? ................

૪. બે અંકની નાનામાં નાની સંખ્યા કઈ છે? ................

૫. ત્રણ અંકની નાનામાં નાની સંખ્યા કઈ છે? ................

(૨૬) નીચેના દાખલા ગણો.

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૩૭ | ૪૬ | ૫૭ | ૬૮ | ૭૯ |
| × ૪ | × ૫ | × ૫ | × ૭ | × ૮ |

(૨૭) નીચેના પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો.

૧. એક માટલી ૯ તપેલી પાણીથી ભરાય છે જો ૮ માટલી પાણીથી ભરવી હોય તો કેટલી તપેલી પાણી જોઈએ? ..............

૨. જ્યૂસની એક બોટલમાંથી ૭ ગ્લાસ ભરાય છે તો ૪ બોટલમાંથી કેટલા ગ્લાસ ભરાશે? .........

(૨૮) નીચેના પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો.

૧. ૪ બાળકો વચ્ચે ૪૮ લખોટી સરખે ભાગે વહેંચવાની છે તો એક બાળકને કેટલી લખોટી મળશે? .....

૨. શ્યામે ૩૨૮ રૂપિયાના સમોસા લીધા. એક સમોસાની કિંમત ૮ રૂપિયા છે તો શ્યામે કેટલા સમોસા લીધા હશે? .........

૩. આદિત્યએ ૧૨ રૂપિયાના ભાવથી ૩૦૦ રૂપિયાની આઈસક્રીમ લીધી તો દુકાનવાળાએ કેટલી આઇસ્ક્રીમ આપી હશે? .........

૪. એક ચોપડીનાં ૧૯૦ પાનાં છે. મોહન દરરોજ ૫ પાનાં વાંચે છે તો કેટલા દિવસમાં આખી ચોપડી વાંચી શકશે? .........

(૨૯) સચિને એક દુકાનેથી ૪૦ રૂપિયાની ચોકલેટ, ૪૫ રૂપિયાની આઇસ્ક્રીમ અને ૭૨ રૂપિયાની જ્યુસની બોટલ લીધી. સચિને દુકાનદારને ૫૦૦ રૂપિયા આપ્યા તો કેટલા રૂપિયાનો સામાન લીધો અને દુકાનદારે કેટલા રૂપિયા પાછા આપ્યા?

(૩૦) નીચેના પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો.

૧. ૧૦ રૂપિયાની ૯ નોટ, ૫ રૂપિયાની ૭ નોટ, ૨ રૂપિયાના ૧૨ સિક્કા અને એક રૂપિયાના ૧૫ સિક્કા આમ કુલ કેટલા રૂપિયા થાય?

૨. ૨૦ રૂપિયાની ૮ નોટ, ૧૦ રૂપિયાની ૧૨ નોટ, ૫ રૂપિયાના ૬ સિક્કા અને ૨ રૂપિયાના ૩ સિક્કા આમ કુલ કેટલા રૂપિયા થાય?

(૩૧) એક દડાની કિંમત ૨૨ રૂપિયા છે. વિપુલ આવા ૭ દડા લે છે તો તે બધા દડાની કિંમત કેટલી થાય?

(૩૨) એક પેનની કિંમત ૬ રૂપિયા છે. બ્રિજેશ આવી ૪૫ પેન લે છે તો તે બધી પેનની કિંમત કેટલી થાય?

(૩૩) મનોજે ૫૨૫ રૂપિયામાં ૧૫ કિલો ચીકુ ખરીદ્યાં તો એક કિલો ચીકુનો શો ભાવ થયો?

(૩૪) તમારા વર્ગના પાંચ મિત્રોની જન્મ તારીખ લખો અને તેમની વર્ષ-માસ ઉંમર લખી ચઢતા ક્રમમાં લખો સૌથી વધુ ઉંમર અને સૌથી નાની ઉંમરવાળા મિત્રનું નામ લખો.

| | જન્મતારીખ | વર્ષ-માસ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

સૌથી વધુ ઉંમર ................, સૌથી નાની ઉંમર ..................

(૩૫) એક સફરજનની કિંમત ૯ રૂપિયા, તો ૨૫ સફરજનની કિંમત કેટલી થાય?

(૩૬) નીચેના કોષ્ટકમાં અઠવાડિયા દરમિયાન એક રમકડાંની દુકાનથી વેચાયેલાં રમકડાં આપેલાં છે તે પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

| દિવસ | રમકડાંની સંખ્યા |
|---|---|
| સોમવાર | ૧૫ |
| મંગળવાર | ૨૦ |
| બુધવાર | ૫ |
| ગુરુવાર | ૧૨ |
| શુક્રવાર | ૨૫ |
| શનિવાર | ૨૦ |
| રવિવાર | ૨૫ |

૧. એક અઠવાડિયામાં કુલ કેટલાં રમકડાં વેચાય છે? ..................

૨. સૌથી વધુ રમકડાં મંગળવારે વેચાયાં છે? (સાચું / ખોટું) ..................

૩. સૌથી ઓછા રમકડાં કયા દિવસે અને કેટલાં વેચાયાં છે? ..................

૪. રવિવાર અને શનિવારે વેચાયેલાં રમકડાંનો તફાવત કેટલો છે? ..................

૫. કયા બે દિવસે સરખી સંખ્યામાં રમકડાં વેચાયાં છે? ..................

## અધ્યયન નિષ્પત્તિ આધારિત સર્વગ્રાહી મૂલ્યાંકન

- **નીચે એક શાળાનાં બાળકોની મનપસંદ વાનગીનું કોષ્ટક આપેલું છે તેના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**કોષ્ટક**

| વાનગીનું નામ | પસંદ કરતાં બાળકોની સંખ્યા |
|---|---|
| સેન્ડવિચ | ૮૦ |
| પિઝા | ૪૦ |
| બર્ગર | ૪૦ |

(૧) કુલ બાળકો કેટલાં છે?

(A) ૧૨૦ (B) ૧૬૦ (C) ૨૦૦ (D) ૮૦

(૨) કુલ બાળકોમાંથી સેન્ડવિચ પસંદ કરતાં બાળકોનું પ્રમાણ કેટલું છે?

(A) ૧/૨ (B) ૧/૪ (C) ૩/૪ (D) એક પણ નહિ

(૩) પિઝા પસંદ કરતા બાળકોનું પ્રમાણ કુલ બાળકોના પ્રમાણમાં કેટલું છે?

(A) એક દ્વિતીયાંશ (B) એક ચતુર્થાંશ (C) ત્રણ ચતુર્થાંશ (D) એક પણ નહિ

(૪) કઈ વસ્તુ બાળકોને સરખા પ્રમાણમાં પસંદ છે?

(A) સેન્ડવિચ અને પિત્ઝા (B) સેન્ડવિચ અને બર્ગર

(C) બર્ગર અને પિત્ઝા (D) એક પણ નહિ

(૫) કુલ બાળકોમાંથી બર્ગર પસંદ કરતાં બાળકોનું પ્રમાણ કેટલું છે?

(A) ૩/૪ (B) ૧/૨ (C) ૧/૪ (D) એક પણ નહિ

| વિદ્યાર્થીની શૈક્ષણિક સ્થિતિ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રશ્નક્રમ | | | | | | | | | | નિશાનીઓની કુલ સંખ્યા | | |
| વિષયવસ્તુના મુદ્દા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | × | ? | ✓ |
| 14.1 | | | | | | | | | | | | | |

**જવાબો :**

**(૧)** **૧.** છોટી આનંદી **૨.** જંગલબુક **૩.** ૫ **૪.** ૫

**૫.** ૧૪

**(૨)** **૧.** ૪૦° સે., મે **૨.** ૧૫° સે., જાન્યુઆરી **૩.** જૂન **૪.** ૫° સે.

**૫.** ૫° સે. **૬.** ૨૫° સે.

**(૩)** **૧.** ૨૦ **૨.** ૧૨ **૩.** ૮ **૪.** ૮

**૫.** ૬૮

**(૪)** **૧.** A - **એક ચતુર્થાંશ** **૨.** A - **એક દ્વિતીયાંશ** **૩.** B - $\frac{૧}{૪}$ **૪.** ૧૦૦, ૫૦, ૫૦

**(૫)** **૧.** A - $\frac{૧}{૨}$ **૨.** B - **એક ચતુર્થાંશ**

**(૧૧)** **૧.** ૩૪૦ **૨.** ૪૬૬ **૩.** ૫૫૯ **૪.** ૬૬૫ **૫.** ૭૮૬

**(૧૨)** **૧.** ૨૩૬, ૨૬૩, ૩૨૬, ૩૬૨, ૬૩૨

**૨.** ૫૬૭, ૫૭૬, ૬૬૫, ૬૭૫, ૭૫૬

**૩.** ૨૩૫, ૨૫૨, ૨૫૩, ૩૫૨, ૫૩૨

**(૧૩)** **૧.** ૭૪૨, ૭૨૪, ૪૭૨, ૨૭૪, ૨૪૭

**૨.** ૬૩૨, ૬૨૩, ૩૨૬, ૨૬૩, ૨૩૬

**૩.** ૯૭૪, ૭૯૪, ૭૪૯, ૪૯૭, ૪૭૯

**(૧૪)** **૧.** ૧૨૪

**૨.** સરવાળો = ૫૮૪, બાદબાકી = ૧૨૪

**(૧૫)** **૧.** ૨૭૦ રૂપિયા **૨.** ૪૭૦ રૂપિયા

**(૧૬)** –

**(૧૭)** **૧.** ૧૫ બંગડીઓ **૨.** ૨૬૦ રૂપિયા **૩.** ૧૪૫ રૂપિયા, ૯ કિલોગ્રામ **૪.** ૩૦૦ રૂપિયા

**(૧૮)** **૧.** ૫૦, ૬૦, ૭૦

**૨.** ૧૪૫, ૧૬૦, ૧૭૫, ૧૯૦

**૩.** ૩૯, ૫૨, ૬૫, ૭૮

**૪.** ૪૮, ૬૪, ૮૦, ૯૬

**૫.** ૧૭૫, ૨૦૦, ૨૨૫, ૨૫૦

**(૧૯)** **૧.** ૧૨૩ **૨.** ૨૩૫ **૩.** ૧૨૭ **૪.** ૬૯

**(૨૦)** **૧.** ૪૨૦ **૨.** ૨૧૯ **૩.** ૨૧૮ **૪.** ૧૨૪

**(૨૫)** **૧.** ૯ **૨.** ૯૯ **૩.** ૯૯૯ **૪.** ૧૦ **૫.** ૧૦૦

**(૨૬)** **૧.** ૨૩૮ **૨.** ૨૩૦ **૩.** ૨૮૫ **૪.** ૪૭૬ **૫.** ૬૩૨

**(૨૭)** **૧.** ૭૨ તપેલી, **૨.** ૨૮ ગ્લાસ

**(૨૮)** **૧.** ૧૨ લખોટી, **૨.** ૪૧ સમોસા, **૩.** ૨૫ આઈસક્રીમ **૪.** ૩૮ દિવસ

**(૨૯)** **૧૫૭ રૂપિયાનો સામાન, ૩૪૩ રૂપિયા પાછા આપ્યા**

**(૩૦)** **૧.** ૧૬૪ **રૂપિયા,** **૨.** ૩૧૬ **રૂપિયા**

**(૩૧)** **૧૫૪ રૂપિયા**

**(૩૨)** **૨૭૦ રૂપિયા**

**(૩૩)** **૩૫ રૂપિયા**

**(૩૫)** **૨૨૫ રૂપિયા**

**(૩૬)** **૧.** ૧૨૨ **૨.** ખોટું **૩.** બુધવારે, ૫ રમકડાં **૪.** ૫ રમકડાં

**૫.** મંગળવાર અને શનિવાર

## સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના જવાબો

**(૧)** B - ૧૬૦ **(૨)** A - $\frac{૧}{૨}$ **(૩)** B - **એક ચતુર્થાંશ**

**(૪)** C - **બર્ગર અને પિત્ઝા** **(૫)** C - $\frac{૧}{૨}$

નોંધ :

## નોંધ :

નોંધ :

## ગુણાકાર સાથે ગમ્મત :

| | | |
|---|---|---|
| ૫ | ૬ | ૩૦ |
| ૩ | ૮ | ૨૪ |
| ૧૫ | ૪૮ | |

આ પ્રમાણે રમત રમી ☐ ભરો.

| | | |
|---|---|---|
| | | ૧૨ |
| | | ૩૦ |
| ૧૮ | ૨૦ | |

| | | |
|---|---|---|
| | | ૨૪ |
| | | ૩૬ |
| ૧૬ | ૫૪ | |

| | | |
|---|---|---|
| | | ૪૦ |
| | | ૬૪ |
| ૪૦ | ૬૪ | |

| | | |
|---|---|---|
| | | ૪૮ |
| | | ૧૮ |
| ૩૬ | ૨૪ | |